# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વાસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

21 APRIL, 2026 TUESDAY



પેજ 2  દિલ્હી ચકલા ખાતે શ્રી રણછોડજી મંદિરનો પાટોત્સવ ભવ્યતાથી ઉજવાયો

પેજ 3  મહિલા અનામત બિલના નામે ભાજપ દેશનું ધ્યાન ભટકાવે છે, તાત્કાલિક અમલ કરોઃ કોંગ્રેસ

પેજ 7  ડાંગઃ બોરખલના પાયરઘોડીમાં પાણીની વિકટ સમસ્યા

પેજ 5  વાડજમાં છરા સાથે જાહેરમાં યુવકનો આતંક, રસ્તેથી પસાર થતા લોકોને ધમકાવ્યા



I Pakkogujarat/ I VOL : 12 I Issue : 36 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com


## વ્યાજ સહિત 90 દિવસમાં પૈસા પાછા મળશે, 13.8 લાખ કરોડ પરત કરવાના છે

# અમેરિકામાં ટ્રમ્પ ટેરિફના સૌથી મોટા રિફંડની પ્રક્રિયા શરૂ

### ટેરિફનો લગભગ 90% બોજ કંપનીઓ અને ગ્રાહકોએ મળીને ઉઠાવ્યો હતો

• વોશિંગ્ટન ડીસી



અમેરિકામાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના કાર્યકાળમાં લાદવામાં આવેલી ટેરિફને ગેરકાયદેસર ઠેરવ્યા બાદ રિફંડની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. અમેરિકન કંપનીઓ સોમવારથી નવા ઓનલાઈન પોર્ટલ દ્વારા અરજી કરી શકે છે. તેને અમેરિકી ઈતિહાસનો સૌથી મોટું ટેરિફ રિફંડ માનવામાં આવી રહ્યું છે, જેમાં 166 અબજ ડોલર (લગભગ 13.8 લાખ કરોડ રૂપિયા) પરત કરવાના છે. રિફંડ પરત કરવાનો આ નિર્ણય સુપ્રીમ કોર્ટના આદેશ બાદ લાગુ થયો છે. કોર્ટે કહ્યું હતું કે ટ્રમ્પ પ્રશાસને કટોકટીની સત્તાઓનો ખોટો ઉપયોગ કરીને ટેરિફ લાદ્યા હતા. ત્યારબાદ કોર્ટ ઓફ ઈન્ટરનેશનલ ટ્રેડે આયાતકારોને તેમની જમા રકમ અને વ્યાજ પરત કરવાનો નિર્દેશ આપ્યો હતો. જ્યારે, સરકાર આ નિર્ણય વિરુદ્ધ અપીલ પણ કરી શકે છે, જેનાથી પ્રક્રિયા લાંબી ખેંચાઈ શકે છે.આ દરમિયાન, કોર્ટ ઓફ ઈન્ટરનેશનલ ટ્રેડના ન્યાયાધીશોએ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલી 10% ગ્લોબલ ટેરિફની કાયદેસરતા પર પણ સવાલ ઉઠાવ્યા છે. 24 રાજ્યો (મોટાભાગે ડેમોક્રેટ શાસિત) અને નાના વ્યવસાયોએ તેની વિરુદ્ધ અરજી દાખલ કરી છે. કોર્ટે પૂછ્યું છે કે શું માત્ર વેપાર ખાધ આટલું મોટું પગલું ભરવા માટે પૂરતો આધાર હોઈ શકે છે.

આ નિર્ણય હેઠળ લગભગ 3.3 લાખ આયાતકારોને રાહત મળશે, જેમણે ગયા વર્ષે કારના પાર્ટ્સથી લઈને સ્માર્ટફોન સુધીની વસ્તુઓ પર ભારે ટેક્સ ચૂકવ્યો હતો. અમેરિકી સુપ્રીમ કોર્ટે 20 ફેબ્રુઆરીના રોજ પોતાના નિર્ણયમાં ટ્રમ્પના ટેરિફને ગેરકાયદેસર ગણાવીને રદ કર્યા હતા. અમેરિકી સુપ્રીમ કોર્ટે 20 ફેબ્રુઆરીના રોજ પોતાના નિર્ણયમાં ટ્રમ્પના ટેરિફને ગેરકાયદેસર ગણાવીને રદ કર્યા હતા. યુએસ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન (CBP) એ ટેરિફ રિફંડ માટે કન્સોલિડેટેડ એડમિનિસ્ટ્રેશન એન્ડ પ્રોસેસિંગ ઓફ એન્ટ્રીસ (CAPE) નામનું નવું પોર્ટલ લોન્ચ કર્યું છે.

તેના દ્વારા આયાતકારો CAPE ડિક્લેરેશન દાખલ કરીને પોતાના ક્લેમ સબમિટ કરી શકશે, જેનાથી પ્રક્રિયાને ઝડપી અને સરળ બનાવવામાં આવશે. રિફંડ મેળવવા માટે, ઈમ્પોર્ટર ઓફ રેકોર્ડ અને અધિકૃત કસ્ટમ બ્રોકર્સને ACE પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવું પડશે અને બેંક ખાતાની વિગતો આપવી પડશે. CBP અનુસાર, સાચી અને સંપૂર્ણ માહિતીવાળી અરજી પર 60-90 દિવસમાં ચુકવણી કરી શકાય છે. દસ્તાવેજોમાં ખામી અથવા તપાસની જરૂરિયાત હોય તો વિલંબ શક્ય છે. CBP એ સ્પષ્ટ કર્યું છે કે પ્રથમ તબક્કામાં તમામ આયાતકારોને રિફંડ નહીં મળે. હાલમાં ફક્ત અનલિક્વિડેટેડ એન્ટ્રીઝ (જેમનું ટેક્સ આકારણી હજુ પૂર્ણ થયું નથી) અને 80 દિવસની અંદરની એન્ટ્રીઝને સામેલ કરવામાં આવી છે. બાકીના કેસોને આગળના તબક્કામાં લેવામાં આવશે.

કોર્ટમાં રજૂ કરાયેલા આંકડા અનુસાર, લગભગ 3.3 લાખ આયાતકારોએ કુલ 166 અબજ ડોલરનું ટેરિફ ચૂકવ્યું હતું. 9 એપ્રિલ સુધીમાં તેમાંથી ફક્ત 56,500 આયાતકારોએ જ ઈલેક્ટ્રોનિક પેમેન્ટ સિસ્ટમમાં રજીસ્ટ્રેશન કરાવ્યું છે, જે રિફંડ મેળવવા માટે જરૂરી છે.

ન્યૂયોર્ક ફેડરલ રિઝર્વ બેંક અનુસાર, ટેરિફનો લગભગ 90% બોજ કંપનીઓ અને ગ્રાહકોએ મળીને ઉઠાવ્યો હતો. કેટલીક કંપનીઓ જેવી કે લોજિસ્ટિક્સ અને રિટેલ સેક્ટરે ગ્રાહકોને રાહત આપવાનો સંકેત આપ્યો છે, પરંતુ સામાન્ય ગ્રાહકો સુધી તેનો કેટલો લાભ પહોંચશે, તે હજુ સ્પષ્ટ નથી. ટેરિફને લઈને વિવાદ સંપૂર્ણપણે સમાપ્ત થયો નથી. કોસ્ટકો જેવી કંપનીઓએ પહેલાથી જ ટેરિફ વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો. ટ્રેડ કોર્ટે સંકેત આપ્યો છે કે ઘણા કેસોને એકસાથે સુનાવણી માટે જોડવામાં આવશે. જ્યારે, સરકાર આ નિર્ણય વિરુદ્ધ અપીલ પણ કરી શકે છે, જેનાથી પ્રક્રિયા લાંબી ખેંચાઈ શકે છે.આ દરમિયાન, કોર્ટ ઓફ ઈન્ટરનેશનલ ટ્રેડના ન્યાયાધીશોએ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલી 10% ગ્લોબલ ટેરિફની કાયદેસરતા પર પણ સવાલ ઉઠાવ્યા છે. 24 રાજ્યો (મોટાભાગે ડેમોક્રેટ શાસિત) અને નાના વ્યવસાયોએ તેની વિરુદ્ધ અરજી દાખલ કરી છે. કોર્ટે પૂછ્યું છે કે શું માત્ર વેપાર ખાધ આટલું મોટું પગલું ભરવા માટે પૂરતો આધાર હોઈ શકે છે.

## જાપાનમાં 7.5નો પ્રચંડ ભૂકંપ:સુનામીનું એલર્ટ, 3 મીટર સુધી ઊંચા મોજાં ઊછળવાની શક્યતા

### ઇવાતે પ્રીફેક્ચરમાં સાનરિકુ કિનારાથી લગભગ 100 કિમી દૂર 10 કિમીની ઊંડાઇએ ભૂકંપ આવ્યો હતો



સોમવારે જાપાનમાં 7.5 ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો, જેના કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં સુનામીની ચેતવણી આપવામાં આવી હતી. જાપાન હવામાન એજન્સી (JMA) અનુસાર, ઈવાતે પ્રીફેક્ચર અને હોક્કાઈડો અને આઓમોરીના કેટલાક ભાગોમાં 3 મીટર ઊંચા મોજા ઉછળવાની શક્યતા છે. ઈવાતે પ્રીફેક્ચરમાં સાનરિકુ કિનારાથી લગભગ 100 કિમી દૂર 10 કિમીની ઊંડાઈએ ભૂકંપ આવ્યો હતો. ભારતીય સમય મુજબ બપોરે 1:23 વાગ્યે ભૂકંપ આવ્યો હતો. જાપાની ભૂકંપ સ્કેલ પર સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં તીવ્રતા 5 ની ઉપર નોંધાઈ હતી. અધિકારીઓએ લોકોને તાત્કાલિક ઊંચી જમીન પર જવા અને દરિયાકાંઠા અને નદીઓથી દૂર રહેવા વિનંતી કરી છે. રાહત અને કટોકટી સેવાઓ પરિસ્થિતિનું નિરીક્ષણ કરી રહી છે અને સંભવિત નુકસાનનું મૂલ્યાંકન કરી રહી છે.ભૂકંપ પછી ટોક્યો સ્ટેશન અને શિન-આઓમોરી સ્ટેશન વચ્ચે તોહોકુ શિંકનસેન બુલેટ ટ્રેન સેવા અસ્થાયી રૂપે બંધ કરવામાં આવી હતી. ઓપરેટરે જણાવ્યું હતું કે સલામતીના કારણોસર આ પગલું લેવામાં આવ્યું છે. યામાગાતા અને અકીતા શિંકનસેન સેવાઓ પણ સ્થગિત કરવામાં આવી હતી. ઈવાતે પ્રીફેક્ચરમાં બધી સ્થાનિક JR ટ્રેન સેવાઓ બંધ કરવામાં આવી હતી. હોક્કાઈડોમાં કેટલીક સ્થાનિક લાઈનો પણ બંધ કરવામાં આવી હતી.શિન-ચિટોઝ અને સેન્ડાઈ એરપોર્ટના સંચાલકોએ જણાવ્યું હતું કે તેમની સેવાઓ ભૂકંપથી પ્રભાવિત થઈ નથી.જાપાન હવામાન એજન્સી અનુસાર, ઈવાતેમાં કુજી બંદર પર 80 સેન્ટિમીટર સુનામીના મોજા ત્રાટક્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### મહારાષ્ટ્રના વર્ધા અને છત્તીસગઢના રાજનાંદગાંવમાં તાપમાન 45C:છત્તીસગઢ-ઓડિશા-ઝારખંડમાં રાત્રે લૂની એલર્ટ

દેશના ઉત્તર-પશ્ચિમ રાજ્યો અને મધ્ય ભારતમાં ભીષણ ગરમીનો દોર શરૂ થઈ ગયો છે. શનિવારે છત્તીસગઢના રાજનાંદગાંવ અને મહારાષ્ટ્રના વર્ધામાં તાપમાન 45C નોંધાયું. શનિવારે દેશના 10 સૌથી ગરમ શહેરોમાં યુપીનું બાંદા 44.6, તેલંગાણાનું આદિલાબાદ 44.3, મહારાષ્ટ્રના નાગપુર-અમરાવતી 44.2 અને મધ્ય પ્રદેશનું રતલામ 44C પણ સામેલ હતું.રાજસ્થાન, યુપી, મધ્ય પ્રદેશ, ઓડિશા, તેલંગાણા અને છત્તીસગઢના ઘણા શહેરોમાં તાપમાન 43C થી વધુ રહ્યું. એટલે કે મે મહિના પહેલા જ તાપમાનમાં જબરદસ્ત વધારો થઈ ગયો છે.હવામાન વિભાગે આજે છત્તીસગઢ, ઓડિશા અને ઝારખંડમાં આજે રાત્રે પણ લૂનું એલર્ટ જાહેર કર્યું છે. ખરેખર આ રાજ્યોમાં સતત ત્રીજા દિવસે પારો 40C થી વધુ છે.

### ચાંદી 1,214 વધીને 2.51 લાખ પર પહોંચી:સોનું 347 વધીને 1.52 લાખ પ્રતિ 10 ગ્રામ થયું, આ વર્ષે 19 હજાર વધી ચૂક્યું છે

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 20 એપ્રિલે વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું 347 રૂપિયા વધીને 1.52 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. જ્યારે, એક કિલો ચાંદી 1,214 રૂપિયા વધીને 2.51 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધીમાં 19 હજાર રૂપિયા અને ચાંદી 21 હજાર રૂપિયા મોંઘી થઈ છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10g સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.52 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. જ્યારે, ચાંદી 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.51 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ સમયગાળા દરમિયાન, 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાનો ઓલટાઈમ હાઈ પણ બનાવ્યો હતો.સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો.

### રાજસ્થાનની HPCL રિફાઇનરીમાં આગ બાદ મોદીનો કાર્યક્રમ મોકૂફ:કાલે આ રિફાઈનરીનું ઉદ્દઘાટન થવાનું હતું

રાજસ્થાનના બાડમેર નજીક બાલોત્રામાં હિન્દુસ્તાન પેટ્રોલિયમ લિમિટેડ (HPCL) રિફાઈનરીમાં સોમવારે બપોરે 2 વાગ્યે ભીષણ આગ લાગી હતી. અહેવાલો અનુસાર, રિફાઈનરીના બે ક્રૂડ ઓઈલ રિફાઈનિંગ યુનિટમાં આગ લાગી હતી. જ્યારે યુનિટમાંથી ધુમાડો નીકળવા લાગ્યો, ત્યારે કર્મચારીઓએ ફાયર સેફ્ટી સિસ્ટમ સક્રિય કરી. ફાયર બ્રિગેડના વાહનો ઘટનાસ્થળે પહોંચ્યા અને લગભગ બે થી ત્રણ કલાકમાં આગને કાબુમાં લીધી, યુનિટમાંથી આગની જ્વાળાઓ સતત વધી રહી હતી.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મંગળવારે આશરે 79,459 કરોડના ખર્ચે બનેલી આ રિફાઈનરીનું ઉદ્ઘાટન કરવાના હતા. આ ઘટનાને કારણે તેમનો કાર્યક્રમ મોકૂફ રાખવામાં આવ્યો છે. પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતે X પર લખ્યું: બાલોત્રાના પચપદરામાં રિફાઈનરીમાં લાગેલી આગ વિશે સાંભળીને મને ચિંતા થઈ.

## પર્દાફાશ

### વહીવટીતંત્ર માટે લાલબત્તી: હવે કાર્યવાહી ક્યારે?

# ઓપરેશન ગદ્દાર: આસ્થાના નામે 2.5 કરોડની ખંડણી માંગતી ત્રિપુટીનો પર્દાફાશ

### અંદરની વિગત મુજબ, સુરતની એક મહિલા પત્રકાર પણ આ ગેંગની પીઆર મેનેજર બનીને ગુનેગારોને બચાવવાનું કામ કરી રહી હોવાની ચર્ચા છે




સુરતઃ ભક્તિ અને શાંતિના પ્રતીક સમાન 'શ્રી અભય પાર્શ્વનાથ જિનાલેય'ને ઢાલ બનાવીને વસૂલીનું એક એવું સિન્ડિકેટ સક્રિય થયું છે, જેણે અંડરવર્લ્ડની પદ્ધતિઓને પણ પાછળ છોડી દીધી છે. હાર્દિક હુડિયા, જગત પારેખ અને વિક્રમ બાફના–આ ત્રણ નામો આજે જૈન સમાજ માટે ચર્ચાનો વિષય બન્યા છે.

આ માત્ર મંદિર નિર્માણનો વિવાદ નથી, પરંતુ આ એક પ્રકારનો ડિજિટલ ટેરરિઝમ છે. જ્યારે મુનિ ભગવંતોના સંયમને હનીટ્રેપ દ્વારા તોડવાના તમામ પ્રયાસો નિષ્ફળ રહ્યા, ત્યારે આ સફેદપોશ ગુનેગારોએ પોતાનું અસલી રૂપ બતાવ્યું અને સીધી 2.5 કરોડ રૂપિયાની ખંડણી માંગી હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે.

કાવતરાના ત્રણ મોહરા: કોની શું ભૂમિકા?

અમારા સ્પેશિયલ રિપોર્ટમાં આ ગેંગના નેટવર્કને ડિકોડ કરવામાં આવ્યું છે:

* હાર્દિક હુડિયા (મુંબઈ): માસ્ટરમાઈન્ડ - જેનું કામ નકલી દસ્તાવેજો બનાવવા અને કાયદાકીય કેસની ધમકી આપવાનું છે.

* જગત પારેખ (અમદાવાદ): વસૂલી એજન્ટ - જે ટ્રસ્ટીઓને ડરાવીને પૈસા માટે સેટલમેન્ટનું દબાણ લાવે છે.

* ્રમ બાફના (જોધપુર): નવો સરગના - જે સ્થાનિક સ્તરે લોકોને ગેરમાર્ગે દોરે છે અને કાવતરાને હવા આપે છે.

અંદરની વિગત મુજબ, સુરતની એક મહિલા પત્રકાર પણ આ ગેંગની પીઆર મેનેજર બનીને ગુનેગારોને બચાવવાનું કામ કરી રહી હોવાની ચર્ચા છે.

SMC ને રિમોટ કંટ્રોલથી ચલાવવાનો પ્રયાસ!

સૌથી ચોંકાવનારી વાત એ છે કે જે જિનાલયની જમીન સંપૂર્ણપણે કાયદેસર છે, તેના વિરુદ્ધ સુરત મહાનગરપાલિકા (SMC) ના અધિકારીઓનો હથિયાર તરીકે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અધિકારીઓ પર દર 15 મિનિટે ફોન કરીને દબાણ કરવામાં આવે છે અને નિર્માણને ગેરકાયદે ગણાવી કામ અટકાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. હકીકત એ છે કે જિનાલય સંઘની ખાનગી જમીન પર છે, તો પછી આ બહારના લોકો કેમ હસ્તક્ષેપ કરી રહ્યા છે?

એડિટરની ગર્જના: સત્ય દબાશે નહીં

પ્રેસની આઝાદીનો અર્થ એ નથી કે કોઈ ગુનેગાર મીડિયાને ડરાવી શકે. હુડિયા અને તેના સાથીઓ જાણી લે કે તેમની દરેક ચાલ પર નજર રાખવામાં આવી રહી છે. જેટલો દબાવવાનો પ્રયાસ થશે, તેટલી જ મજબૂતીથી સત્ય બહાર આવશે. અહીં કોઈ સોદાબાજી નહીં, માત્ર સત્ય જ પીરસવામાં આવશે.

વહીવટીતંત્ર માટે લાલબત્તી: હવે કાર્યવાહી ક્યારે?

ગુજરાતની કાયદો અને વ્યવસ્થા માટે આ એક મોટો પડકાર છે. પોલીસ દ્વારા તાત્કાલિક આ ત્રણેય શખ્સો અને મહિલા પત્રકારના કોલ ડિટેલ્સની તપાસ થવી જોઈએ, જેથી કરોડોની ખંડણીના પુરાવા મળી શકે. શું આ 2027 ની ચૂંટણી પહેલા જૈન સમાજને ભડકાવી સરકારની છબી ખરડવાનું કાવતરું છે? તેની પણ તપાસ થવી જરૂરી છે. SMC એ પણ સમજવું જોઈએ કે ગુનેગારોના દબાણમાં આવીને કોઈ પણ ધાર્મિક નિર્માણ સામે કાર્યવાહી કરવી જોખમી સાબિત થઈ શકે છે.

પાક્કો ગુજરાતનો સંકલ્પ છે કે જિનાલયની એક ઈંટને પણ આંચ આવશે તો ગુનેગારોના પાયા હચમચાવી દેવામાં આવશે. જ્યાં સુધી મુનિ ભગવંતોનું અપમાન કરનારા આ ડિજિટલ ડાકુઓ જેલના સળિયા પાછળ નહીં જાય ત્યાં સુધી આ લડાઈ ચાલુ રહેશે.

### રાજ્યમાં સતત ત્રીજા દિવસે રાજકોટ સૌથી હોટ શહેરઃ દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્રમાં માવઠાની આગાહી

• ગાંધીનગર

રાજ્યમાં માવઠાની આગાહીની વચ્ચે લોકો આકરી ગરમીનો અનુભવ કરી રહ્યા છે. દક્ષિણ પશ્ચિમ રાજસ્થાન તરફ એક સિસ્ટમ સક્રિય થતાં તેના પ્રભાવ હેઠળ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. તો બીજી તરફ રાજ્યમાં સતત ત્રીજા દિવસે રાજકોટ હોટ સિટી રહ્યું છે. રાજકોટ, અમદાવાદ, અમરેલીમાં ગરમીનો પારો 40 ડિગ્રીને પાર પહોંચતા લોકો અકળાયા હતા. તો બીજી તરફ 26મી એપ્રિલે રાજ્યના સંભવિત તાપમાનને લઈ હવામાન નિષ્ણાંત અંબાલાલ યાજ્ઞિકે કરેલી આગાહીએ રાજકારણીઓની ચિંતા વધારી દીધી છે.હવામાન વિભાગ મુજબ અમરેલી, ભાવનગર, વલસાડ, તાપી, ડાંગ, દમણ અને દાદરા નગર હવેલી જિલ્લામાં વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી 26 એપ્રિલ સુધી રાજ્યમાં તાપમાનમાં ખાસ ફેરફાર નહીં થાય અને હાલની ગરમી યથાવત રહેવાની શક્યતા છે. હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે. દાસે જણાવ્યું હતું કે દરિયા કાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. સાથે જ ઉત્તરથી ઉત્તર પશ્ચિમ દિશાના પવન ફૂંકાશે.આજે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છમાં વરસાદની આગાહી.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખોઃ 9662420070

# દિલ્હી ચકલા ખાતે શ્રી રણછોડજી મંદિરનો પાટોત્સવ ભવ્યતાથી ઉજવાયો



અમદાવાદ: શહેરના ઐતિહાસિક અને આસ્થાના કેન્દ્ર સમાન દિલ્હી ચકલા વિસ્તારમાં આવેલ શ્રી રણછોડજી મંદિર ખાતે આજે તારીખ 19 એપ્રિલ 2026ના રોજ પાટોત્સવની ભક્તિસભર વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી. આ મંગલમય પ્રસંગે મંદિર પરિસર 'જય રણછોડ'ના નાદથી ગુંજી ઉઠ્યું હતું.

મહાનુભાવોની ગરિમામય ઉપસ્થિતિ પાટોત્સવ નિમિત્તે આયોજિત વિશેષ ધાર્મિક કાર્યક્રમમાં પ. પૂ. મહામંડલેશ્વર શ્રી અખિલેશ દાસજી મહારાજ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને આશીર્વચન પાઠવ્યા હતા. તેમની સાથે શ્રી સતિધામ સેવા સમિતિના અધ્યક્ષ સહિત વિવિધ ક્ષેત્રના આમંત્રિત મહાનુભાવોએ હાજરી આપી ભગવાન રણછોડરાયના દર્શન અને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

ભજન-સત્સંગની જમાવટ ઉત્સવના ભાગરૂપે મંદિરમાં ભજન સત્સંગનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જાણીતા કલાકારો દ્વારા પ્રસ્તુત ભજનોમાં શ્રદ્ધાળુઓ લીન થયા હતા. આ ધાર્મિક લાણીનો લાભ મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ લીધો હતો.

ભક્તિમય માહોલ સવારથી જ મંદિરમાં વિશેષ પૂજા, અભિષેક અને શણગારના દર્શન કરવા માટે ભક્તોની ભીડ ઉમટી પડી હતી. સમગ્ર દિલ્હી ચકલા વિસ્તારમાં પાટોત્સવને લઈને ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. મંદિર સમિતિ દ્વારા તમામ વ્યવસ્થાઓ સુચારુ રૂપે જળવાય તે માટે ખાસ જહેમત ઉઠાવવામાં આવી હતી.

# પોલીસે વેશપલટો કરી આરોપીને ઉદયપુરથી પકડ્યો : ચૂંટણી પહેલા પોલીસે રાજસ્થાનથી દારૂના ગુનામાં ફરાર આરોપીને ઝડપ્યો

ગાંધીનગર : સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડવાની ખાસ ઝુંબેશ (સ્પેશિયલ ડ્રાઈવ) હાથ ધરવામાં આવી છે.આ ડ્રાઈવ અંતર્ગત ગાંધીનગર એલ.સી.બી.-2 ની ટીમે જેમાં ચિલોડા પોલીસ સ્ટેશનના દારૂના ગુનામાં છેલ્લા બે વર્ષથી વોન્ટેડ આરોપીને રાજસ્થાનથી પકડી પાડવામાં આવ્યો છે.ચિલોડા પોલીસ સ્ટેશનમાં વર્ષ 2024માં નોંધાયેલા પ્રોહિબિશનના એક ગુનામાં અભિષેક ઉર્ફે અભી રમેશચન્દ્ર કલાલ નામનો શખ્સ સંડોવાયેલો હતો.આ આરોપી છેલ્લા બે વર્ષથી પોલીસની પકડથી દૂર હતો અને નાસતો ફરતો હતો.

**મેનિફેસ્ટો** રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને લઇને રાજકીય માહોલ ગરમાયો છે

# AAPનો સ્થાનિક સ્વરાજ ચૂંટણી મેનિફેસ્ટો જાહેર, ગ્રામ વિકાસને મુખ્ય પ્રાથમિકતા:ઈસુદાન ગઢવી

## આંગડિયા પેઢી મામલે તેમણે ભાજપ પર નિશાન સાધતા કહ્યું કે, ભાજપ ડરી ગઈ છે

• અમદાવાદ

રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. આમ આદમી પાર્ટીએ આજે પોતાના ચૂંટણી મેનીફેસ્ટોની જાહેરાત કરીને તૈયારી કરી છે. પાર્ટીના નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું કે રાજ્યભરમાં કુલ 5266 ઉમેદવારો મેદાનમાં ઉતારવામાં આવ્યા છે.તેમણે આક્ષેપ કર્યો કે, કેટલાક સ્થળોએ ઉમેદવારી ફોર્મ રદ કરાવવા માટે ષડયંત્રો પણ કરવામાં આવ્યા છે, છતાં પાર્ટીના કાર્યકરો મજબૂતાઈથી લડી રહ્યા છે.ભાજપ ડરી ગઈ છે અને કોંગ્રેસ સાથે મળીને લડી રહી છે રસ્તા, શિક્ષણ અને આરોગ્ય સહિતના મુદ્દા સાથે મેનિફેસ્ટો જાહેર

પાર્ટીએ પોતાના મેનિફેસ્ટોમાં ગ્રામ વિકાસને મુખ્ય પ્રાથમિકતા આપી છે. જિલ્લા અને તાલુકા સ્તરે વિકાસ માટે આયોજન કરવામાં આવશે. ખરાબ હાલતમાં રહેલા રસ્તાઓને સુધારવા અને વાડી વિસ્તારોમાં એક વર્ષમાં રોડ સુધારવાની ખાતરી આપવામાં આવી છે.



શિક્ષણ ક્ષેત્રે સરકારી શાળાઓનું સંચાલન સુધારવા, શિક્ષકોની ભરતી કરવા અને નવા વર્ગખંડો બનાવવા વચન આપવામાં આવ્યું છે. આરોગ્ય સેવાઓમાં CHC અને PHC કેન્દ્રોને મજબૂત બનાવવામાં આવશે, ડોકટરોની હાજરી સુનિશ્ચિત કરવામાં આવશે અને પૂરતી દવાઓ ઉપલબ્ધ કરાશે.

કૃષિ ક્ષેત્રે આધુનિક ખેતી માટે ટ્રેનિંગ સેન્ટર શરૂ કરવા અને ખેડૂતની આવક વધારવા યોજનાઓ અમલમાં મૂકવાની જાહેરાત કરવામાં આવી છે. ભૂગર્ભ જળ સ્તર ઊંચું લાવવા પણ આયોજન કરવામાં આવ્યું છે. પશુપાલન માટે રસીકરણ અને સુવિધાઓ વધારવા પર ભાર મૂકાયો છે. ગરીબી ઘટાડવા અને જરૂરિયાતમંદોને સરકારી પેન્શન યોજનાઓનો લાભ પહોંચાડવાની પણ ખાતરી આપવામાં આવી છે.

'ભાજપ ડરી ગઈ છે અને કોંગ્રેસ સાથે મળીને લડી રહી છે' ઈસુદાન ગઢવીએ મતદારોને લોભ-લાલચમાં ન આવવા અપીલ કરી અને ભાજપ તથા કોંગ્રેસ બંને પક્ષો પર ભ્રષ્ટાચારના આક્ષેપો કર્યા. તેમણે કહ્યું કે, બંને પક્ષોએ વર્ષો સુધી શાસન કર્યું છતાં લોકો માટે પૂરતું કામ કર્યું નથી. આંગડિયા પેઢી મામલે તેમણે ભાજપ પર નિશાન સાધતા કહ્યું કે, ભાજપ ડરી ગઈ છે અને કોંગ્રેસ સાથે મળીને લડી રહી છે. સાથે જ તેમણે આક્ષેપ કર્યો કે 150થી વધુ કાર્યકર્તાઓ સામે ફરિયાદ નોંધાવી તેમને જેલમાં મોકલવામાં આવ્યા છે, જ્યારે અન્ય પક્ષોના નેતાઓ સામે કોઈ કાર્યવાહી થતી નથી. આમ આદમી પાર્ટી મજબૂતાઈથી ચૂંટણી લડી રહી છે અને ભાજપ તેને દબાવવા પ્રયાસ કરી રહી છે, એવો આરોપ પણ ઈસુદાન ગઢવીએ લગાવ્યો હતો.

એક્ટિવા પર 'હોમ ડિલિવરી' અને પોલીસ લાચાર?

# અંબાજીમાં પોલીસની 'બહાદુરી' માત્ર બોર્ડર સુધી જ? ગામમાં બુટલેગરોની હોમ ડિલિવરી સામે ખાખી મૌન!

**ખાખી મૌન!** પોલીસ માત્ર બહારથી આવતા દારૂ પર કાર્યવાહી કરીને 'ટાર્ગેટ' પૂરો કરી રહી છે?

• પાક્કો ગુજરાત (અંબાજી)

યાત્રાધામ અંબાજીમાં દારૂબંધીના નામે જાણે મજાક ચાલી રહી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. એક તરફ અંબાજી પોલીસ લાખોનો વિદેશી દારૂ પકડીને પોતાની પીઠ થપથપાવી રહી છે, તો બીજી તરફ ખુદ અંબાજીના ગલી-મહોલ્લાઓમાં બુટલેગરો પોલીસને પડકાર ફેંકીને એક્ટિવા પર 'હોમ ડિલિવરી' કરી રહ્યા છે. શું આ પોલીસની નજરચૂક છે કે પછી મિલીભગત?

બોર્ડર પર કડકાઈ, પણ ગામમાં છૂટછાટ!

અંબાજી પોલીસ દ્વારા તાજેતરમાં 5 લાખથી વધુનો વિદેશી દારૂ પકડીને કાયદેસરની કાર્યવાહી



કરવામાં આવી છે. આ કાર્યવાહી જોઈને એવું લાગે કે જાણે પોલીસ બહાદુરી બતાવી રહી છે. પરંતુ સિક્કાની બીજી બાજુ અત્યંત વરવી છે. યાત્રાધામમાં ભક્તોની ભીડ વચ્ચે સ્થાનિક બુટલેગરોએ પોતાના અડ્ડાઓ ધમધમતા રાખ્યા છે.

એક્ટિવા પર 'હોમ ડિલિવરી' અને પોલીસ લાચાર?

અંબાજીના અનેક વિસ્તારોમાં બુટલેગરો હવે બેફામ બન્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, માથાભારે બુટલેગરો પોલીસના ડર વગર એક્ટિવા જેવા વાહનો પર દારૂની હોમ ડિલિવરી કરી રહ્યા છે. જ્યારે બનાસકાંઠા એસપી દ્વારા દારૂબંધીના કડક અમલની સૂચનાઓ છે, ત્યારે અંબાજી પોલીસને ગામની અંદર ચાલતા આ અડ્ડાઓ કેમ દેખાતા નથી? તે સૌથી મોટો સવાલ છે.

ગૃહમંત્રી સુધી પહોંચી ફરિયાદ, છતાં બુટલેગરો બેફામ!

આશ્ચર્યની વાત તો એ છે કે આ બુટલેગરોના ત્રાસ અને ગેરકાયદે પ્રવૃત્તિઓ અંગે રાજ્યના ગૃહમંત્રી સુધી પણ રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં, અંબાજીમાં બુટલેગરો પોલીસને પડકાર ફેંકી રહ્યા છે. શું આ બુટલેગરોને કોઈનો આશીર્વાદ છે? કે પછી પોલીસ માત્ર બહારથી આવતા દારૂ પર કાર્યવાહી કરીને 'ટાર્ગેટ' પૂરો કરી રહી છે?

સવાલ જનતાનો... જવાબ કોણ આપશે?

1. બહારથી આવતી ગાડીઓ પકડાય છે, તો ગામમાં ફરતી 'દારૂવાળી એક્ટિવા' કેમ નથી પકડાતી?

2. શક્તિપીઠની પવિત્રતા જાળવવામાં પોલીસ કેમ ઉણી ઉતરી રહી છે?

3. શું એસપીની સૂચનાઓનો અમલ માત્ર કાગળ પર જ છે?

અંબાજીની જનતા હવે ઈચ્છી રહી છે કે પોલીસ માત્ર દેખાડાની બહાદુરી છોડીને, ખરેખર જે અડ્ડાઓ અને ડિલિવરી નેટવર્ક ચાલે છે તેના પર 'સર્જિકલ સ્ટ્રાઈક' કરે.

# નડિયાદ ભાજપમાં 'ડમી EVM' એ મચાવ્યો અસલી ખળભળાટ:વોર્ડ નં. 9 માં ઉમેદવારો વચ્ચે જાહેરમાં જંગ

• નડિયાદ | ખાસ પ્રતિનિધિ

સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો પ્રચાર હવે તેના અંતિમ અને નિર્ણાયક તબક્કામાં પહોંચ્યો છે ત્યારે નડિયાદમાં ભાજપનો આંતરિક ડખો સપાટી પર આવ્યો છે. નડિયાદ નગરપાલિકાના વોર્ડ નંબર 9 માં ભાજપના જ ઉમેદવારો વચ્ચે સંકલનના અભાવે જાહેરમાં બોલાચાલી થતા રાજકીય ગરમાવો વધી ગયો છે. શિસ્તબદ્ધ ગણાતી પાર્ટીમાં 'ડમી EVM' ના મુદ્દે ઉમેદવારો સામસામે આવી જતાં કાર્યકરોમાં પણ સોપો પડી ગયો છે.

શું હતો સમગ્ર વિવાદ? - પ્રચારની પદ્ધતિ કે પાવર ગેમ?

વિવાદનું મુખ્ય કેન્દ્ર પ્રચાર માટે ઉપયોગમાં લેવાયેલું ડમી EVM મશીન બન્યું છે. વિગતો મુજબ, વોર્ડ નંબર 9 ના ભાજપના ઉમેદવાર મયુર પટેલે મતદારોને રિઝવવા અને મતદાનની પ્રક્રિયા સમજાવવા માટે ડમી EVM બનાવડાવ્યા હતા. મયુર પટેલની ટીમ આ મશીનો લઈને વોર્ડમાં અલગ-અલગ જગ્યાએ પ્રચાર કરી રહી હતી.

પરંતુ, ગરબડ ત્યાં થઈ કે આ આખા આયોજન અંગે મયુર પટેલે પેનલના અન્ય ઉમેદવારોને જાણ જ કરી નહોતી. પ્રચારમાં




'એકલા ચલો રે' ની આ નીતિ અન્ય ઉમેદવારોને ખટકી હતી.

વચ્ચે પડ્યા કલ્પેશ રાવળ: રામદેવપીર મંદિર પાસે હંગામો

જ્યારે મયુર પટેલના માણસો ડમી EVM લઈને રામદેવપીર મંદિર વિસ્તારમાં પહોંચ્યા ત્યારે સ્થાનિક લોકો ગૂંચવણમાં મુકાયા હતા. મતદારોએ આ અંગે પેનલના બીજા ઉમેદવાર કલ્પેશ રાવળને ફોન કરીને પૂછપરછ કરી હતી. નવાઈની વાત એ હતી કે કલ્પેશ રાવળને પોતાને જ ખબર નહોતી કે તેમના વોર્ડમાં આવો કોઈ પ્રચાર ચાલી રહ્યો છે!

મામલો બિચકતા કલ્પેશ રાવળ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. ત્યાં મયુર પટેલ અને કલ્પેશ રાવળ વચ્ચે જાહેરમાં જ ઉગ્ર બોલાચાલી થઈ હતી. કલ્પેશ રાવળનો આક્ષેપ હતો કે પેનલના અન્ય ઉમેદવારોને અંધારામાં રાખીને આવો એકપક્ષીય પ્રચાર કેમ કરવામાં આવી રહ્યો છે?

કાર્યકરો અને મતદારોમાં ચર્ચા: 'ઘરના જ ઘાતકી'

ચૂંટણીના અંતિમ દિવસોમાં જ્યારે એકતા બતાવવાની જરૂર છે, ત્યારે ભાજપના ઉમેદવારોની આ લડાઈ નગરપાલિકાના ગલિયારાઓમાં ચર્ચાનો વિષય બની છે.

*શહેર ભાજપની મૂંઝવણ: આ મામલો હવે શહેર સંગઠન સુધી પહોંચ્યો છે.* વિપક્ષને મળ્યું ભાથું: ભાજપના આંતરિક વિખવાદનો ફાયદો ઉઠાવવા વિપક્ષ પણ સક્રિય થઈ ગયો છે.

# રાજ્યમાં હિટવેવનો ખતરો : જિલ્લા-તાલુકાની હોસ્પિટલમાં 'હીટ વોર્ડ' શરૂ કરાયા, આરોગ્ય વિભાગ એલર્ટ મોડમાં

## ગરમીથી ડિહાઇડ્રેશનના કેસોમાં વધારો થવાની શક્યતા વચ્ચે હોસ્પિટલમાં ORS કોર્નર પણ ઉભા કરવામાં આવ્યા છે

ગાંધીનગર : ગુજરાતમાં વધતી ગરમીને ધ્યાનમાં રાખીને હિટવેવની આગાહી વચ્ચે રાજ્યનું આરોગ્ય વિભાગ સંપૂર્ણ એલર્ટ મોડમાં આવી ગયું છે. ગરમીના વધતા પ્રકોપને પહોંચી વળવા માટે આરોગ્ય વિભાગ દ્વારા 'વોર રૂમ' જેવી તૈયારી કરવામાં આવી છે. રાજ્યભરની સરકારી હોસ્પિટલમાં ખાસ 'હીટ વોર્ડ' કાર્યરત કરવામાં આવ્યા છે, જ્યાં હીટ સ્ટ્રોકના દર્દીઓ માટે વિશેષ સારવારની સુવિધા ઉભી કરવામાં આવી છે. જિલ્લા-તાલુકાની હોસ્પિટલમાં ખાસ વોર્ડ બનાવી બેડની વ્યવસ્થા કરાઈ હીટ સ્ટ્રોકના ગંભીર કેસોને પહોંચી વળવા માટે દરેક CHC (કોમ્યુનિટી હેલ્થ સેન્ટર)માં 2 બેડ અને જિલ્લા હોસ્પિટલમાં 5 બેડ અનામત રાખવામાં આવ્યા છે. આ બેડોમાં પૂરતી કુલિંગ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે જેથી દર્દીઓને તાત્કાલિક રાહત મળી રહે. સાથે સાથે હોસ્પિટલમાં જરૂરી દવાઓનો જથ્થો સંગ્રહિત કરવામાં આવ્યો છે. હોસ્પિટલમાં ORS કોર્નર ઉભા કરવામાં આવ્યા

ગરમીથી ડિહાઈડ્રેશનના કેસોમાં વધારો થવાની શક્યતા વચ્ચે હોસ્પિટલમાં ORS કોર્નર પણ ઉભા કરવામાં આવ્યા છે, જ્યાં લોકોને મફત ORS આપવામાં આવશે. SNCU અને ICU જેવા સંવેદનશીલ વિભાગોમાં ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે જેથી નવજાત શિશુઓ અને ગંભીર દર્દીઓ પર ગરમીની અસર ઓછા થાય. આ સાથે જ હોસ્પિટલમાં શોર્ટ સર્કિટ જેવી દુર્ઘટનાઓ ટાળવા માટે ઈલેક્ટ્રિકલ સિસ્ટમની ચકાસણી કરવામાં આવી રહી છે અને ફાયર સેફટી અંગે કડક સૂચનાઓ આપવામાં આવી છે. આરોગ્ય વિભાગે લોકોને પણ ગરમી દરમિયાન સાવચેત રહેવા, પૂરતું પાણી પીવા અને જરૂરી હોય ત્યારે જ બહાર નીકળવાની સલાહ આપી છે.

# નિકોલમાં BMW રિક્ષાને ટક્કર મારી બસ સ્ટેન્ડમાં ઘૂસી, ગાડી-સ્ટેન્ડનો કચ્ચરઘાણ



અમદાવાદ : અમદાવાદના નિકોલમાં ભક્તિ સર્કલ પાસેથીના AMTS બસ સ્ટેશન પાસે BMWની EV કાર પૂર ઝડપે આવી રહી હતી. આ કારે રિક્ષા ચાલકને પુર ઝડપે ટક્કર મારી હતી. કારની ટક્કર એટલી જોરદાર હતી કે રિક્ષા પલટી ખાઈને દૂર પડી હતી. જ્યારે કાર બસ સ્ટેશનમાં ઘૂસી જતા આખું બસ સ્ટેશન તૂટી ગયું છે. ઘટના સ્થળેથી અકસ્માત કરનાર બાઈક ચાલકને એક બુલેટ પર આવેલો યુવક લઈને નાસી ગયો હતો. જ્યારે રિક્ષા ચાલકને માથાના અને શરીરના ભાગે ગંભીર ઈજા થતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. બનાવની જાણ થતા આઈ ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્થળ પર પહોચી હતી. અકસ્માત કરનાર કાર મહારાષ્ટ્રની હોવાનું સામે આવ્યું છે. BMW કારની માલિકી કંપનીની જ છે, આ ગાડી ડેમો માટે આપવામાં આવી હતી.

અંગદાન થકી 6 વ્યક્તિઓને આપ્યું નવજીવન!

# અમદાવાદનો 17 વર્ષીય 'ક્રિશ' અમર થઈ ગયો: અકસ્માતમાં કરુણ મોત

• અમદાવાદ | ખાસ પ્રતિનિધિ

કહેવાય છે કે 'સેવા પરમો ધર્મ', પણ અમદાવાદના એક પરિવારે આ ઉક્તિને ચરિતાર્થ કરી બતાવી છે. પોતાના 17 વર્ષના લાડકવાયા દીકરાના અકાળે અવસાનના આઘાત વચ્ચે પણ અકબરી પરિવારે જે મક્કમતા અને માનવતા દાખવી છે, તેને આખું ગુજરાત સલામ કરી રહ્યું છે. માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા વિદ્યાર્થી ક્રિશ અકબરીને ડોક્ટરોએ બ્રેઈન ડેડ જાહેર કર્યા બાદ, તેના પરિવારે અંગદાનનો ઐતિહાસિક નિર્ણય લઈને છ વ્યક્તિઓને મોતના મુખમાંથી બહાર કાઢ્યા છે.

ખાનગી ક્ષેત્રમાં પ્રથમવાર 'હાથ'નું દાન: ઐતિહાસિક ઘટના

આ અંગદાન માત્ર એક સેવા નથી, પણ તબીબી ક્ષેત્રે એક મોટી સિદ્ધિ પણ છે. ગુજરાતમાં ખાનગી હોસ્પિટલના ઈતિહાસમાં પ્રથમવાર હાથનું દાન (Hand Transplant)



કરવામાં આવ્યું છે. ક્રિશના બ્રેઈન ડેડ જાહેર થયા બાદ પરિવારે તેના શરીરના વિવિધ અંગોના દાન માટે સંમતિ આપી હતી, જેના કારણે આજે અનેક પરિવારોના ઘરે ફરીથી ખુશીઓનો દીપ પ્રગટ્યો છે.

માનવતા મહેકાવી: કયા અંગોનું થયું દાન?

ક્રિશ અકબરીના પરિવારે દુઃખના પહાડ તૂટી પડવા છતાં સમાજ માટે એક ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે. ક્રિશના નીચે મુજબના અંગોનું સફળતાપૂર્વક દાન કરવામાં આવ્યું:

* હૃદય (Heart): એક જરૂરિયાતમંદ દર્દીને નવું જીવન આપ્યું.

* ફેફસાં (Lungs): શ્વાસ માટે ઝઝૂમતા વ્યક્તિને નવી જિંદગી મળી.

* કિડની (Kidneys): બે દર્દીઓને કિડની ટ્રાન્સપ્લાન્ટ દ્વારા નવજીવન મળ્યું.

* હાથ (Hands): જે વ્યક્તિએ હાથ ગુમાવ્યા હતા, તેને ક્રિશના હાથ થકી નવી શક્તિ મળી.

પોતાનો લાડકવાયો ગુમાવ્યો, પણ 6 પરિવારોમાં ખુશીઓ વહેંચી

17 વર્ષની ઉંમર એટલે કે સપનાઓ જોવાની અને કારકિર્દી બનાવવાની ઉંમર. ક્રિશના નિધનથી અકબરી પરિવાર પર આભ તૂટી પડ્યું છે, પરંતુ તેમના એક નિર્ણયે છ વ્યક્તિઓને મોતના મુખમાંથી ઉગારી લીધા છે. આજે ક્રિશ ભલે શારીરિક રીતે આપણી વચ્ચે નથી, પણ તેનું હૃદય કોઈકનામાં ધબકી રહ્યું છે, તેની આંખો કોઈકનામાં દુનિયા જોઈ રહી છે અને તેના હાથ કોઈકના જીવનને સધિયારો આપી રહ્યા છે.

# મહિલા અનામત બિલના નામે ભાજપ દેશનું ધ્યાન ભટકાવે છે, તાત્કાલિક અમલ કરો: કોંગ્રેસ

વડોદરામાં મુકુલ વાસનિક અને અમિત ચાવડાની ગર્જના: 'SC, ST અને OBC મહિલાઓને પણ અનામત આપો'




• વડોદરા

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના ધમધમાટ વચ્ચે વડોદરા ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા એક મહત્વની પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. જેમાં કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી મુકુલ વાસનિક અને પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, મોંઘવારી અને બેરોજગારી જેવા મૂળભૂત પ્રશ્નો પરથી જનતાનું ધ્યાન ભટકાવવા માટે સરકાર મહિલા અનામત બિલનો રાજકીય હથિયાર તરીકે ઉપયોગ કરી રહી છે.

તાત્કાલિક અમલની માંગ

સાંસદ અને ગુજરાત કોંગ્રેસ પ્રભારી શ્રી મુકુલ વાસનિકજીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, '2023માં પાર્લામેન્ટમાં પસાર થયેલા મહિલા અનામત બિલને સીમાંકન કે અન્ય કોઈ બહાના હેઠળ રોકવાને બદલે તેનો તાત્કાલિક અમલ થવો જોઈએ. આ બિલમાં માત્ર અનામત જ નહીં, પરંતુ SC, ST અને OBC વર્ગની મહિલાઓને પણ યોગ્ય પ્રતિનિધિત્વ મળે તેવી જોગવાઈ કરવી અનિવાર્ય છે.' તેમણે વધુમાં ઉમેર્યું કે કોંગ્રેસ હંમેશા મહિલા સશક્તિકરણની પક્ષધર રહી છે.

ઐતિહાસિક સંદર્ભ અને ભાજપ પર પ્રહાર

પ્રદેશ પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાએ ભાજપ પર નિશાન સાધતા કહ્યું કે: 'આજે જનતા મોંઘવારી અને આર્થિક મુશ્કેલીઓથી ત્રસ્ત છે, રૂપિયો ગગડી રહ્યો છે, ત્યારે સરકાર મહિલાઓના નામે રાજકીય લાભ લેવા માંગે છે. મહિલા સશક્તિકરણની ખરી શરૂઆત કોંગ્રેસે કરી હતી. 1925માં સરોજિની નાયડુને અધ્યક્ષ બનાવવાથી લઈ, ઈન્દિરા ગાંધી અને પ્રતિભા પાટીલ જેવા મજબૂત નેતૃત્વ દેશને કોંગ્રેસે આપ્યા છે.'

ચાવડાએ રાજીવ ગાંધીના વિઝનને યાદ કરતા જણાવ્યું હતું કે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં 33% અનામત આપીને લાખો મહિલાઓને સત્તામાં ભાગીદારી કોંગ્રેસે અપાવી છે.

મોરારિબાપુ

'માનસ શિવ સંકલ્પ' દ્વિતીય તૃતીય દિવસનું વચનામૃત

# શિવ સંકલ્પ પુણ્યલિપ્ત અને જીવ સંકલ્પ પાપલિપ્ત: મોરારિબાપુ

## દ્વિતીય દિવસના સંવાદમાં બાપુ જણાવે છે કે શિવનો અર્થ થાય છે કલ્યાણ

• તખુભાઈ સાંડસુર..(વેળાવદર)

પાલીતાણામાં પૂ. મોરારિબાપુના વ્યાસાસને ગવાઈ રહેલી 'માનસ શિવ સંકલ્પ 'રામકથામાં શ્રદ્ધાળુઓની ભીડ જોવા શિવ સંકલ્પ મિંમાસાથી તૃપ્ત થઈ.બાપુએ બીજાને ત્રીજા દિવસના એટલે કે રવિવાર અને સોમવારે ચિંતનમાં શબ્દની અર્થભંગીનીઓથી સુંદર રીતે પ્રસ્તુતિ કરી સૌની અમી છાંટણાથી ભીંજવ્યા.

દ્વિતીય દિવસના સંવાદમાં બાપુ જણાવે છે કે શિવનો અર્થ થાય છે કલ્યાણ. એટલે કે સમગ્ર જગત, અસ્તિત્વનું કલ્યાણ.બીજું તેનો ભગવાને કરેલો એક સંકલ્પ માનસની રચના કરવાનો છે.આકાશનો ગુણ શબ્દ છે પૃથ્વીનો ગુણ ગંધ છે. વેદ ભેદ ન કરી શકે, પુરુષના શરીરમાંથી વિશેષ ગંધ આવે છે. ગજરાજ પણ મદ જ્યારે જરે ત્યારે ગંધ ફેલાવે છે. એક વિશેષ પ્રકારની સુગંધનો અનુભવ તે કરાવતા હોય છે. પણ માતૃ શરીરમાં પણ સુગંધ છે. આપણા સ્વભાવની સુગંધ સૌએ ફેલાવવી જોઈએ. વેદોને આપણે અપૌરુષ્ય ગણ્યા છે.તેથી તે પણ સુગંધી છે. આપણે ગુરુકુળમાં પ્રવેશ આપતી વખતે પણ વિદ્યાર્થીઓની



ગંધને પારખવી જોઈએ.ગંધ એ દસ પ્રકારની છે.ગંધ અને ગંધર્વમાં એક સૂત્રતા છે. ગંધર્વ ભગવાન શિવની સુગંધ ફેલાવે છે. સંકલ્પ કરો એટલે શબ્દ આવે છે, શિવ સંકલ્પને અસ્તિત્વ બિરદાવે છે. સંકલ્પ નવ પ્રકારના છે પહેલો સંકલ્પ માનસની રચના કરવાનો શિવ સંકલ્પ.માનસની ચોપાઈ છે તે રૂપમાંથી સ્પર્શ સુધી લઈ ગઈ છે. રામ સત્યનો પ્રભાવ છે, પ્રેમ રામનો સ્વભાવ છે અને કરુણા રામનો પ્રવાહ છે. બુદ્ધિ મલીન થાય તો તેની શુદ્ધિ જ શુધ્ધ કરે છે. સીતા અને રામ એક જ તત્વ છે. એક સ્ત્રી રૂપે છે અને બીજું પુરુષના રૂપમાં છે. રામનામ મહિમા અપાર છે. ભેદની ભીંત્યુને તોડવી જોઈએ. ગીતા કહે છે' સં સર્વેષુ ભૂતેશુ .અહીં બધા સરખા જ છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ રામનામ છે. રામ નામ મુક્ત કરે છે. રામ નામ વેદનો પ્રાણ છે.રામ બોલવાથી તે સિદ્ધ થવાય પણ મરા મરા કરવાથી શુદ્ધ થવાય, વાલ્મિકી તેનું ઉદાહરણ છે.

તૃતીય દિવસ વચનામૃતમાં બાપુ જણાવે છે કે પાલીતાણા એ વૈચારિક ત્રિવેણી ભૂમિ છે. અહીં ત્રણ મહાપુરુષો હરિ રામ બાપુ ગોદડીયા જેમની ધારા માર્ગી સંપ્રદાય હતી. એવા જ બીજા મહાપુરુષ પૂ.બજરંગદાસ બાપા રામાનંદી સંપ્રદાય અને એવા જ પૂજ્ય રણછોડ ગીરીબાપુ જે દશનામ અખાડામાંથી હતાં.એટલે કે બજરંગદાસ બાપુ સત્ય, રણછોડદાસ બાપુ શિવમ અને હરિરામબાપુ ગોદડિયા એ સુંદરમ. આ ત્રિવેણી મિલનની આ ભૂમિ છે. જીવ અને શિવના સંકલ્પમાં મુખ્ય

તફાવત એ છે કે જીવ સ્વાર્થી હોય છે અને શિવ પરમાર્થી હોય છે. નવ તીર્થો શાસ્ત્ર એ વર્ણવ્યા છે એમાં ખાનદાનનું તીર્થ અને લજ્જાતીર્થ સ્ત્રીઓનું ભૂષણ છે. આપણાથી કેટલાક અપરાધો ન થવા જોઈએ. જેમાં દેહ અપરાધ, દેવ અપરાધ, દિલ અપરાધ અને અંતિમ દીન હીન લોકોનો અપરાધ. તુલસીજી પણ કહે છે કે તુલસી હાય ગરીબ કી કબહુ ન ખાલી જાય. એટલે કે કોઈ એવા લોકોનું દિલ દુભાયું અને અપરાધ થઈ ગયો તો તેમાંથી આપણે મુક્ત થઈ શકતા નથી. સુનિતા વિલિયમ્સના અવકાશ ગમનની એક વાત આપણી સામે આવે છે કે આટલા દિવસો સુધી જ્યારે તે અવકાશમાં રહે છે અને આખરે જ્યારે તે પૃથ્વીલોકમાં પાછી ફરે છે ત્યારે તે કહે છે કે આ સમયગાળા દરમિયાન મે રામાયણ અને ગીતાને ડાઉનલોડ કરીને ત્યાં એનો અભ્યાસ કર્યો છે કદાચ એટલે જ હું સદેહે પાછી ફરી છું,આ શ્રધ્ધા છે.શિવનો સમતાવાદ છે કલંકિત લોકોને પણ તે પોતાના કપાળમાં રાખે છે. એવો અઘરો સમતાવાદ શિવ ધરાવે છે. જીવ સંકલ્પ પાપ લિપ્ત હોય અને શિવ સંકલ્પ પુણ્ય લિપ્ત હોય છે.શિવ સંકલ્પ હાર્દિક હોય અને જીવ સંકલ્પ એ બૌદ્ધિક હોય છે. બાપુએ ત્રણ સંકલ્પોને શિવ સંકલ્પ ગણાવ્યા. જેમાં યોગ્ય માનસની રચના કરવી અને આ કથાનું ગાન કરવું અને ત્રીજો તે કથાને સાંભળવી.

ટેક્સ રાહત: બેફામ કરવેરાના બોજમાંથી નાગરિકોને મુક્તિ અપાશે

# ભાજપના શાસનમાં 'ભયમુક્ત ભ્રષ્ટાચાર': નવા બ્રીજ તૂટે છે અને જનતા ટેક્સના બોજ હેઠળ દબાય છે: શક્તિસિંહ ગોહિલ

ભયમુક્ત ભ્રષ્ટાચાર

મતદારોને કોંગ્રેસને બહુમતી આપવા અપીલ કરતા ગોહિલે પક્ષના સંકલ્પો જાહેર કર્યા હતા

અમદાવાદ: અમદાવાદ મહાનગરપાલિકાની આગામી ચૂંટણીનો પ્રચાર ચરમસીમાએ પહોંચ્યો છે, ત્યારે રાજ્યસભા સાંસદ અને કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલે આજે શહેરના વિવિધ વોર્ડમાં ઝંઝાવતી પ્રચાર કર્યો હતો. કોંગ્રેસ ઉમેદવારોના સમર્થનમાં યોજાયેલી જાહેર સભાઓ અને રેલીઓમાં ગોહિલે શાસક પક્ષ ભાજપ પર આકરા પ્રહારો કરતા તેને 'ભ્રષ્ટાચારી શાસન' ગણાવ્યું હતું.

'ટકાવારી'ના ચક્કરમાં જનતાની સુરક્ષા જોખમમાં

જાહેરસભાને સંબોધતા શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, "ભાજપના રાજમાં ભ્રષ્ટાચાર હવે ભયમુક્ત બની ગયો છે. નેતાઓ



અને તંત્રની ટકાવારી નક્કી થયા પછી જ કોન્ટ્રાક્ટરને વર્ક ઓર્ડર મળે છે. આ જ કારણ છે કે લોકાર્પણ થાય તે પહેલા જ બ્રીજ તૂટી પડે છે." તેમણે વધુમાં ઉમેર્યું કે ભાજપના કુશાસનમાં નવા બ્રીજ ભ્રષ્ટાચારની ભેટ ચડે છે અને ત્યારબાદ તેને તોડવા માટે મૂળ ખર્ચ કરતાં પણ વધુ રકમના કોન્ટ્રાક્ટ આપી જનતાના પૈસાનો વેડફાટ કરવામાં આવે છે.

કોંગ્રેસના સત્તાના સૂત્રો: ભ્રષ્ટાચાર મુક્ત અને જનહિતલક્ષી શાસન

મતદારોને કોંગ્રેસને બહુમતી આપવા અપીલ કરતા ગોહિલે પક્ષના સંકલ્પો જાહેર કર્યા હતા:

* શિક્ષણ: સસ્તું અને ઉત્તમ શિક્ષણ પૂરું પાડવામાં આવશે.
* સુવિધાઓ: સુંદર રસ્તાઓ, નળ અને ગટરની જટિલ સમસ્યાઓનું કાયમી નિરાકરણ.
* ટ્રાફિક: શહેરને ટ્રાફિક જામની સમસ્યામાંથી મુક્ત કરવા વૈજ્ઞાનિક આયોજન.
* ટેક્સ રાહત: બેફામ કરવેરાના બોજમાંથી નાગરિકોને મુક્તિ અપાશે.
* આવાસ: કોઈપણ વ્યક્તિનું ઘર આડેધડ તોડવામાં નહીં આવે અને અસરકારક પુનઃવસવાટ યોજના અમલી બનશે. મહિલા અનામત મુદ્દે સરકારને ઘેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૫૦% મહિલા અનામતનો શ્રેય સ્વ. રાજીવ ગાંધીને આપતા ગોહિલે જણાવ્યું કે, ભાજપ સરકારે ૨૦૨૩માં સર્વસંમતિથી મહિલા અનામત કાયદો પસાર કર્યો હોવા છતાં તેનો અમલ કરવામાં વિલંબ કરી રહી છે. તેમણે માગ કરી કે, "જો કાયદાના અમલમાં કોઈ ટેકનિકલ સુધારાની જરૂર હોય તો સરકાર તુરંત સંસદનું સત્ર બોલાવે, વિરોધ પક્ષો સંપૂર્ણ સાથ આપશે. પરંતુ બહેનોને અન્યાય કરવાનું બંધ કરી તાત્કાલિક અનામત લાગુ કરવામાં આવે."

# વડોદરામાં સાયબર ઠગાઈનું 'બેન્કિંગ સેન્ટર' ઝડપાયું: ૨૧૦ કરોડની હેરાફેરી કરનાર ૬ શખ્સોની ધરપકડ

કેવી રીતે ચાલતો હતો ૨૧૦ કરોડનો ખેલ?, સ્ટેટ સાયબર ક્રાઈમનો મોટો સપાટો

• વડોદરા | ખાસ પ્રતિનિધિ

ડિજિટલ યુગમાં સાયબર ઠગાઈનું નેટવર્ક કેટલી હદે ફેલાયેલું છે તેનો ચોંકાવનારો પર્દાફાશ વડોદરામાં થયો છે. સ્ટેટ સાયબર ક્રાઈમે વડોદરામાંથી એક એવી ટોળકીને દબોચી લીધી છે જે માત્ર સાયબર ફ્રોડ જ નહોતી કરતી, પણ દેશભરના ઠગબાજોને બેન્કિંગ સર્વિસ પૂરી પાડી ૨૧૦ કરોડ રૂપિયાની હેરાફેરી કરી ચૂકી છે. પોલીસે આંતરરાજ્ય કનેક્શન ધરાવતી આ ટોળકીના ૬ સાગરીતોની ધરપકડ કરી કરોડોના કાળા કારોબારનો કાચો ચિઠ્ઠો ખોલ્યો છે.

કેવી રીતે ચાલતો હતો ૨૧૦ કરોડનો ખેલ?

તપાસમાં બહાર આવ્યું છે કે આ ટોળકી સાયબર ક્રાઈમના ગુનાના પૈસા સગેવગે કરવા માટે ભાડેથી બેંક એકાઉન્ટ પૂરા પાડતી હતી.

* બેંકિંગ સર્વિસનો ભાંડો: સાયબર ગઠિયાઓ જ્યારે કોઈ નિર્દોષ નાગરિકને ઠગતા, ત્યારે તે પૈસા સીધા આ ટોળકી દ્વારા પૂરા પાડવામાં



આવેલા એકાઉન્ટમાં આવતા હતા.

* પૈસાની હેરાફેરી: એકાઉન્ટમાં પૈસા આવ્યા બાદ આ ટોળકી તેને અલગ-અલગ ખાતાઓમાં ફેરવી નાખતી હતી જેથી પોલીસને મૂળ ઠગ સુધી પહોંચવામાં મુશ્કેલી પડે.

મોટા પાયે મુદ્દામાલ જપ્ત: ઠગાઈનું હથિયાર કબ્જે

સ્ટેટ સાયબર ક્રાઈમે દરોડા દરમિયાન આરોપીઓ પાસેથી ડિજિટલ હથિયારોનો મોટો જથ્થો જપ્ત કર્યો છે:* ૧૧ સ્માર્ટ ફોન અને ૧ લેપટોપ (જેનો ઉપયોગ ટ્રાન્ઝેક્શન માટે થતો હતો).* ૩૯ ડેબિટ કાર્ડ અને ૧૨ ચેકબુક.

* ૫ પાસબુક અને ૧૦ જુદી-જુદી બેંકોના ક્યૂઆર (QR) કોડ.સાયબર પોલીસની મોટી સફળતા: કૌભાંડના મૂળ સુધી પહોંચવા તપાસ તેજ

પકડાયેલા ૬ શખ્સોની પૂછપરછમાં અન્ય રાજ્યોના મોટા સાયબર માફિયાઓના નામ ખૂલે તેવી પૂરેપૂરી શક્યતા છે. ૨૧૦ કરોડ જેવી માતબર રકમ ક્યાં ગઈ અને આ નેટવર્ક સાથે બેંકના કોઈ કર્મચારીઓ સંડોવાયેલા છે કે કેમ તે દિશામાં પણ પોલીસે તપાસનો ધમધમાટ તેજ કર્યો છે.

# ભારતીય જનતા પાર્ટીએ 35 વર્ષથી ચાની ટપરી ચલાવતી મહિલાને ટિકિટ આપી

## રાજપીપલા નગરપાલિકા વોર્ડ 7 ની ભાજપાની મહિલા ગીતાબેન નગરના પ્રશ્નો ઉકેલવા કટીબધ્ધ છે.

• રાજપીપલા, તા 20

નર્મદા જિલ્લાના રાજપીપળામાં નગરપાલિકાની આગામી ચૂંટણીને લઈને રાજકીય માહોલ ચરમસીમાએ પહોંચ્યો છે. આ વખતે ચૂંટણી પ્રચારમાં મોટા નેતાઓ કે કરોડોની સંપત્તિ ધરાવતા ઉમેદવારો કરતા પણ વધુ ચર્ચા એવા લોકોની થઈ રહી છે જેઓ પાયાના સ્તરે સામાન્ય જનતા સાથે જોડાયેલા છે. રાજપીપળા નગરપાલિકાના વોર્ડ નંબર-7માંથી 35 વર્ષથી ચાની લારી ચલવતાં ગીતાબેન પાટણવાડીયાને ભાજપે ટિકિટ આપી છે.આ મહિલા ઉમેદવાર વ્યવસાયે ચાની ટપરી ચલાવે છે.ગીતાબેન છેલ્લા 35 વર્ષથી રાજપીપળાના કોલેજ રોડ પર ચાની નાની લારી ચલાવીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે.તેમનું જણાવવું છે કે એક સમયે ચા વેચતા મોદી સાહેબ જો દેશના વડાપ્રધાન બનીને દેશની સેવા કરી શકતા હોય તો હું ચાની ટપરી ચલાવી સ્વમાન ભેર જીવતી એક સામાન્ય



મહિલા કોર્પોરેટર કેમ ના બની શકુ? જો હું ચૂંટણી જીતીશ તો મારાં વોર્ડના પ્રશ્નો હલ કરવાની અને રાજપીપલા નગરને રસ્તા, વીજળી પાણી જેવા પ્રશ્ન હલ કરી હું નગરની સેવા કરીશ.આ પ્રસંગે ગુજરાત પ્રદેશ યુવા ભાજપાના મન્ત્રી બિનલબેન રાઠવા એ ઉમેદવારની સાથે ચાય પે ચર્ચા કરી ભાજપા સરકારની વિવિધ યોજનાઓ અને મળતા તેના લાભો વિશે પણ ચર્ચા કરી હતી.

તસવીર : દીપક જગતાપ, રાજપીપળા

# ધી બનાસકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષકોની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી.૬૬ મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ




ધી બનાસકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષકોની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. પાલનપુર ની ૬૬ મી વાર્ષિક સાધારણ સભા ડીસા ખાતે ચેરમેન સંજયભાઈ દવેના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી. સાધારણ સભામાં એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવી મંડળીના મંત્રી દ્વારા એજન્ડા વાંચન કરવામાં આવેલ સાધારણ સભામાં વાર્ષિક સરવૈયા/હિસાબો મંજૂર કરવામાં આવ્યા. સાધારણ સભામાં મંડળીના ચેરમેન સંજયભાઈ દવે દ્વારા વિગતવાર સભાસદોએ કરેલા પ્રશ્નોના જવાબો આપવામાં આવ્યા. મંડળી દ્વારા ચાલુ વર્ષે નફામાં વધારો થયો જેની જાણકારી આપવામાં આવી. જિલ્લાના સભાસદોએ પારદર્શી વહીવટમાં વિશ્વાસ સાથે સંતોષ વ્યક્ત કર્યો હતો. જિલ્લાના અલગ-અલગ તાલુકાના મોટી સંખ્યામાં સભાસદો હાજર રહ્યા અને મંડળીના હોદેદારોઓએ આભાર વ્યક્ત કર્યો.

હત્યા પાછળ કોઈ મોટું કાવતરું કે જૂની અદાવત છે

# ધંધુકા હત્યાકાંડ: ધર્મેશ ગમારાના હત્યારાઓની હવે ખેર નથી! તંત્ર એક્શનમાં, ગેરકાયદે બાંધકામો પર ચાલશે 'બૂલડોઝર'

અમદાવાદ જિલ્લાના ધંધુકામાં બનેલી ધર્મેશ ગમારાની કરુણ હત્યાની ઘટનાએ સમગ્ર રાજ્યમાં અરેરાટી મચાવી દીધી છે. છરીના ઘા ઝીંકીને કરવામાં આવેલી આ નૃશંસ હત્યા બાદ ફાટી નીકળેલા જનઆક્રોશને જોતા હવે પોલીસ અને વહીવટી તંત્ર 'ફુલ એક્શન મોડ'માં આવી ગયું છે. શાંતિ ડહોળનારા તત્વોને પાઠ ભણાવવા માટે હવે કડક કાયદાકીય કાર્યવાહીની સાથે સાથે 'બૂલડોઝર' એક્શનની પણ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. હાલ સ્થિતિ કાબૂમાં છે અને પરિસ્થિતિ ધીમે ધીમે સામાન્ય બની રહી છે. પોલીસ ઉચ્ચ અધિકારીઓ સતત પેટ્રોલિંગ કરી રહ્યા છે અને અફવાઓથી દૂર રહેવા લોકોને વિનંતી કરી છે.

SIT ની રચના: ગુનેગારોને પાતાળમાંથી પણ શોધી કઢાશે

ઘટનાની ગંભીરતાને જોતા રાજ્ય સરકાર દ્વારા તાત્કાલિક SIT (Special Investigation Team) ની રચના કરવામાં આવી છે.

* ઝડપી કાર્યવાહી: પોલીસે ગણતરીના કલાકોમાં જ મુખ્ય આરોપીઓની ઓળખ કરી તેમને દબોચી લીધા છે.
* ઊંડી તપાસ: હત્યા પાછળ કોઈ મોટું કાવતરું કે જૂની અદાવત છે કે કેમ તે અંગે SIT દ્વારા ઝીણવટભરી તપાસ ચાલી રહી છે.

હત્યારાઓના ગેરકાયદે સામ્રાજ્ય પર ત્રાટકશે તંત્ર

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આરોપીઓ સામે માત્ર જેલના સળિયા જ પૂરતા નથી. તંત્ર હવે આરોપીઓના ગેરકાયદે બાંધકામો અને મિલકતોની વિગતો એકત્ર કરી રહ્યું છે. ટૂંક સમયમાં જ આ બાંધકામો પર બૂલડોઝર ફેરવી દેવાની તજવીજ હાથ ધરાઈ છે. આ પગલાનો હેતુ ગુનેગારોમાં કાયદાનો ખૌફ પેદા કરવાનો અને ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવાનો છે.

પરિવારની વેદના: 'માત્ર ધરપકડ નહીં, ઉદાહરણરૂપ સજા જોઈએ'

મૃતક ધર્મેશ ગમારાના ભાઈએ મીડિયા સમક્ષ હૈયાફાટ રુદન સાથે ન્યાયની માંગ કરી છે. તેમણે જણાવ્યું હતું કે:

'મારો ભાઈ તો જતો રહ્યો, પણ તેના હત્યારાઓને એવી સજા મળવી જોઈએ કે ફરી કોઈ આવું કૃત્ય કરવાનું વિચારી પણ ન શકે. સરકાર અને પોલીસ પર અમને ભરોસો છે કે તેઓ ન્યાય અપાવશે.'

ચુસ્ત પોલીસ બંદોબસ્ત: શાંતિ જાળવવા અપીલ

હત્યા બાદ ધંધુકાના કેટલાક વિસ્તારોમાં તણાવ અને તોડફોડની ઘટનાઓ બની હતી, જેના પગલે પોલીસનો મોટો કાફલો ઉતારી દેવામાં આવ્યો છે. હાલ સ્થિતિ કાબૂમાં છે અને પરિસ્થિતિ ધીમે ધીમે સામાન્ય બની રહી છે. પોલીસ ઉચ્ચ અધિકારીઓ સતત પેટ્રોલિંગ કરી રહ્યા છે અને અફવાઓથી દૂર રહેવા લોકોને વિનંતી કરી છે.

## બાપુનગરમાં ચાની કીટલી પર લુખ્ખાઓનો આતંક

# સામાન્ય બાબતમાં ત્રણ શખસો એક યુવક પર ધોકા-કુહાડી લઈ તૂટી પડ્યા



અમદાવાદ : અમદાવાદ શહેરના બાપુનગર વિસ્તારમાં અસામાજિક તત્વોનો આતંક સામે આવ્યો છે. ત્રણ યુવકો વિસ્તારમાં દાદાગીરી કરતા હોવા અંગેનો વિરોધ યુવક દ્વારા કરવામાં આવતા તેના ઉપર દાઝ રાખી અને ગાળો બોલી હથિયારો વડે માર માર્યો હતો. ટી- સ્ટોલ પર હથિયારો વડે તૂટી પડ્યા હતા. લાકડીઓ અને ખુરશીઓ વડે મારતા જીવ બચાવવા માટે યુવક ભાગ્યો હતો. ત્યારે તેનો પીછો કરી અને ફરીથી પકડી અને હથિયારો તેમજ ગડદાપાટુનો માર માર્યો હતો. ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો અને ત્રણેય આરોપીઓ ફરાર થઈ ગયા હતા. મારામારીની સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. આ મામલે બાપુનગર પોલીસ દ્વારા ગુનો નોંધવામાં આવ્યો છે.

PI બદલાતા અસામાજિક તત્વો ફરી સક્રિય થઈ ગયા શહેરના બાપુનગર વિસ્તારમાં નવા પીઆઈ આવતાની સાથે જ અસામાજિક તત્વો ફરીથી સક્રિય થઈ ગયા છે. બાપુનગર વિસ્તારમાં એકવાર કાયદો વ્યવસ્થા પર સવાલ ઉઠાવતા યુવકને દોડાવી દોડાવીને માર માર્યો છે. બાપુનગરમાં રહેતા અને સ્ટીમ પ્રેસનું કામ કરતા સાહિલ શેખે બાપુનગર પોલીસ સ્ટેશનમાં અયાન ઉર્ફે માયા, ફેઝાન ઉર્ફે ભીમ પઠાણ અને આવેશ મિર્ઝા વિરૂદ્ધ હુમલાની ફરિયાદ કરી છે. મોડીરાતે સાહિલ શેખ ટી સ્ટોલ પર ગયો હતો ત્યારે ત્યારે અયાન, ફૈઝાન અને આવેશ આવ્યા હતા. બાપુનગર વિસ્તારમાં તેઓ દાદાગીરી કરતા હોવાને લઈને સાહિલે વિરોધ કર્યો હતો જેને લઈ તેની ઉપર દાજ રાખતા હતા.

ત્રિપુટીની દાદીગીરી સામે અવાજ ઉઠાવનાર યુવક પર હુમલો ત્રણેયની દાદાગીની સામે સાહિલ વાંધો ઉઠાવતો હોવાથી તેની સાથે બબાલ કરવા આવ્યા હતા. સાહિલ કઈ વિચારે તે પહેલા ત્રણેય માથાભારે તત્વોએ ગાળો આપવાની શરૂ કરી દીધી હતી અને હથિયારો લઈને માર માર્યો હતો. જીવ બચાવવા માટે પોતે ત્યાંથી અજીત મિલ કમ્પાઉન્ડ તરફ ભાગ્યો હતો ત્યારે ત્યાં પણ તેનો પીછો કર્યો હતો અને પાછળથી સાહિલના માથામાં કુહાડી મારતા તે જમીન પર ઢળી પડ્યો હતો. ત્રણેય હુમલાખોરોએ સાહિલને દંડા અને પાઈપથી મારતા હતા. આસપાસના લોકો આવી જતા ત્રણેયે ધમકી આપી કે હવે જો અમારો વિરોધ કર્યો તો તને જાનથી મારી નાખીશુ. ઈજાગ્રસ્ત સાહિલને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો જ્યારે બાપુનગર પોલીસે ગુનો નોધીને તપાસ શરૂ કરી છે.

**વિરોધ**

## મેવાણીને કાળા ઝંડા બતાવ્યા, હાય હાયના નારા લાગ્યા

# સરસપુર-રખિયાલ વોર્ડમાં કોંગ્રેસના જ કાર્યકર્તાઓએ સ્ટાર પ્રચારકનો વિરોધ કર્યો

### સ્ટાર પ્રચારક જીગ્નેશ મેવાણી સરસપુર રખિયાલ વોર્ડના ઉમેદવારોના પ્રચાર માટે રેલી યોજી હતી

• અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં કોંગ્રેસના સ્ટાર પ્રચારક અને વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી ઉમેદવારોના પ્રચાર માટે રેલી યોજી રહ્યા છે, પરંતુ ઠેર ઠેર ધારાસભ્ય જીગ્નેશ મેવાણીનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. ગઈકાલે(19 એપ્રિલ) જીગ્નેશ મેવાણી રખિયાલ-સરસપુર વોર્ડની પેનલના પ્રચાર માટે આવ્યા હતા. જે દરમિયાન રેલી પણ યોજવામાં આવી હતી. રેલીના રૂટ પર સ્થાનિક કાર્યકર્તાઓ દ્વારા કાળા ઝંડા ફરકાવી વિરોધ કરવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં કાર્યકર્તાઓએ હાય હાયના નારા લગાવીને જીગ્નેશ મેવાણી અને કોંગ્રેસના ઉમેદવારનો વિરોધ કર્યો હતો.



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ટિકિટ વહેંચણીનો વિવાદ ચૂંટણી પ્રચારમાં પણ જોવા મળી રહ્યો છે. સિનિયર નેતાઓએ પોતાના નજીકના લોકોને ટિકિટ અપાવવા સક્રિય કાર્યકર્તાઓની ટિકિટ કાપી દીધી હતી. સરસપુર રખિયાલ વોર્ડમાં પણ સિનિયર નેતાઓની જીદના કારણે અંતિમ ઘડીએ મેન્ડેટ બદલી દેવામાં આવ્યું હતું. જેથી સક્રિય કાર્યકર્તાઓની ટિકિટ કપાતા હવે સ્થાનિક કાર્યકર્તાઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જેવી હવે સરસપુર રખિયાલ વોર્ડમાં ઉમેદવારોની સાથે સાથે સ્ટાર પ્રચારકનો પણ વિરોધ થઈ રહ્યો છે.

ગઈકાલે સ્ટાર પ્રચારક જીગ્નેશ મેવાણી સરસપુર રખિયાલ વોર્ડના ઉમેદવારોના પ્રચાર માટે રેલી યોજી હતી. જેમાં પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ શહેર પ્રમુખ હિંમતસિંહ પટેલ સહિતના નેતાઓ પણ જોડાયા હતા. પરંતુ ટિકિટના વિવાદના કારણે રેલી જ્યારે મન્સૂરીની ચાલી પાસે પહોંચી ત્યારે કેટલાક સ્થાનિક કાર્યકર્તાઓએ સ્ટાર પ્રચારક અને ઉમેદવારનો વિરોધ કર્યો હતો. મોટી સંખ્યામાં કોંગ્રેસના સ્થાનિક કાર્યકર્તાઓએ કાળા ઝંડા ફરકાવી વિરોધ નોંધાવ્યો હતો. તો બીજી તરફ રેલીમાં જોડાયેલા કાર્યકર્તાઓએ જીતેગા ભાઈ જીતેગા પંજા વાલા જીતેગાના નારા લગાવ્યા હતા. તેમજ વિવાદ વધારે ન થયા તે માટે મોટી સંખ્યામાં પોલીસ પણ રાખવામાં આવી હતી.

મારી પત્નીની છેલ્લી ઘડીએ ટિકિટ કાપી હતી: શકીલ ઘાંચી

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ માઈનોરીટી સેલના પૂર્વ મહામંત્રી શકીલ ઘાંચીએ જણાવ્યું હતું કે, સરસપુર રખિયાલ વોર્ડમાં મારી પત્નીને ટિકિટ આપવાનું નક્કી થયું હતું. તેમજ મેન્ડેટ લેવા માટે પણ આવવા કહેવામાં આવ્યું હતું. જેથી અમે બધી જગ્યાએ પોસ્ટ મુકીને ટિકિટ મળી ગઈ છે તેવી ઉજવણી પણ કરી દીધી હતી. પરંતુ છેલ્લી ઘડીએ અમારી ટિકિટ કાપીને અન્ય મહિલાને ટિકિટ આપવામાં આવી હતી. હિંમતસિંહ પટેલ પાસે ગયા હતા તો તેમણે એવું કહ્યું કે તે ઉપરથી વાત કરાવીને ટિકિટ લઈને આવ્યા છે. જેથી સક્રિય કાર્યકર્તા છીએ છતાં ટિકિટ કાપતા મેં રાજીનામું આપી દીધું હતું. જેથી ગઈકાલે રેલી દરમિયાન અમારા સ્થાનિક કાર્યકર્તાઓને સાથે રાખીને કાળા ઝંડા ફરકાવી વિરોધ કર્યો હતો.

## હર્ષ સંઘવીએ ડેડીયાપાડામાં સભા સંબોધી

# આપ પાર્ટી પર કર્યા પ્રહાર,ઝાડુ વાળા દિલ્હીથી 20 કરોડ લાવ્યા છે,એક મતના 100-100 રૂપિયા આપવાના છે

**સભા સંબોધી**

### વિકાસના કામો થકી ભાજપ દ્વારા રસ્તા,સ્કૂલ અને પાણી અને મફત સારવાર માટે મહેનત કરી છે

• રાજપીપલા તા 20

ચૈતર વસાવાના ગઢમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી ટાણે બીજી વાર નાયબ મુખ્ય મત્રી અને ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ જાહેર સભા આજે ડેડીયાપાડા ખાતે યોજાઈ હતી. આપ ના ડેડીયાપાડા ધારાસભ્યને એક વર્ષ સુધી ડેડીયાપાડા મત વિસ્તારમાં ઉપસ્થિત રહેવાની પરવાનગી નથી. ત્યારે એનો લાભ સ્થાનિક સ્વરાજની ચૂંટણી ટાણે ભાજપા લઈ રહી છે. હર્ષ સંઘવીએ ડેડીયાપાડામાં સભાને સંબોધી હતી અને આપ પાર્ટી પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે ઝાડુ વાળા દિલ્હીથી 20 કરોડ લાવ્યા છે,એક મતના 100-100 રૂપિયા આપવાના છે.સુરતથી કૌભાંડ આવ્યું તેમાંથી




ગામમાં અશાંતિ ફેલાય તે માટે કરોડો રૂપિયાના હવાલા પાડયા તેવો ઘટસ્ફોટ થયો છે.નર્મદામાં કરોડો રૂપિયા આપ વાળા લાવ્યા છે. ગઈ કાલે જ રાજપીપલા ખાતે પ્રદેશ મંત્રી જગદીશ વિશ્વકર્મા પણ પધારી ચુક્યા હતાં ત્યારે સ્થાનિક સ્વરાજની ચૂંટણી જીતાડવા ભાજપા ના દિગ્ગજ નેતાઓને નર્મદામાં ઉતારવામાં આવી રહ્યાં છે ડેડીયાપાડા, સાગબારા તાલુકા જિલ્લા પંચાયત જીતવા આપ, ભાજપા, કોંગ્રેસ વચ્ચે કાંટાની ટક્કર ચાલી રહી છે ત્યારે આ બેઠક ભાજપા અને હર્ષ સંઘવી માટે અને સાંસદ મનસુખ વસાવા માટે હવે પ્રતિષ્ઠાનો જંગ બની ચુકી છે ત્યારે આજની ડેડીયાપાડા ખાતેની હર્ષ સંઘવીની જાહેર સભા સૂચક બની હતી. નાયબ મુખ્યમંત્રીએ આપ પર આકરા પ્રહારો કર્યા હતાં

હર્ષ સંઘવીએ ડેડીયાપાડામાં સભાને સંબોધી હતી અને આપ પાર્ટી પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે ઝાડુ વાળા દિલ્હીથી 20 કરોડ લાવ્યા છે,એક મતના 100-100 રૂપિયા આપવાના છે.સુરતથી કૌભાંડ આવ્યું તેમાંથી ગામમાં અશાંતિ ફેલાય તે માટે કરોડો રૂપિયાના હવાલા પાડયા તેવો ઘટસ્ફોટ થયો છે.નર્મદામાં કરોડો રૂપિયા આપ વાળા લાવ્યા છે.વિકાસના કામો થકી ભાજપ દ્વારા રસ્તા,સ્કૂલ અને પાણી અને મફત સારવાર માટે મહેનત કરી છે.આપીયા,પાપીયા કોંગ્રેસને ગામમાં ઘુસવા નહીં દેતા. નર્મદા જિલ્લામાં 200 નવી બસો ફળવાશે.

આ પ્રસંગે આપમાંથી રાજીનામું આપનાર આગેવાનો હર્ષ સંઘવીના હસ્તે ભાજપમાં જોડાયા હતાં આપ પક્ષના ડેડીયાપાડા તાલુકાના અધ્યક્ષ રાજેન્દ્ર વસાવા, ચૈતર વસાવના નિકટના જગદીશ વસાવા સહિતના 15 નેતાઓ ભાજપમાં જોડાયા હતાં.

# કચરાના ઢગલામાંથી પ્લાસ્ટિક અને લોખંડ શોધી પોતાનું જીવન ગુજારતા શ્રમજીવી વધુ માં વધુ મહત્તમ મતદાન કરવા લોકોને અપીલ

### આ કચરો વીણતા શ્રમિકે સાબિત કરી દીધું છે કે લોકશાહીમાં સૌથી મોટો 'રાજા' તો મતદાર પોતે જ છે

• રાજપીપલા, તા 20

નર્મદા જિલ્લાના રસ્તાઓ પર અત્યારે એક અનોખી સાયકલ લારી આકર્ષણનું કેન્દ્ર બની છે. વ્યવસાયે કચરો વીણવાનું કામ કરતા આ વ્યક્તિ આખો દિવસ ગામ અને તાલુકાના કચરાના ઢગલામાંથી પ્લાસ્ટિક અને લોખંડ શોધી પોતાનું જીવન ગુજારે છે. પણ અત્યારે તેમની લારી પર ભાજપ અને આમ આદમી પાર્ટીના ઝંડા લહેરાઈ રહ્યા છે, તો કોંગ્રેસનો ઝંડો પણ તેમણે સાથે રાખ્યો છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે 'તમે કઈ પાર્ટીમાં છો?' ત્યારે તેમનો જવાબ કોઈપણ રાજકીય પક્ષ કરતા પણ વધુ ગહન હતો. તેમણે કહ્યું કે, તેમને કોઈ પક્ષ સાથે અંગત લેવાદેવા નથી. તેમનો એકમાત્ર ઉદ્દેશ્ય છે વધુ માં વધુ મહત્તમ મતદાન. 'મારે તો ચાર દીકરા છે, કચરો વીણીને ગુજરાન ચલાવું છું. મને કોઈ પાર્ટી પૈસા નથી આપતી, પણ હું ઈચ્છું છું કે લોકો જાગૃત બને. જે પાર્ટી દેશ અને સમાજની સેવા કરે તે જીતવી જોઈએ. હું આ ઝંડા એટલે લગાવું છું કે



લોકો મને જોઈને યાદ કરે કે ચૂંટણી છે અને આપણે વોટ આપવા જવાનું છે.'

ખરેખર, આ કિસ્સો આંખ ઉઘાડનારો છે. જે વ્યક્તિ પાસે રહેવા માટે પાકું મકાન કે વૈભવી ગાડી નથી, જેનો આખો દિવસ ગંદકી વચ્ચે વીતે છે, તે વ્યક્તિ જો લોકશાહી પ્રત્યે આટલી જાગૃતિ બતાવી શકતી હોય, તો એરકન્ડિશન રૂમમાં બેસતા સામાન્ય નાગરિકોએ શું ન વિચારવું જોઈએ? નર્મદા જિલ્લામાં આ વખતે ચૂંટણીનો માહોલ ગરમાયો છે. ભાજપ, કોંગ્રેસ અને AAP વચ્ચે કાંટાની ટક્કર છે. પણ જીત ગમે તેની થાય, આ કચરો વીણતા શ્રમિકે સાબિત કરી દીધું છે કે લોકશાહીમાં સૌથી મોટો 'રાજા' તો મતદાર પોતે જ છે. હવે જોવાનું એ રહે છે કે નર્મદાની જનતા કોને સત્તા સોંપે છે. તસવીર દીપક જગતાપ, રાજપીપલા

## 100 મીટરની ત્રિજ્યામાં કોઈ પણ પ્રકારનો પ્રચાર કરી શકાશે નહીં

# પાટનગરમાં મતદાનના દિવસે મોબાઈલ અને વાહનો પર પ્રતિબંધ, ભંગ કરનાર સામે થશે કાયદેસરની કાર્યવાહી

ગાંધીનગર : ગાંધીનગર જિલ્લામાં આગામી 26મી એપ્રિલના રોજ યોજાનારી 2 નગરપાલિકાઓ કલોલ-દહેગામ તેમજ જિલ્લા પંચાયત અને 3 તાલુકા પંચાયતોની સામાન્ય તથા પેટા ચૂંટણીઓ માટે વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન શાંતિ જળવાઈ રહે અને મતદારો કોઈ પણ ભય વગર મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા કડક પ્રતિબંધાત્મક આદેશો જારી કરવામાં આવ્યા છે.ગાંધીનગર જિલ્લા મેજિસ્ટ્રેટ રવિન્દ્ર ખતાલે દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, 2023ની કલમ-163 હેઠળ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ હુકમ અનુસાર મતદાનના દિવસે મતદાન મથકની અંદર તેમજ 100 મીટરની ત્રિજ્યામાં કોઈ પણ પ્રકારનો પ્રચાર કરી શકાશે નહીં. ખાસ કરીને મતદાન મથકોમાં મોબાઈલ ફોન, કોડલેસ ફોન કે વાયરલેસ સેટ જેવા સંદેશા વ્યવહારના સાધનો લઈ જવા પર સંપૂર્ણ મનાઈ ફરમાવી દેવામાં આવી છે.હેરનામાનો ભંગ કરનાર સામે હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉચ્ચ હોદ્દો ધરાવતા અધિકારીઓ કાયદેસરની ફરિયાદ દાખલ કરી શકશે. ચૂંટણી ફરજ પરના અધિકારીઓ અને નિરીક્ષકોને ફરજ માટે જરૂરી સાધનો વાપરવાની છૂટછાટ આપવામાં આવી છે.જ્યારે સામાન્ય નાગરિકો માટે આ નિયમોનું પાલન કરવું ફરજિયાત રહેશે.

આસપાસ વાહનોના જમાવડા પર પણ પ્રતિબંધ આ ઉપરાંત મતદાન મથકની આસપાસ વાહનોના જમાવડા પર પણ પ્રતિબંધ રહેશે. બીજી તરફ ભીડને નિયંત્રિત કરવા અને વ્યવસ્થા જાળવવા માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એન.આર. શર્માએ પણ ખાસ માર્ગદર્શિકા જાહેર કરી છે. જે મુજબ દરેક મતદારે મતદાન મથકના અધિકૃત પ્રવેશદ્વાર પાસે લાઈનમાં ઉભા રહેવું પડશે. સ્ત્રીઓ માટેની અલગ કતારમાં પણ શિસ્તબદ્ધ રીતે ઉભા રહીને પોતાના વારા મુજબ મતદાન કરવાનું રહેશે. મતદાન પૂર્ણ થયા બાદ તુરંત જ મતદારોએ મથક અને તેની આસપાસનો વિસ્તાર ખાલી કરવાનો રહેશે જેથી અન્ય મતદારોને અડચણ ન પડે.આગામી 26મી એપ્રિલે મતદાન અને 28મી એપ્રિલે મતગણતરીની પ્રક્રિયા હાથ ધરાશે.જે 30મી એપ્રિલ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે પોલીસ તંત્રને વિશેષ સત્તાઓ સોંપાઈ છે. જાહેરનામાનો ભંગ કરનાર સામે હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉચ્ચ હોદ્દો ધરાવતા અધિકારીઓ કાયદેસરની ફરિયાદ દાખલ કરી શકશે. ચૂંટણી ફરજ પરના અધિકારીઓ અને નિરીક્ષકોને ફરજ માટે જરૂરી સાધનો વાપરવાની છૂટછાટ આપવામાં આવી છે.જ્યારે સામાન્ય નાગરિકો માટે આ નિયમોનું પાલન કરવું ફરજિયાત રહેશે.

## આરોગ્ય સેવાઓનો 'ડોઝ' કેમ આટલો મોંઘો થયો? સરકારી તંત્રની નબળાઈ પાછળ કોનું હિત? જનતાના ટેક્સના રૂપિયા જાય છે ક્યાં?

# વિશેષ અહેવાલ: સરકારી હોસ્પિટલોમાં વેન્ટિલેટર પર સિસ્ટમ, ખાનગીમાં લૂંટનો ખુલ્લો ખેલ!

• અમદાવાદ | વિશેષ તપાસ

લોકશાહીમાં શિક્ષણ અને સ્વાસ્થ્ય એ પાયાની જરૂરિયાત છે, પરંતુ આજે સ્થિતિ કંઈક અલગ જ છે. સામાન્ય માણસ બીમાર પડે ત્યારે સરકારી હોસ્પિટલના ધક્કા ખાતા ખાતા વધુ બીમાર થઈ જાય છે, અને અંતે મજબૂર થઈને ખાનગી હોસ્પિટલના શરણે જાય છે. સવાલ એ છે કે, જે દેશ અને રાજ્ય 'વિકાસ' ની વાતો કરે છે, ત્યાં સરકારી આરોગ્ય વ્યવસ્થા કેમ દિન-પ્રતિદિન કથળી રહી છે? શું આ જાણીજોઈને ખાનગી ક્ષેત્રને પ્રોત્સાહન આપવાની કોઈ રમત છે?

સરકારી વ્યવસ્થા કેમ 'બ્રેઈન ડેડ' થઈ રહી છે? - 5 મુખ્ય કારણો

૧. સ્ટાફની ભયંકર અછત: મોટી મોટી બિલ્ડિંગો તો બની ગઈ, પણ અંદર ડોક્ટરો અને નર્સ ક્યાં છે? નિષ્ણાત ડોક્ટરો સરકારી સેવામાં જોડાવાને બદલે ખાનગી પ્રેક્ટિસમાં વધુ રસ દાખવે છે, કારણ કે ત્યાં પગાર અને સુવિધાઓ વધુ છે.

૨. ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નામું: ઘણી સરકારી હોસ્પિટલોમાં મશીનો તો છે, પણ કાં તો તે બગડેલા છે અથવા તેને ચલાવનારા ટેકનિશિયન નથી. સીટી સ્કેન કે MRI માટે મહિનાઓનું વેઈટિંગ એ સામાન્ય વાત બની ગઈ છે.

૩. બજેટની ફાળવણીમાં ઠાગાઠૈયા: દર વર્ષે આરોગ્યનું બજેટ વધારવાની વાતો થાય છે, પણ જમીની સ્તર પર દવાઓની અછત અને પાયાની સુવિધાઓનો અભાવ જોવા મળે છે.

૪. વહીવટી શિથિલતા: સરકારી હોસ્પિટલોમાં સાફ-સફાઈથી લઈને દર્દીઓ પ્રત્યેના વલણ સુધી બધે જ લાપરવાહી જોવા મળે છે. જે વિશ્વાસ દર્દીને હોસ્પિટલ પર હોવો જોઈએ, તે હવે રહ્યો નથી.

૫. પ્રાઈવેટાઈઝેશનનો છૂપો વેગ: આરોગ્ય ક્ષેત્રમાં જે રીતે પ્રાઈવેટ પબ્લિક પાર્ટનરશીપ (PPP) મોડલ વધી રહ્યું છે, તેનાથી સરકારી તંત્ર ધીમે ધીમે પોતાની જવાબદારીઓ ખાનગી હાથોમાં સોંપી રહ્યું હોય તેવું જણાય છે.

ખાનગી હોસ્પિટલો: 'સેવા' કે 'ધંધો'?

જ્યારે સરકારી તંત્ર નિષ્ફળ જાય છે, ત્યારે ખાનગી હોસ્પિટલો માટે મેદાન મોકળું થાય છે.

* બિલનું ભારણ: સામાન્ય તાવમાં પણ હજારો રૂપિયાના ટેસ્ટ અને રિપોર્ટનો ખેલ શરૂ થાય છે.

* વીમા કંપનીઓનો ખેલ: મોંઘા પ્રીમિયમ ભરીને વીમો લીધો હોય તો પણ ખાનગી હોસ્પિટલોના બિલ જોઈને મધ્યમ વર્ગની કમર તૂટી જાય છે.

સવાલ જનતાનો છે...

શું ગરીબ માણસને જીવવાનો અધિકાર નથી? જો સરકારી ટેક્સ લેવામાં સરકાર મોખરે હોય, તો સારવાર માટે દર્દીએ પોતાની મિલકત કેમ ગીરે મૂકવી પડે છે?

# પોરબંદરમાં વોટ્સએપ આતંકઃ યુવતીને અશ્લીલ ગાળો, પિતાને જાનથી મારી નાખવાની ધમકી અંગે પોલીસ ફરિયાદ

### મોડી રાત્રે કોલથી હેરાનગતિ; સ્ત્રી સન્માનને ઠેસ, ચૂંટણી માહોલમાં ઉશ્કેરવાનો આરોપ

• ગોસા(ઘેડ) તા.૨૦

પોરબંદર શહેરમાં વોટ્સએપ કોલ દ્વારા યુવતીને ગાળો બોલવા અને તેના પિતાને જાનથી મારી નાખવાની ધમકી આપવાનો ગંભીર બનાવ સામે આવ્યો છે. આ બનાવને પગલે શહેરમાં ચકચાર મચી ગઈ છે.ફરીયાદ મુજબ, હાલ ચૂંટણીનો માહોલ હોવાથી આરોપી તેમને ઉશ્કેરવાનો પ્રયાસ કરી રહ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

પોલીસ ફાઈલથી મળતી માહિતી મુજબ, મીલપરા શેરી નં.૧ ખાતે રહેતા અને ખેતી તથા વેપાર કરતા ભરતભાઈ ઉર્ફે ભલો મુળુભાઈ મૈયારીયા (ઉ.વ.૪૬)ની દિકરી ભુમી, જે અમદાવાદ ખાતે અભ્યાસ કરે છે, તેને તા.૧૯ એપ્રિલની મોડી રાત્રે મયુર હરદાસભાઈ ઓડેદરા નામના વ્યક્તિ દ્વારા વોટ્સએપ કોલ કરવામાં આવ્યો હતો.

કોલ કરનારએ પોતાને પિતાના મિત્ર તરીકે ઓળખાવી ભુમીને તેના પિતા સાથે વાત કરાવવા જણાવ્યું હતું. જોકે, મોડી રાત્રે વારંવાર કોલ ન કરવા ભુમીએ વિનંતી કરતાં આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને બેફામ અશ્લીલ ગાળો બોલી સ્ત્રી સન્માનને ઠેસ પહોંચાડતો વર્તન કર્યું હતું.

આ બાદ આરોપીમયુર હરદાસ ભાઈ ઓડેદરાએ ભરતભાઈને પણ ફોન કરી ગાળો બોલી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ફરીયાદ મુજબ, હાલ ચૂંટણીનો માહોલ હોવાથી આરોપી તેમને ઉશ્કેરવાનો પ્રયાસ કરી રહ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

ફરીયાદીએ વધુમાં જણાવ્યું છે કે, આરોપીના આ વર્તનથી પોતાના તથા પરિવારના જીવને જોખમ હોવાની ભીતિ છે. ઘટનાનો વોટ્સએપ કોલનો રેકોર્ડિંગ પુરાવા તરીકે રજૂ કરવામાં આવશે.

આ મામલે મયુર હરદાસભાઈ ઓડેદરા (રહે. મારૂતીનગર, પોરબંદર) વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી કરવાની માંગ સાથે ભરતભાઈ ઉર્ફે ભલો મુળુભાઈ મૈયારીયા દ્વારા કમલાબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

રિપોર્ટરઃ- વિરમભાઈ કે.આગઠ

# જેતલસર ચોકડી પાસે ટ્રિપલ અકસ્માતઃ ઈકો, આર્ટિકા અને છોટા હાથી વચ્ચે સર્જાયો જંગ

જૂનાગઢ-રાજકોટ હાઈવે પર આજે એક હૃદયદ્રાવક અકસ્માતની ઘટના સામે આવી છે. જેતલસર ચોકડી નજીક ત્રણ વાહનો વચ્ચે જોરદાર ટક્કર થતા અરેરાટી વ્યાપી ગઈ હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે વાહનોના ફુરચા ઉડી ગયા હતા અને જોતજોતામાં હાઈવે પર ચીસાચીસ મચી ગઈ હતી. જેતલસર ચોકડી પાસે એક આર્ટિકા કાર, ઈકો કાર અને છોટા હાથી ટેમ્પો વચ્ચે ટ્રિપલ અકસ્માત સર્જાયો હતો. અકસ્માતના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે, જેમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે પૂરપાટ ઝડપે આવી રહેલી આર્ટિકા કારે સૌથી પહેલા છોટા હાથી ટેમ્પોને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર બાદ કાર ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો .

**એમસીએક્સ** — સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 14946.56 કરોડનાં કામકાજ

# ક્રૂડ તેલના વાયદામાં રૂ.475નો ઉછાળોઃ સોનાના વાયદામાં રૂ.763 અને ચાંદીમાં રૂ.4741ની નરમાઈ

### કોમોડિટી વાયદાઓમાં રૂ.22482.58 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.172275.43 કરોડનું ટર્નઓવર

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.194758.01 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.22482.58 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.172275.43 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.2617.28 કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 14946.56 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.153158ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.153880 અને નીચામાં રૂ.152799ના સ્તરને સ્પર્શી, રૂ.154609ના આગલા બંધ સામે રૂ.763 ઘટી રૂ.153846ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો 8 ગ્રામદીઠ રૂ.653 ઘટી રૂ.122680ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો 1 ગ્રામદીઠ રૂ.71 ઘટી રૂ.15375ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની મે વાયદો 10 ગ્રામદીઠ રૂ.758 ઘટી રૂ.152418ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો 10 ગ્રામદીઠ રૂ.152232ના




ભાવે ખૂલી, ઉપરમાં રૂ.152665 અને નીચામાં રૂ.151576ના મથાળે અથડાઈ, રૂ.153398ના આગલા બંધ સામે રૂ.781 ઘટી રૂ.152617ના ભાવે બોલાયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.253453ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.254089 અને નીચામાં રૂ.250730ના મથાળે અથડાઈ, રૂ.257142ના આગલા બંધ સામે રૂ.4741 ઘટી રૂ.252401ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.4113 ઘટી રૂ.254420ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.4150 ઘટી રૂ.254389ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. 2307.60 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો રૂ.3.6 ઘટી રૂ.1269.3 થયો હતો. જસત એપ્રિલ વાયદો રૂ.2.35 વધી રૂ.341.45ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો રૂ.1.95 વધી રૂ.365.4ના સ્તરે પહોંચ્યો હતો. સીસું એપ્રિલ વાયદો 25 પૈસા ઘટી રૂ.194.85 થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. 4888.77 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી એપ્રિલ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4906ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4986 અને નીચામાં રૂ.4900ના સ્તરને સ્પર્શી, રૂ.80 વધી રૂ.4975ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.8077ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.8388 અને નીચામાં રૂ.8077ના મથાળે અથડાઈ, રૂ.7767ના આગલા બંધ સામે રૂ.475 વધી રૂ.8242ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.466 વધી રૂ.8234ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.4.5 વધી રૂ.254.7ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો રૂ.4.6 વધી રૂ.254.8 થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.988.3ના ભાવે ખૂલી, 90 પૈસા ઘટી રૂ.991 થયો હતો. કોટન એપ્રિલ વાયદો રૂ.1030 ઘટી રૂ.28310 થયો હતો. એલચી એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.2975ના ભાવે ખૂલી, રૂ.16 વધી રૂ.3000ના સ્તરે પહોંચ્યો હતો.

### 11 વિદ્યાર્થીઓને તાત્કાલિક અસરથી સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા

# ડભોઈ શહેરના કુંઢેલા ગામે આવેલી સેન્ટ્રલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ફૂડ પોઈઝનિંગ

**ફૂડ પોઈઝનિંગ** — હોસ્ટેલમાં પીરસાયેલા ભોજનના સેમ્પલ લઈ તેને લેબોરેટરીમાં મોકલવાની તજવીજ શરૂ કરવામાં આવી છે

• ફકીરા ખત્રી ડભોઈ

ઝાડા ઉલટી અને પેટમાં દુઃખાવાની ફરિયાદ થતા વિદ્યાર્થીઓ સારવાર હેઠળ ડભોઈ તાલુકાના કુંઢેલા ગામે આવેલી સેન્ટ્રલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ ૧૮મી તારીખે રાત્રે ૮:૩૦ વાગ્યે જમ્યા પછી ઝાડા ઉલટી થતા સારવાર માટે સયાજી હોસ્પિટલમાં મોડી રાત્રે ખસેડવામાં આવ્યા હતા. તેમને ફૂડ પોઈઝનિંગ થયું હોવાથી હાલ સારવાર ચાલી રહી છે.પ્રાપ્ત વિગત અનુસાર ડભોઈ તાલુકાના કુંઢેલા ગામે આવેલી સેન્ટ્રલ યુનિવર્સિટીમાં અભ્યાસ અર્થે જુદા જુદા શહેર અને જિલ્લામાંથી વિદ્યાર્થીઓ આવ્યા છે. ગરમીની મોસમમાં ૧૮મી




તારીખે રાત્રે ૮:૩૦ વાગ્યે જમ્યા પછી કેટલાક વિદ્યાર્થીઓને ઝાડા ઉલટી થવા માંડી હતી. અને પેટમાં દુખાવો થતો હોવાની ફરિયાદ કરી હતી. તેઓને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં મોડી રાત્રે ખસેડવામાં આવ્યા હતા. તેમને ફૂડ પોઈઝનિંગ થયું હોવાથી હાલ સારવારે ચાલી રહી છે. તેમને ભોજનમાં શું આપવામાં આવ્યું હતું? તેની તપાસ ચાલી રહી છે. ડભોઈ પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે. અસરગ્રસ્ત વિદ્યાર્થીઓનાનામ (૧) ૨૧ વર્ષના યશવર્ધન કૈલાશધન બલાસ (૨)૨૫ વર્ષના સહાન રજા (૩)૨૦ વર્ષના શુભમ રાજ (૪)

૨૩ વર્ષના જિસાન પીવી (૫) ૨૧ વર્ષના અરુણ થોરી (૬) ૨૧ વર્ષના યુવરાજ સોલંકી (૭) ૧૭ વર્ષના મોહિત મીના (૮) ૨૨ વર્ષના અરખા શ્રુતા (૯)૧૮ વર્ષના બાલાજી શર્મા (૧૦) ૧૮ વર્ષના પ્રિયાંશુ દીપક રંજન જ્યાં એક શૈક્ષણિક સંસ્થામાં ફૂડ પોઈઝનિંગની ઘટના બની છે. શહેર ના છેવાડે આવેલ કુંઢેલા ગામમાં સેન્ટ્રલ યુનિવર્સિટી ગુજરાતના અંદાજે 11 જેટલા વિદ્યાર્થીઓને ઝેરી ખોરાકની અસર થતા સારવાર અર્થે સયાજી હોસ્પિટલ માં ખસેડવામાં આવ્યા છે. મોડી રાત્રે જમ્યા બાદ વિદ્યાર્થીઓની તબિયત લથડતા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. શહેર ના છેવાડે આવેલ કુંઢેલા ગામમાં સેન્ટ્રલ યુનિવર્સિટી ગુજરાત મા તારીખ 18 એપ્રિલ 2026ના રોજ રાત્રે અંદાજે 8:30 વાગ્યાની આસપાસ હોસ્ટેલમાં જમ્યા બાદ વિદ્યાર્થીઓને ઉલટી અને ઝાડાની ફરિયાદ શરૂ થઈ હતી. જે બાદ તમામ 11 વિદ્યાર્થીઓને તાત્કાલિક અસરથી સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ અને આરોગ્ય વિભાગની ટીમે હોસ્પિટલ દોડી જઈ તપાસ હાથ ધરી છે. હોસ્ટેલમાં પીરસાયેલા ભોજનના સેમ્પલ લઈ તેને લેબોરેટરીમાં મોકલવાની તજવીજ શરૂ કરવામાં આવી છે.

# વાડજમાં છરા સાથે જાહેરમાં યુવકનો આતંક, રસ્તેથી પસાર થતા લોકોને ધમકાવ્યા

### જાહેરમાં ઊભા રહીને પોલીસ અને BRTS તંત્રને બેફામ ગાળો ભાંડી હતી

અમદાવાદ : અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં આવેલા વાડજમાં કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાડતો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વાડજમાં રામાપીરના ટેકરા પાસે આવેલા BRTS બસ સ્ટેન્ડ નજીક એક માથાભારે શખસે જાહેરમાં હાથમાં છરો લહેરાવીને લોકોમાં ફફડાટ ફેલાવ્યો હતો. આ શખસનો હિંસક આતંક મચાવતો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતા પોલીસ દોડતી થઈ છે. લોકોને ધમકાવ્યા અને દુકાનો બંધ કરાવી સોશિયલ મીડિયા પર વાઈરલ વીડિયોમાં જોઈ શકાય છે કે, આરોપી હાથમાં તીક્ષ્ણ છરો લઈને રસ્તા પરથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોને ધમકાવી રહ્યો છે. તેણે લોકોને ધમકી આપી હતી કે 'અહીંથી કોઈએ પસાર થવું નહીં.' આટલું જ નહીં, તેણે આસપાસના સ્થાનિક વેપારીઓને પણ નિશાન બનાવ્યા હતા અને ચિકનની દુકાન સિવાયની તમામ દુકાનો તાત્કાલિક બંધ કરી દેવા માટે દબાણ કર્યું હતું.



પોલીસ અને તંત્રને આપી જાહેરમાં ગાળો તત્ત્વની હિંમત એટલી હદે વધી ગઈ હતી કે તેણે જાહેરમાં ઊભા રહીને પોલીસ અને BRTS તંત્રને બેફામ ગાળો ભાંડી હતી. કાયદાના ડર વગર તે જાહેરમાં તંત્રને પડકારતો જોવા મળ્યો હતો. સ્થાનિકો મુજબ, અગાઉના પીઆઈ વી.આર. ડાંગરની બદલી બાદ વિસ્તારમાં આવા તત્ત્વો ફરી માથું ઊંચકી રહ્યા છે, જે હવે નવા નિમાયેલા પીઆઈ એચ.પી. ગરાસિયા માટે મોટો પડકાર સાબિત થશે. વાઈરલ વીડિયોના આધારે તપાસ શરૂ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને વાડજ પોલીસે તપાસનો ધમધમટ તેજ કર્યો છે. વાઈરલ વીડિયોમાં દેખાતા શખસની ઓળખ મેળવવા માટે સ્થાનિક સીસીટીવી ફૂટેજ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદ લેવામાં આવી રહી છે. પોલીસનું કહેવું છે કે, આરોપીની ઓળખ થતા જ તેની સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

### શૈક્ષણિક પરંપરા અને આધુનિક સુવિધાઓનું સંયોજન બન્યું સફળતાનું રહસ્ય

# ડૉ. વી. આર. ગોઢાણીયા આઈટી કોલેજનો BCA સેમ-6 માં ઝળહળતો પરિણામ જિલ્લામાં ટોપ-10માં અનેક વિદ્યાર્થીઓનો દબદબો

• ગોસા(ઘેડ) તા.૨૦

શહેરની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા ડૉ. વી. આર. ગોઢાણીયા આઈટી કોલેજે ફરી એકવાર શૈક્ષણિક ક્ષેત્રે પોતાની શ્રેષ્ઠતા પુરવાર કરી છે. તાજેતરમાં ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા જાહેર કરવામાં આવેલ બીસીએ સેમ-૬ ના પરિણામોમાં કોલેજના વિદ્યાર્થીઓએ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. વર્ષ ૧૯૮૮ થી આઈટી શિક્ષણ ક્ષેત્રે કાર્યરત આ સંસ્થાએ પોતાની ભવ્ય પરંપરાને જાળવી રાખી છે. જિલ્લાના ટોપ-૧૦ માં કોલેજના તેજસ્વી તારલાઓ ક્રમશઃ ગોહેલ નિત્ય (૯૪.૧૮%), રાતડીયા ભાવિષા (૯૨.૩૬%), બાપોદરા ધાર્મિક (૯૨.૧૮%), જોષી માનવ (૯૨.00%), બોરીચા વનરાજ (૯૨.00%), જેઠવા નિતલ (૯૧.૪૫%), પોપટ ભુમી (૯૧.૨૭%), કાંગડ માનિષ (૯૧.૦૯%), જોષી નિધિ (૯૦.૯૧%), ગોહેલ સાક્ષી (૯૦.૯૧%), ઓડેદરા નિરાલી (૯૦.૫૫%) (સંયુક્ત) તથા વાંદરીયા ધ્વનિ




(૯૦.૩૬%) મેળવેલ છે. કોલેજના વિદ્યાર્થીઓએ જિલ્લાના ટોપ-૧૦ માં સ્થાન મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે.વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવ આપતા જણાવેલ કે, આ સિદ્ધિનો શ્રેય કોલેજના વાતાવરણ અને ફેકલ્ટીને આપ્યો હતોઃ અમારી આ સફળતા પાછળ કોલેજના અનુભવી પ્રાધ્યાપકોનું માર્ગદર્શન અને આધુનિક લેબ સુવિધાઓનો મોટો ફાળો છે. વર્ષ ૧૯૮૮ થી ચાલી આવતી આ શૈક્ષણિક શિસ્ત અને વ્યક્તિગત ધ્યાન આપવાની પદ્ધતિને કારણે જ અમે આજે આ મુકામ પર પહોંચી શક્યા છીએ.ડૉ. વી. આર. ગોઢાણીયા આઈટી કોલેજ છેલ્લા સાડા ત્રણ દાયકાથી પોરબંદરના યુવાનોને ટેકનોલોજીના ક્ષેત્રમાં સજ્જ કરી રહી છે અને આ પરિણામ સંસ્થાની ગુણવત્તા યુક્ત શિક્ષણ પ્રત્યેની પ્રતિ બદ્ધતાનું જીવંત ઉદાહરણ છે.અમને ગૌરવ છે કે અમારા વિદ્યાર્થીઓ આઈટી ક્ષેત્રે નવા શિખરો સર કરી રહ્યા છે. શૈક્ષણિક કાર્યની સાથે પ્રેક્ટિકલ નોલેજ પર અમે હંમેશા ભાર મૂક્યો છે, જેનું પરિણામ આજે સૌની સામે છે. કોલેજના તમામ શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય, ઉચ્ચ અભ્યાસ અને આઈટી ક્ષેત્રે શ્રેષ્ઠ કારકિર્દી બનાવવા માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.વિદ્યાર્થીઓએ મેળવેલ આ ઉચ્ચ સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ ડૉ. વિરમભાઈ ગોઢાણીયા, મેનેજીંગ ટ્રસ્ટી અર્જુનભાઈ મોઢવાડિયા તથા સમગ્ર ટ્રસ્ટીશ્રીઓ, કોલેજના ડાયરેકટર કમ હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ ડૉ. ધવલ ખેર તેમજ સમગ્ર કોલેજ પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવેલ અને ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

### આવેદનપત્રમાં મુખ્યત્વે કાયદાની કડક અમલવારી, આરોપીઓ સામે ઝડપી કાર્યવાહી

# દહેગામમાં ધંધુકા થયેલ યુવકની હત્યામાં ન્યાય મામલે મામલતદારને આવેદનપત્ર

ગાંધીનગર : ગાંધીનગર જિલ્લાના દહેગામ શહેરમાં ધંધુકા ખાતે થયેલી યુવકની હત્યાના વિરોધમાં આવેદનપત્ર કાર્યક્રમ યોજાયો હતો. વિવિધ સામાજિક અને ધાર્મિક સંગઠનોએ ન્યાયની માંગ સાથે દહેગામ મામલતદારને આવેદનપત્ર સુપરત કર્યું હતું.

તાજેતરમાં ધંધુકા વિસ્તારમાં ધર્મેશ ભરવાડ નામના યુવકની હત્યા થઈ હતી, જેના કારણે સમગ્ર વિસ્તારમાં રોષ વ્યાપી ગયો છે. આવેદનપત્રમાં આ ઘટનાની નિષ્પક્ષ તપાસ અને દોષિતોને ઝડપથી સજા આપવાની માંગ કરવામાં આવી છે.

આ ઉપરાંત, અગાઉ થયેલા કિશન ભરવાડ હત્યા કેસનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો



હતો. સંગઠનોએ માંગ કરી છે કે આવી ઘટનાઓમાં ઝડપી અને કડક પગલાં લેવામાં આવે જેથી ભવિષ્યમાં આવી દુર્ભાગ્યપૂર્ણ ઘટનાઓ ન બને અને નાગરિકોમાં સુરક્ષાની ભાવના મજબૂત બને.

કાર્યક્રમ દરમિયાન વક્તાઓએ કાયદો અને વ્યવસ્થા વધુ મજબૂત બનાવવા તથા દરેક નાગરિકને સમાન સુરક્ષા મળે તે માટે સરકારને અસરકારક પગલાં લેવા અપીલ કરી હતી. સમાજમાં શાંતિ અને સુમેળ જાળવવા સંયમ રાખવા પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો.

આ આવેદનપત્ર કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગદળના કાર્યકરો સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મહાદેવભાઈ રબારી (ઉત્તર ગુજરાત પ્રાંત સંયુક્ત મહામંત્રી), અમિતભાઈ ઉપાધ્યાય (ગાંધીનગર જિલ્લા મહામંત્રી), રાજેશભાઈ પોકાર (દહેગામ તાલુકા મહામંત્રી), હિતેષભાઈ પટેલ (દહેગામ શહેર પ્રમુખ)નો સમાવેશ થાય છે.

આવેદનપત્રમાં મુખ્યત્વે કાયદાની કડક અમલવારી, આરોપીઓ સામે ઝડપી કાર્યવાહી અને ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવા માટે યોગ્ય પગલાં લેવા અંગે માંગણીઓ રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયો હતો.

# પશ્ચિમ બંગાળમાં નંદીગ્રામની બેઠક પર બધાની નજર

### આત્મવિકાસ સાથે જોડવા માટે 'તીનકા જેલ પાઠશાલા' નામના કાર્યક્રમની શરૂઆત થઈ છે

નવીદિલ્હીઃ પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં નંદીગ્રામ બેઠક મહત્વની ગણાય છે. આ વખતે નંદીગ્રામમાં ઉત્તેજના કરતા શાંતિ વધારે છે. ક્યારેક સામ્યવાદી શાસનના મૂળિયા ઉખેડનાર આ રણક્ષેત્ર હવે એકાએક શાંત થઈ ગયું છે. છેલ્લી ચૂંટણીમાં મમતા વિરુદ્ધ શુભેંદુનો હાઈપ્રોફાઈલ સંઘર્ષ આ બેઠક પરથી જોવા મળ્યો હતો. આ વખતે મમતા અને બીજા કોઈપણ સિનિયર નેતાઓ અહીં જોવા મળતા નથી. શુભેંદુ સામે એમના જ એક માણસને ઉભો રાખીને કોંગ્રેસે જુગાર રમ્યો છે. જોકે શુભેંદુનું પલડુ ભારે લાગે છે. ૨૦૨૪ લોકસભાની ચૂંટણીના આંકડા પ્રમાણે અહીંથી ભાજપને ૬ હજાર મતની લીડ મળી હતી. અહીં ભાજપનું પ્રભુત્વ છે. તામલુક સંસદીય ક્ષેત્રની સાત બેઠકોમાંની એક નંદીગ્રામ છે. અહીં તૃણમુલ કોંગ્રેસે પણ હિન્દુ મત મેળવવા માટે કટ્ટરવાદી હિન્દુને ટિકિટ આપી છે.

કેન્દ્ર સરકારે સ્માર્ટ ફોન પર રાષ્ટ્રીય આઈડીએફ આધારને પહેલેથી ઈન્સ્ટોલ કરવાનો પ્રસ્તાવ પાછો લીધો છે. એપલ, સેમસંગ, ગુગલ જેવી કંપનીઓએ આ બાબતે વિરોધ કર્યો હતો. સુરક્ષા સંબંધે એમની ચિંતા પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે. યુઆઈડીએઆઈએ આ વર્ષે જાન્યુઆરીમાં સ્માર્ટ ફોન ઉત્પાદકોને સલાહ આપી હતી કે નવા ફોનોમાં આધાર એપ્લીકેશન પહેલેથી જ ઈન્સ્ટોલ કરવામાં આવે. કારણ એ આપવામાં આવ્યું હતું કે આના લીધે નાગરીકો માટે સરકારની સેવાઓ સરળ બનશે. આધાર ૧૨ આંકડાનો ઓળખ નંબર છે.



આ નંબર કોઈ વ્યક્તિના ફિંગરપ્રિન્ટ કે આઈરીસ સ્કેન સાથે જોડાયેલો હોય છે. આધાર નંબર આશરે ૧.૩૩ અરબ લોકો પાસે છે. આ નંબરનો ઉપયોગ બેંકીંગ અને ટેલીકોમ સેવા ઉપરાંત એરપોર્ટ પર પ્રવેશ મેળવવા માટે પણ જરૂરી હોય છે.

પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણી પહેલા અલીપુરદ્વાર જિલ્લાના ફાલાકાંટા વિસ્તારમાં લોટરી સિસ્ટમ વિરુદ્ધ લોકોનો ગુસ્સો ફાટયો છે. અહીંના લોકો હવે જાહેરમાં લોટરી સિસ્ટમ બંધ કરવાની માંગણી કરી રહ્યા છે. એમનું કહેવું છે કે લોટરીને કારણે ગરીબ લોકો બરબાદ થઈ રહ્યા છે. લોટરીનું વ્યસન ગરીબને વધુ ગરીબ કરે છે. ફાલાકાંટા વિસ્તારમાં રહેનારા ઘણા લોકોએ કહ્યું હતું કે લોટરીથી એમને કોઈ ફાયદો થયો નથી, પરંતુ નુકસાન જ થયું છે. એમનું કહેવું છે કે તેઓ દરરોજ ૮૦૦-૯૦૦ રૂપિયાની ટિકિટ વેચે છે, પરંતુ કમાણી થતી નથી. જો કોઈને ઈનામ લાગે તો થોડો ફાયદો થાય છે, પરંતુ કોઈ વળતર મળતું નથી. લોટરીના કામમાં મોટે ભાગે ગરીબ અને બેરોજગારો જોવા મળે છે. લોટરી વેચનારાઓ ઉપરાંત લોટરી ખરીદનારાઓ પણ બરબાદ થઈ રહ્યા છે. લોટરીનો સૌથી મોટો ગ્રાહક દુકાનદાર બની જાય છે. કારણ કે એની ટિકિટ નહીં વેચાય તો એણે ટિકિટ ખરીદવી પડે છે.

દેશની જેલોમાં કેદ કેદીઓને શિક્ષણ તેમજ આત્મવિકાસ સાથે જોડવા માટે 'તીનકા જેલ પાઠશાલા' નામના કાર્યક્રમની શરૂઆત થઈ છે. આ યોજના હેઠળ કેદીઓને રેકોર્ડ કરવામાં આવેલા માસ્ટર કલાસ આપવામાં આવશે. યોગ્ય માધ્યમ દ્વારા હિન્દી અને અંગ્રેજી ભાષામાં આ માસ્ટર કલાસનો ઉપયોગ કેદીઓ કરી શકશે. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન ઈન્ડિયા હેબીટેટ સેન્ટરના પ્રોફેસર કેજી સુરેશએ કર્યું હતું. એમના કહેવા પ્રમાણે જેલનો ઉદ્દેશ ફક્ત સજા આપવાનો નહીં, પરંતુ કેદીઓની સુધારણા માટે પણ હોવો જોઈએ. કેદીઓને સમાજની મુખ્ય ધારાથી જોડવા માટે આ પ્રકારના શિક્ષા અભિયાન જરૂરી છે.

**હીટવેવ**

### સીમેન્ટ કોંક્રિટના જંગલો તાપમાન વધારી રહ્યા છે

# હીટવેવ માનવ વસ્તી - વનસ્પતિ માટે નવું જોખમ : ન સહેવાય ન રહેવાય

### શહેરોમાં તો અર્બન હીટ આઈલેન્ડ ઈફેક્ટને કારણે પણ સ્થિતિ વધારે વકરેલી અનુભવાય છે

શહેરોમાં તો અર્બન હીટ આઈલેન્ડ ઈફેક્ટને કારણે પણ સ્થિતિ વધારે વકરેલી અનુભવાય છે. ખાસ કરીને કોંક્રિટ, આસ્ફાલ્ટ અને ગ્લાસના કારણે ગરમી દિવસ દરમિયાન શોષાય છે અને જેમ જેમ અંધારું થતું જાય અને દિવસ આથમતો જાય તેમ ગરમી વધે છે : જાણકારો માને છે કે, શહેરી વિસ્તારોમાં રાત્રિના તાપમાનમાં જે વધારો થયો છે તેમાં 60 ટકા જેટલો ભાગ સ્થાનિક સ્તરે વધી રહેલી ગરમીના કારણે છે જ્યારે 40 ટકા ગ્રીનહાઉસ ગેસના સ્તરમાં થયેલો વધારો ભાગ ભજવે છે : ભારતના કિનારાના રાજ્યો અને શહેરોમાં વર્ષ 2012થી 2022 સુધીની સ્થિતિ જોઈએ તો અહીં ભેજનું પ્રમાણ 30-40 ટકાથી વધીને 40 થી 50 ટકા સુધી પહોંચી ગયું છે. તેના પગલે પણ રાત્રે તાપમાન ઘટતું નથી અને લોકોને હાલાકી પડી રહી છે ભારતમાં એપ્રિલ મહિનામાં કાળઝાળ ગરમી પડી રહી છે અને હજી તો મે મહિનો આવવાનો બાકી છે ત્યાં લોકોની હાલત કફોડી થઈ રહી છે. દિવસ દરમિયાન અને ખાસ કરીને બપોરે તો અતિશય ગરમી હોય છે. તેમાંય ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ કે ઉત્તર પ્રદેશમાં તો બપોરે ૪૦ ડિગ્રીની આસપાસ ગરમી પહોંચી રહી છે. જાણકારોના મતે ભારતમાં ગરમીની જે સમસ્યા છે તે ખરેખર તો વકરી રહી છે. ભારતમાં સાંજ પડતાની સાથે જ ગરમીની સમસ્યાનો અંત આવી જાય છે તેવું નથી. દેશના મોટાભાગના રાજ્યોમાં સૂર્ય આથમ્યા બાદ પણ કાળઝાળ





ગરમીમાંથી છુટકારો મળતો નથી.

હવામાન ખાતે જ જણાવ્યું હતું કે, ભારતમાં દિવસ કરતા રાત્રી સરેરાશ વધારે ગરમ થઈ રહી છે. મહારાષ્ટ્ર અને તેલંગણાને બાદ કરતા દેશના મોટાભાગના રાજ્યોમાં દિવસ કરતા રાત્રીનું સરેરાશ તાપમાન વધારે આવી રહ્યું છે. દિવસ કરતા રાત્રી વધારે ગરમ થઈ રહી છે. જાણકારોના મતે છેલ્લાં કેટલાક વર્ષોથી સતત દિવસ કરતા રાત્રીના તાપમાનમાં મોટાપાયે વધારો થઈ રહ્યો છે. તેમ છતાં તંત્ર દ્વારા કે લોકો દ્વારા રાત્રીના વધી રહેલા તાપમાન તરફ ઓછું ધ્યાન આપવામાં આવી રહ્યું છે કે, તેના અંગે ગંભીરતા દાખવવામાં આવી રહી નથી. હાલમાં તો દિવસ દરમિયાન પણ ભારતના રાજ્યોનું તાપમાન ભયાનક સ્તરે વધેલું છે. હાલમાં તો ઘણા વિસ્તારોમાં તાપમાનનો પારો ૪૫ ડિગ્રી પહોંચવા આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, મે મહિના સુધીમાં અનેક શહેરોનું તાપમાન સરેરાશ ૪થી આઠ ડિગ્રી વધી જવાની શક્યતા વચ્ચે મહારાષ્ટ્ર, છત્તીસગઢ, યુપી, ઓડિશા, તેલંગણા, આંધ્રપ્રદેશ, કર્ણાટક, કેરળ, તમિલનાડુ, ઝારખંડ જેવા રાજ્યોમાં હીટવેવ એલર્ટ અપાયું છે. અમરાવતી, વર્ધા, નાગપુર, દિલ્હી સહિતના અનેક શહેરોમાં તાપમાન બે દિવસમાં જ ત્રણથી ચાર ડિગ્રી વધી જતાં લોકોને અસહ્ય ગરમીનો અનુભવ થયો હતો. ઉત્તર પ્રદેશના બાંદામાં તાપમાનનો પારો ૪૪ ડિગ્રી નોંધાયો હતો. મધ્યપ્રદેશના નર્મદાપુરમ્ ૪૩ ડિગ્રીથી શેકાયું હતું. છત્તીસગઢમાં આકરી ગરમીના કારણે શાળાઓમાં ૧૧ દિવસની રજા આપી દેવામાં આવી છે. મધ્યપ્રદેશના ઘણાં જિલ્લાઓમાં બપોરને બદલે શાળાઓનો સમય સવારે કરી દેવાયો છે અને સમય પણ ઘટાડાયો છે. ચિંતાજનક બાબત એવી પણ છે કે, વિશ્વના અસહ્ય ગરમ ૫૦ સ્થળોમાં ૨૦ શહેરો ભારતના છે. ઉનાળામાં સરેરાશ તાપમાનની રીતે ૩૭ ડિગ્રી સાથે ચીનના યુન્નાન પ્રાંતનું જિંગહોંગ શહેર પહેલા નંબરે છે. તે પછી બીજા નંબરે ૩૬ ડિગ્રી સાથે ઓડિશાનું બ્લાંગિર આવે છે. વિએટનામનું સોન લા ત્રીજું છે તો વળી ચોથા અને પાંચમા ક્રમે ભારતના મહારાષ્ટ્રનું ચંદ્રપુર અને છત્તીસગઢનું રાયપુર છે. એ પછીના ક્રમે પણ મહારાષ્ટ્રનું ગડચાંદૂર, છત્તીસગઢનું મહાસમુંદ, બિહારનું સાસારામ, છત્તીસગઢનું ભીલાઈ, તેલંગણાનું કોથાપેટ, છત્તીસગઢનું બિલાસપુર જેવા શહેરો પણ આવે છે. આ બધાની વચ્ચે હવામાન ખાતા દ્વારા રાત્રીના વધતા તાપમાન અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. જાણકારોના મતે જ્યારે રાત્રીનું તાપમાન સરેરાશ તાપમાન કરતા ૪.૫ ડિગ્રીથી ૬.૪ ડિગ્રી જેટલું વધારે રહેતું હોય ત્યારે ગરમ રાત્રી જેવી કેટેગરી નક્કી કરવામાં આવતી હોય છે. અતિશય ગરમ રાત્રી ત્યારે કહેવાય છે જ્યારે રાત્રીનું તાપમાન સરેરાશથી ૬.૪ ડિગ્રી કરતા વધારે રહેતું હોય. હીટવેવની સ્થિતિમાં આવું થતું હોય છે.

# ભાજપના નેતા સહદેવસિંહ જાડેજા સહિત 9 શખ્સો સામે 1.59 કરોડની ફરિયાદ

### 9 શખ્સો સામે 1.59 કરોડની ફરિયાદથી રાજકીય વર્તુળોમાં ખળભળાટ !

• રાજકોટ/અમદાવાદ

રાજ્યમાં ગેરકાયદેસર ખનીજ ચોરીના કિસ્સાઓ અવારનવાર સામે આવતા હોય છે, પરંતુ જ્યારે તેમાં સત્તાપક્ષના નેતાનું નામ જોડાય ત્યારે તે મુદ્દો સ્વાભાવિક રીતે જ ચર્ચાનું કેન્દ્ર બની જાય છે. તાજેતરમાં ખનીજ ચોરીના એક મોટા મામલામાં ભાજપના નેતા સહદેવસિંહ જાડેજા સહિત કુલ 9 લોકો સામે ગુનો નોંધાતા સમગ્ર પંથકમાં ભારે ઉત્તેજના વ્યાપી ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, લાંબા સમયથી ચાલી રહેલી ગેરકાયદેસર ખનીજ ઉત્ખનનની પ્રવૃત્તિઓ અંગે મળેલી ફરિયાદોના આધારે ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, સરકારી નિયમોને નેવે મૂકીને લાખો ટન ખનીજની ચોરી કરવામાં આવી હતી. આ ગેરકાયદેસર પ્રવૃત્તિથી સરકારી તિજોરીને અંદાજે 1.59 કરોડનું જંગી નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે.

આ કેસમાં ભાજપના નેતા સહદેવસિંહ જાડેજા મુખ્ય આરોપી તરીકે સામે આવ્યા છે. ફરિયાદ મુજબ, સહદેવસિંહ જાડેજા અને તેમના અન્ય 8 સાગરીતોએ મળીને એક વ્યવસ્થિત સિન્ડિકેટ બનાવ્યું હતું. આ ટોળકી દ્વારા ખનીજ ચોરી કરવા માટે જે પ્રકારની પદ્ધતિઓ અપનાવવામાં આવી હતી, તે જોઈને તંત્ર પણ સ્તબ્ધ છે.

ફરિયાદ નોંધાતાની સાથે જ વહીવટી તંત્ર દ્વારા કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ કેસમાં 9 લોકો સામે IPCની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. એક તરફ પોલીસ આ મામલે આગળની તપાસ ચલાવી રહી છે, તો બીજી તરફ આ ઘટના બાદ રાજકીય ગલિયારાઓમાં પણ ગરમાવો આવી ગયો છે. વિપક્ષો હવે આ મુદ્દાને લઈને સરકારની કામગીરી અને નેતાઓની છબી પર પ્રહાર કરી રહ્યા છે.

ખનીજ સંપત્તિ એ દેશની અમૂલ્ય ધરોહર છે. જ્યારે કોઈ નેતા કે વગદાર વ્યક્તિ આવા કૃત્યોમાં સામેલ હોય, ત્યારે તે સામાન્ય નાગરિકોના વિશ્વાસ પર કુઠારાઘાત સમાન છે. 1.59 કરોડની ખનીજ ચોરી એ માત્ર આર્થિક ગુનો નથી, પરંતુ કુદરતી સંસાધનોનું આડેધડ ધોવાણ છે. 'પાક્કો ગુજરાત' માંગ કરે છે કે, આ મામલે કોઈ પણ પ્રકારના રાજકીય દબાણ વગર તપાસ થવી જોઈએ અને દોષિતોને જેલના સળિયા પાછળ મોકલવા જોઈએ, જેથી ભવિષ્યમાં કોઈ પણ નેતા કાયદાથી ઉપર હોવાનો અહંકાર ન કરે.

શું હવે આ મામલે ધરપકડ થશે?

હવે લોકોની નજર પોલીસની તપાસ પર છે કે શું ખરેખર કાયદાનો કોરડો આરોપીઓ પર પડશે કે પછી આ કેસ પણ અન્ય કૌભાંડોની જેમ ઠંડા બસ્તામાં દબાઈ જશે. 'પાક્કો ગુજરાત' આ મામલા પર સતત નજર રાખી રહ્યું છે અને દરેક અપડેટ આપતા રહેશે.

# પાખંડના ઓઠા હેઠળ કામલીલાનો ખેલ

### અશોક ખરાતના મોબાઈલમાંથી મળ્યા 35 બિભત્સ વીડિયો, અનેક હાઈ-પ્રોફાઇલ મહિલાઓ ભોગ બન્યાની આશંકા

અમદાવાદ/રાજકોટ

ધર્મના નામે ધતિંગ અને આસ્થાના નામે અંધશ્રદ્ધા ફેલાવતા કહેવાતા 'બાપુ' અશોક ખરાતનો અસલી ચહેરો હવે સમાજની સામે આવ્યો છે. પોલીસ તપાસમાં જે ખુલાસા થયા છે તે અત્યંત આઘાતજનક અને વિચલિત કરનારા છે. મેલી વિદ્યા અને તાંત્રિક વિધિના બહાને મહિલાઓનું જાતીય શોષણ કરનાર આ પાખંડીના કાળા કરતૂતોએ સમગ્ર રાજ્યમાં ચકચાર જગાવી છે.

પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી ટેકનિકલ તપાસમાં અશોક ખરાતના ફોન અને અન્ય ઉપકરણોમાંથી કુલ 35 જેટલા વાંધાજનક વીડિયો મળી આવ્યા છે. આ વીડિયો પુરાવો આપે છે કે કેવી રીતે આ પાખંડીએ 8 જેટલી મહિલાઓને પોતાની જાળમાં ફસાવી હતી. મેલી વિદ્યા અને વિધિ કરવાના બહાને આ મહિલાઓ પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો અને ત્યારબાદ આ કૃત્યના વીડિયો ઉતારી તેમને બ્લેકમેલ કરવામાં આવતી હોવાનું પણ સામે આવ્યું છે.

સૌથી ચોંકાવનારી બાબત એ છે કે આ પાખંડીના ભક્તોની યાદીમાં માત્ર સામાન્ય લોકો જ નહીં, પરંતુ સમાજનો પ્રતિષ્ઠિત ગણાતો વર્ગ પણ સામેલ હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ખરાતના દરબારમાં હાજરી આપનારાઓમાં:

* ક્લાસ વન ઓફિસરો (સરકારી ઉચ્ચ અધિકારીઓ)
* રાજનેતાઓ
* નામી બિઝનેસમેન
* જાણીતા ડોક્ટરો

આ હાઈ-પ્રોફાઈલ લોકોની સંડોવણી અથવા તેમની હાજરીએ આ પાખંડીને સમાજમાં એક મોટું 'કવચ' પૂરું પાડ્યું હતું, જેના કારણે તે લાંબા સમય સુધી આ કાળો કારોબાર ચલાવી શક્યો.

મેલી વિદ્યાના નામે માનસિક શોષણ

અશોક ખરાત પીડિત મહિલાઓને માનસિક રીતે એવી રીતે ડરાવતો હતો કે જો તેઓ તેની વાત નહીં માને તો તેમના પરિવાર પર કોઈ આફત આવશે અથવા મેલી વિદ્યાથી તેમને નુકસાન થશે. આ ડરનો લાભ ઉઠાવીને તે શારીરિક શોષણ કરતો હતો. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે શું આ સિવાય પણ અન્ય કોઈ મહિલાઓ તેનો શિકાર બની છે?

મહાનગર મેટ્રો પ્રશ્ન ઉઠાવે છે કે, શું આ હાઈ-પ્રોફાઈલ ભક્તો ખરાતના આ કૃત્યોથી અજાણ હતા? કે પછી સત્તા અને પૈસાના જોરે આ પાખંડીને છાવરવામાં આવતો હતો? પોલીસ અત્યારે દરેક વીડિયોની બારીકાઈથી તપાસ કરી રહી છે અને ભોગ બનનાર મહિલાઓના નિવેદન લેવાની પ્રક્રિયા હાથ ધરી છે.

આ કેસ માત્ર એક ગુનો નથી, પરંતુ અંધશ્રદ્ધામાં આંધળા બનેલા સમાજ માટે એક લાલબત્તી સમાન કિસ્સો છે.

-બ્યુરો રિપોર્ટ, પાક્કો ગુજરાત
પવન માકન

## રાશીફળ (તા.21-04-2026)

- **મેષ (અ.લ.ઈ)** તમે નવી ઊર્જાનો અનુભવ કરશો. કાર્યક્ષેત્રમાં તમારી મહેનતની પ્રશંસા થશે. ઉતાવળમાં કોઈ મોટો નિર્ણય લેવો નહીં.
- **વૃષભ (બ.વ.ઉ)** આર્થિક દૃષ્ટિએ દિવસ મિશ્ર રહેશે. બિનજરૂરી ખર્ચ પર કાપ મૂકવો જરૂરી છે. પરિવારમાં કોઈ શુભ પ્રસંગની ચર્ચા થઈ શકે છે.
- **મિથુન (ક.છ.ઘ)** તમારી વાણીથી તમે લોકોના દિલ જીતી શકશો. વેપારમાં નવી તકો મળી શકે છે. જીવનસાથી સાથે સારો સમય વિતશે.
- **કર્ક (ડ.હ)** માનસિક શાંતિ જળવાઈ રહેશે. આધ્યાત્મિકતા તરફ રુચિ વધશે. કામકાજમાં કોઈની મદદ લેવી પડી શકે છે.
- **સિંહ (મ.ટ)** આત્મવિશ્વાસ ટોચ પર હશે. સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થશે. લાંબા સમયથી અટકેલા કામ પૂરા થવાની શક્યતા છે.
- **કન્યા (પ.ઠ.ણ)** સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખવું. બહારનું ખાવા-પીવાનું ટાળવું. ઓફિસમાં વિવાદોથી દૂર રહેવું તમારા હિતમાં છે.
- **તુલા (ર.ત)** ભાગીદારીના કામમાં લાભ થશે. સંતાન પક્ષ તરફથી સારા સમાચાર મળી શકે છે. મન પ્રસન્ન રહેશે.
- **વૃશ્ચિક (ન.ય.)** સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે સારો દિવસ છે. કોર્ટ-કચેરીના કામમાં સફળતા મળી શકે છે.
- **ધન (ભ.ધ.ફ.ઢ)** રોકાણ માટે દિવસ અનુકૂળ છે. મિત્રો સાથે પ્રવાસનું આયોજન થઈ શકે છે. ઘરમાં આનંદનું વાતાવરણ રહેશે.
- **મકર (ખ.જ)** પ્રોપર્ટી અથવા વાહન ખરીદવાના યોગ બની રહ્યા છે. કાર્યભાર વધવાને કારણે થોડો થાક અનુભવાય, પણ પરિણામ સકારાત્મક આવશે.
- **કુંભ (ગ.શ.સ.ષ)** ભાઈ-બહેનો સાથેના સંબંધો મજબૂત બનશે. તમારી આવકમાં વધારો થઈ શકે છે. સાહસિક નિર્ણયો લેવા માટે સારો સમય છે.
- **મીન (દ.ચ.ઝ.થ)** પરિવારમાં સુખ-શાંતિ રહેશે. નાણાકીય લાભ થવાની પૂરી સંભાવના છે. જૂની ઉઘરાણી પરત મળી શકે છે.

# ન્યૂક્લિયર ડસ્ટને પગલે ઈરાન-અમેરિકા વાતચીત અટકી ગઈ છે !

### અમેરિકા અને ઈરાન વચ્ચે બીજી બેઠકમાં ઉકેલ નહી આવે તો બંને દેશો વચ્ચે ફરી યુદ્ધ વકરશે તેવી ભીતિ

ટ્રમ્પનો દાવો છે કે, યુરેનિયમ એનરિચમેન્ટ બંધ કરી દેવામાં આવે અને ન્યૂક્લિયર ડસ્ટ તેમને સોંપી દેવામાં આવે. અમેરિકા દ્વારા ઈરાનને તમામ ન્યૂક્લિયર સાઈટ ઉપરથી ન્યૂક્લિયર ડસ્ટ કાઢવા અને અને સુરક્ષિત રીતે લઈ જવા માટે મદદ પૂરી પાડવામાં આવશે. ઈરાન હજી સુધી તેના માટે રાજી થયું નથી : જાણકારો માને છે કે, ટેકનિકલી તેનો અર્થ એવો થાય છે કે, ઈરાન દ્વારા નાગરિક ઉપયોગ કરતા વધારે માત્રામાં ન્યૂક્લિયર એનરિચમેન્ટ કરવામાં આવેલું છે. જૂન ૨૦૨૫માં ઈઝરાયેલ અને અમરિકા દ્વારા ઈરાન ઉપર જે હુમલો કરાયો તેની પહેલા ઈરાન પાસે ૬૦ ટકા સુધી એનરીચ થયેલું ૪૦૦ કિલો યુરેનિયમ હતું જ્યારે ૨૦ ટકા એનરિચ થયેલું ૨૦૦ કિલો યુરેનિયમ હતું : ઈરાનના યુરેનિયમ એનરિચમેન્ટ પ્રોગ્રામ ઉપર ૨૦ વર્ષ સુધી પ્રતિબંધ મુકવામાં આવે. બીજી તરફ ઈરાન ઈચ્છે છે કે, પ્રતિબંધ મુકવો હોય તો મુકો પણ તે પાંચ વર્ષ સુધી જ હોવો જોઈએ. આ સિવાય ઈરાનના ન્યૂક્લિયર પ્રોગ્રામના જે કેન્દ્રો તૂટી ગયા છે તેનો તમામ કાટમાળ ઈરાનની બહાર મોકલવામાં આવેઅમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને અટકાવવા માટે શાંતિ મંત્રણાનું આયોજન કરવામાં આવ્યું હતું. જો કે પાકિસ્તાન ખાતે યોજાયેલી શાંતિ મંત્રણા નિષ્ફળ ગઈ હતી. આ વાતચીત દરમિયાન ન્યૂક્લિયર ડસ્ટ અંગે અમેરિકાએ ઘણા સવાલો કર્યા હતા અને તેના માટે હાલમાં પણ



અમેરિકા આકરાપાણીએ છે. અમેરિકી પ્રમુખ દ્વારા એનરિચ્ડ યુરેનિયમ ભંગાર અંગે સતત દાવા કરવામાં આવી રહ્યા છે અને તેઓ આ યુરેનિયમ કબજો કરવા માગે છે. અમેરિકા દ્વારા ઈરાનના આ જ ન્યૂક્લિયર કાર્યક્રમ સામે વાંધો ઉઠાવીને તેને અટકાવવા યુદ્ધ શરૂ કરવામાં આવ્યું હતું. અમેરિકા ઈચ્છે છે કે, જો ઈરાન દ્વારા ન્યૂક્લિયર ડસ્ટ તેને આપી દેવામાં આવે તો તરત જ સમજૂતી થઈ જશે અને યુદ્ધ કાયમી રીતે અટકી જશે.

આ એવો કોઈ ટિપિકલ શબ્દ નથી. અમેરિકા દ્વારા ઈરાનના યુરેનિયમ ભંડાર વિશે આ શબ્દનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. હકિકત એવી છે કે, અમેરિકા ઈચ્છે છે કે, ઈરાન દ્વારા યુરેનિયમ એનરિચમેન્ટનો કે પ્રયોગ છે તે સદંતર બંધ કરી દેવામાં આવે. ઈરાને તેના માટે ઈનકાર કર્યો છે. ભૂતકાળમાં પણ ઈરાને આ જ રીતે અમેરિકાની ડિમાન્ડ ફગાવેલી હતી. ત્યારબાદ ટ્રમ્પે આકરા થઈને ઈરાન ઉપર હુમલા કરાવ્યા હતા. હાલમાં પણ તેણે ઈરાનના સંભવિત પરમાણુ સ્થાનો ઉપર હુમલા કરાવ્યા છે. ટ્રમ્પનો દાવો છે કે, યુરેનિયમ એનરિચમેન્ટ બંધ કરી દેવામાં આવે અને ન્યૂક્લિયર ડસ્ટ તેમને સોંપી દેવામાં આવે. અમેરિકા દ્વારા ઈરાનને તમામ ન્યૂક્લિયર સાઈટ ઉપરથી ન્યૂક્લિયર ડસ્ટ કાઢવા અને અને સુરક્ષિત રીતે લઈ જવા માટે મદદ પૂરી પાડવામાં આવશે. ઈરાન હજી સુધી તેના માટે રાજી થયું નથી. જાણકારો માને છે કે, ટેકનિકલી તેનો અર્થ એવો થાય છે .

# બંધારણીય સુધારા ખરડા સંદર્ભમાં ભ્રમ ઊભો કરવાનો પ્રયાસ નિષ્ફળ

સરકાર અને ભાજપે બંધારણિય (૧૩૧માં) સુધારા ખરડા સંદર્ભમાં એક ભ્રમ ઊભો કરવાનો પ્રયાસ કર્યો હતો. આ ભ્રમ એકદમ ભૂલભરેલો હતો. તે વિકૃત હકીકતો તથા કાયદાના ભૂરભરેલા અર્થઘટનો પર આધારિત હતો. ૧૬ એપ્રિલ, ૨૦૨૬ના રોજ કાયદો એકદમ સ્પષ્ટ હતો. બંધારણિય (૧૦૬મો) સુધારો સપ્ટેમ્બર, ૨૦૨૩ના પસાર કરાયો હતો અને તે ભારતના બંધારણનો ભાગ હતો. બંધારણમાં કલમ ૩૩૪એનો ઉમેરો કરાયો હતો પરંતુ કોઈ અકળ કારણસર જે માત્ર સરકાર જ જાણે છે તે નોટિફાઈડ કરાયો નહતો. (૧૬ એપ્રિલની રાતે તેને નોટિફાઈડ કરાયો હતો). સદર સુધારા મારફત લોકસભામાં હાલની ૫૪૩ બેઠકોમાં મહિલાઓને અનામત પૂરુ પડાયું છે. મહિલાઓ માટે અનામત એ જાણીતી હકીકત છે. કલમ ૩૩૪એ બાબતે ફેરવિચારનો કોઈ પ્રશ્ન નહતો. જો કે સરકારના મનમાં કંઈક તોફાની વિચાર આવ્યો જે અનેક હેતુઓ પાર પાડશે તેવી શાસકોને આશા હતી. આ હેતુઓમાં તામિલનાડૂ તથા પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પ્રચાર ખોરવવાનો, યોગ્ય સીમાંકનની છાપ ઊભી કરવાનો, ડીલિમિટેશનની પ્રક્રિયામાં છીડાં પાડવાનો જે દક્ષિણના રાજ્યોને અન્યાયી બની રહેત તથા આ અનામતને ડીલિમિટેશન સાથે જોડાણ હતું તેવી ખોટી માન્યતા ઊભી કરવાના હેતુનો સમાવેશ થતો હતો. જ્યારે દરેક હેતુઓ ખુલ્લા પડી ગયા ત્યારે સદર દલીલો પત્તાના મહેલની જેમ તૂટી પડી.

સરકાર અને ભાજપને નીચેના પ્રશ્નોના ઉત્તર માટે ફરજ પાડવી રહીઃ

૧. મહિલાઓ માટે એક તૃતિયાંશ બેઠકો અનામત રાખવાનો મુદ્દો શા માટે ફરી ઊભો કરાયો?

બંધારણિય (૧૦૬માં) સુધારા ધારા જે મારફત બંધારણમાં કલમ ૩૩૪એ ઉમેરવામાં આવી હતી તે ના થકી આ પ્રશ્ન ઉકેલી લેવાયો હતો. કલમ ૩૩૪એમાં શું ખામી હતી? કલમ ૩૩૪એના અમલમાં તેમને શું અડચણો હતી? લોકોના મનમાં તમે શા માટે શંકાના બીજ રોપ્યા એમાંય ખાસ કરીને મહિલાઓના મનમાં શા માટે શંકાઓ ઊભી કરવામાં આવી કે મહિલા અનામત પ્રક્રિયા હજુ બાકી છે. કલમ ૩૩૪એ સંપૂર્ણ હતી અને તેમાં કંઈ જ કરવાનું બાકી નહોતું.

૨. સંસદના બન્ને ગૃહોની ૧૬થી ૧૮ એપ્રિલના બેઠક બોલાવવાની એવી શું ઉતાવળ હતી?

તામિલનાડૂમાં ૨૩ એપ્રિલ અને પશ્ચિમ બંગાળમાં ૨૯ એપ્રિલની ચૂંટણીની તારીખ જાહેર થઈ છે. મહિલાઓ માટે અનામત ડીલિમિટેશન બાદ જ થઈ શકવાનું છે. આખા દેશમાં ડીલિમિટેશન પ્રક્રિયામાં વર્ષો નહીં તો મહિનાઓ તો લાગી શકે છે. મહિલાઓ માટે જેમાં પ્રથમ વખત અનામત લાગુ થવાનું છે તે લોકસભાની ચૂંટણી ૨૦૨૯માં નિર્ધારી છે.

# ગુજરાતમાં આવતીકાલ તા. ૨૩ માર્ચથી ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ થશે: કૃષિ મંત્રી

• ગુજરાત

ગુજરાતના ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તેવા ઉમદા હેતુ સાથે રાજ્ય સરકાર દ્વારા આવતીકાલ તા. ૨૩ માર્ચ, ૨૦૨૬ થી રાજ્યભરમાં ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા ખરીદી માટેનું તમામ આગોતરું આયોજન પૂર્ણ કરી લેવામાં આવ્યું છે, તેમ કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, રાજ્યભરમાં ખેડૂતોની સુવિધા માટે પૂરતા પ્રમાણમાં ખરીદ કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે. ખેડૂતોએ કરાવેલી નોંધણી, વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને લઈને ચણાની ખરીદી માટે ૧૬૫ તથા રાયડાની ખરીદી માટે ૬૦ ખરીદ કેન્દ્રો કાર્યરત કરવામાં આવશે.ચણા અને રાયડાના ટેકાના ભાવે વેચાણ માટે ચાલુ વર્ષે પુષ્કળ સંખ્યામાં ખેડૂતોએ નોંધણી કરાવી છે. ચણા માટે ૨.૫૯ લાખથી વધુ તેમજ રાયડા માટે ૩૭,૦૦૦થી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી છે. નોંધણી કરાવેલા તમામ ખેડૂતો પાસેથી પૂરતી માત્રામાં જથ્થાની ખરીદી કરવામાં આવશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. ખરીદી પ્રક્રિયામાં પારદર્શિતા લાવવા અને ખેડૂતોને હાલાકી ન પડે તે માટે આ વર્ષે કેટલાક મહત્વપૂર્ણ પગલાં લેવાયા છે. નોંધણી કરાવેલ સાચા ખેડૂત પાસેથી જ ખરીદી થાય તે સુનિશ્ચિત કરવા માટે સૌપ્રથમવાર આધાર ઈનેબલ્ડ બાયોમેટ્રીક અથવા ફેસ ઓથેન્ટીકેશન પ્રક્રિયા અમલમાં મૂકવામાં આવી છે. જો કોઈ ખેડૂત અનિવાર્ય સંજોગોમાં કેન્દ્ર પર હાજર ન રહી શકે, તો તેમના દ્વારા નિયુક્ત કરવામાં આવેલ નોમીની પણ વેચાણ પ્રક્રિયા પૂર્ણ કરી શકશે.

ખેડૂતોને ભીડભાડથી બચાવવા અને વ્યવસ્થા જાળવવા માટે ખરીદ કેન્દ્રો દ્વારા SMS મારફતે અગાઉથી જાણ કરવામાં આવશે. ખેડૂતોએ તેમને મળેલા મેસેજ મુજબના નિયત સમયે અને તારીખે પોતાનો પાક લઈને કેન્દ્ર પર ઉપસ્થિત રહેવા વિનંતી કરવામાં આવી છે.

# નવા શૈક્ષણિક સત્રમાં સ્કૂલ વેન-રિક્ષાના ભાડા નહીં વધે:સ્કૂલ વર્ધી એસોસિએશનની બેઠકમાં મોટો નિર્ણય

• અમદાવાદ

યુદ્ધ જેવી પરિસ્થિતિ અને વધતી મોંઘવારી વચ્ચે અમદાવાદના વાલીઓ માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. અમદાવાદ સ્કૂલ વર્ધી એસોસિએશન દ્વારા વાલીઓ અને વિદ્યાર્થીઓ માટે મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. નવા શૈક્ષણિક સત્રમાં સ્કૂલ વાન અને રિક્ષાના ભાડામાં કોઈપણ પ્રકારનો વધારો નહીં કરવાની જાહેરાત કરી છે. નવા શૈક્ષણિક સત્ર દરમિયાન અત્યારે જે ભાડું ચાલે છે તે જ ભાડું યથાવત રહેશે. જેથી મોઘવારી વચ્ચે વાલીઓને આર્થિક ભારમાંથી રાહત મળશે. જો CNGના ભાવમાં વધુ પ્રમાણમાં વધારો થશે તો એસોસિએશન દ્વારા બેઠક બોલાવી વાલીઓના હિતમાં જ નિર્ણય લેવાનો નક્કી કરવામાં આવ્યું છે.નવા શૈક્ષણિક સત્રથી સ્કૂલ વાન-રિક્ષામાં ભાડા વધારો નહીં કરવા નિર્ણયયુદ્ધની સ્થિતિ વચ્ચે અનેક ચીજ વસ્તુઓના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે.

**GMનો ઈન્કાર** — જેટલા લોકો આવશે એટલી ટ્રેન ચલાવાશે

# આ રહ્યા મુસાફરો પર ડંડા વરસાવતા વીડિયો:પણ ઉધના રેલવે સ્ટેશને પર લાઠીચાર્જ થયાનો વેસ્ટર્ન રેલવેના GMનો ઈન્કાર

**ઘટના બાદ દોડી આવેલા વેસ્ટર્ન રેલવેના જીએમ રામાશ્રય પાંડેએ જણાવ્યું હતું કે, 'અફરાતફરી થઈ હતી**

• સુરત

સુરતના ઉધના રેલવે સ્ટેશને 19 એપ્રિલે શ્રમિકોની ભારે ભીડને કારણે મચેલી અફરાતફરીની ઘટનાને રેલવે તંત્રએ ગંભીરતાથી લીધી છે. જેથી સ્થિતિની સમીક્ષા કરવા અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર રામાશ્રય પાંડે આજે ઉધના સ્ટેશને આવ્યા હતા.જનરલ મેનેજરે સ્ટેશનના પ્લેટફોર્મ, એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ અને પ્રતીક્ષા ખંડ સહિતના વિસ્તારોની વિગતવાર મુલાકાત લીધી હતી. તેમની સાથે રેલવેના ઉચ્ચ અધિકારીઓનો કાફલો પણ હાજર રહ્યો હતો. નિરીક્ષણ દરમિયાન તેમણે તે ચોક્કસ સ્થળોની તપાસ કરી હતી જ્યાં ભીડ બેકાબૂ બની હતી. જો કે પોલીસે લાઠીચાર્જ કર્યો હોવાના ભાસ્કર પાસે વીડિયો હોવાછતાં તેમણે આ વાતનો ઈન્કાર કર્યો હતો.

ગઈકાલની ઘટના બાદ દોડી આવેલા વેસ્ટર્ન રેલવેના જીએમ રામાશ્રય પાંડેએ જણાવ્યું હતું કે, 'અફરાતફરી થઈ હતી કારણ કે લોકોને એવું લાગ્યું કે આ છેલ્લી ટ્રેન છે અને ત્યારબાદ કોઈ સ્પેશિયલ ટ્રેન નહીં ચાલે. પરંતુ અમે રાત્રે પણ ટ્રેનો ચલાવી હતી અને તે અડધી ખાલી ગઈ હતી. અમે 4000 લોકોને લઈ જવાની ક્ષમતા ધરાવીએ છીએ. પરંતુ



તેમાં માત્ર 1200-1300 લોકો જ ગયા.' 'જનતાને વિનંતી કરું છું કે જેટલા પણ લોકો આવશે, તેમના માટે ટ્રેન ચલાવાશે. આ કોઈ છેલ્લી ટ્રેન નથી. ગઈકાલે જે અવ્યવસ્થા થઈ તે એ જ કારણે થઈ હતી કે લોકોને લાગ્યું કે આના પછી ટ્રેન નહીં મળે. અમારી પાસે સ્પેશિયલ ટ્રેનોની કોઈ કમી નથી.'

વેસ્ટર્ન રેલ્વે સોશિયલ મીડિયા પર તમામ ન્યૂઝને ખોટી સાબિત કરી રહી છે અને કહી રહી છે કે આ બધું ભ્રામક છે. આવું કેમ? જ્યારે વીડિયો તો સાચા છે. તે અંગે જણાવ્યું હતું કે, અમે પણ વીડિયોની તપાસ કરીએ છીએ. જે રીતે સમાચારમાં કહેવામાં આવે છે કે ખૂબ જ અફરાતફરી મચી છે અને વેસ્ટર્ન રેલ્વેએ કોઈ વ્યવસ્થા નથી કરી, તે વાતો ભ્રામક છે. જે નેરેટિવ સેટ કરવામાં આવી રહ્યો છે તે ખોટો છે. મેં બધા જ વીડિયો જોયા છે, પોલીસ કોઈ પણ પેસેન્જર પર લાઠીચાર્જ કરી રહી નથી.

જીએમ દ્વારા શ્રમિકોની વધુ અવરજવર ધરાવતી ટ્રેનો વખતે વધારાનો સ્ટાફ તૈનાત રાખવા આદેશ અપાયો છે.'રવિવાર સિવાય અન્ય દિવસોમાં પણ ટ્રેન ચાલુ હોય છે'

મુલાકાત બાદ GM દ્વારા સ્થાનિક અધિકારીઓને કડક સૂચના આપવામાં આવી છે કે પીક અવર્સ દરમિયાન ભીડનું વ્યવસ્થાપન કરવા માટે 'ક્રાઉડ મેનેજમેન્ટ પ્લાન' વધુ મજબૂત બનાવવામાં આવે. આ સાથે જ રેગ્યુલર વેકેશનના સમયમાં વધારાની ટ્રેનો ચલાવવા અંગે પણ તૈયારીઓ કરવામાં આવી રહી છે. માત્ર રવિવારે જ સ્પેશિયલ ટ્રેન ન ચલાવવા બાબતે અને લોકોને માત્ર રવિવારે જ ન જવા બાબતે પણ સમજાવવામાં આવશે. રવિવાર સિવાય અન્ય દિવસોમાં પણ ટ્રેન ચાલુ હોય છે તો ત્યારે જવા માટે મુસાફરોને અપીલ કરવામાં આવી છે.મુસાફરોને રવિવાર સિવાયના દિવસોમાં પણ ટ્રેન મારફતે વતન જવા અપીલ કરી છે. રેગ્યુલર દિવસોમાં પણ ટ્રેન ચલાવવા તૈયારી છે.

વધુમાં જણાવ્યું કે હાલ ઉનાળામાં અચાનક મુસાફરોનો ધસારો વધ્યો છે. ખાસ કરીને રવિવારના દિવસે 'છઠ પૂજા' જેવી ભારે ભીડ જોવા મળી હતી. ગયા રવિવારે લગભગ 25,000 મુસાફરોને સુરક્ષિત રીતે રવાના કરવામાં આવ્યા હતા.ગઈકાલે રાત્રે 11:30 વાગ્યે છેલ્લી ટ્રેન હોવાની ગેરસમજ ફેલાતા મુસાફરોમાં થોડી અફડાતફડી મચી હતી. જોકે, રેલવે પાસે ટ્રેનોના વધારાના કોચ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે.RLDA (રેલ લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી) દ્વારા મુસાફરો માટે નવો 'હોલ્ડિંગ એરિયા' તૈયાર કરવામાં આવી રહ્યો છે, જેમાં 3 થી 4 મહિનાનો સમય લાગશે. આ વિસ્તાર તૈયાર થયા બાદ ગમે તેવી ભીડને સરળતાથી મેનેજ કરી શકાશે. અધિકારીએ લોકોને વિનંતી કરી છે કે તેઓ માત્ર રવિવારે જ ભીડ ન કરે અને અન્ય દિવસોમાં પણ મુસાફરી કરવાનું આયોજન કરે. રેલવે દ્વારા 'ટ્રેન ઓન ડિમાન્ડ' (માંગ મુજબની ટ્રેન) ની સુવિધા પણ નિયમિત રીતે આપવામાં આવશે.આવતીકાલે સવારે 10 વાગ્યે ટ્રેન હોવા છતાં પણ 24 કલાક પહેલા ઉધના રેલ્વે સ્ટેશન પર આવી ગયેલા મુસાફર કૈલાસે જણાવ્યું હતું કે, અહીં પાંચ વર્ષ થઈ ગયા છે સર, હું 'જરી'નું કામ કરું છું. અત્યારે ગામ જવાનું છે ને, ઘરે થોડું કામ છે, લગ્ન પ્રસંગ પણ છે. અને માતા-પિતા પણ છે તો તેમને મળવાનું પણ થઈ જવું છે.

**દિવ્યાંગ પિતા પર હુમલો કરતા માતા વચ્ચે પડ્યા હતા**

# ઉધનામાં જમવા બાબતે ઝઘડો થતા પુત્રએ માતાની હત્યા કરી:પાંચ વર્ષ પહેલા પત્ની પણ છોડીને જતી રહી હતી

**હત્યા** — સરતના ઉધના વિસ્તારમાં આવેલા હેડગેવાર પાસેના વાત્સલ્ય એવન્યુમાં એક ચોંકાવનારી ઘટના બની છે

• સુરત

સુરતના ઉધના વિસ્તારમાં હેડગેવાર પાસે આવેલા વાત્સલ્ય એવન્યુમાં દીકરાએ વૃદ્ધ માતાની હત્યા નિપજાવતા ચકચાર મચી છે. પુત્રએ દિવ્યાંગ પિતા પર હુમલો કરતા માતા વચ્ચે પડ્યા હતા. પુત્રએ જોરથી ધક્કો મારતા પટકાયેલા માતાનું મોત નિપજતા પોલીસે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સરતના ઉધના વિસ્તારમાં આવેલા હેડગેવાર પાસેના વાત્સલ્ય એવન્યુમાં એક ચોંકાવનારી ઘટના બની છે. રવિવારે રાત્રે આશરે 11 વાગ્યાના અરસામાં આરોપી મેહુલ ઉર્ફે મોન્ટુ વાણિયાએ ઘરમાં ખાવા જેવી ક્ષુલ્લક બાબતે હોબાળો મચાવ્યો હતો. મેહુલે તેની 70 વર્ષીય માતા પ્રતીક્ષાબેન અને પિતા હર્ષદભાઈ સાથે ઝઘડો શરૂ કર્યો હતો. તેની ફરિયાદ હતી કે 'તેના માટે અને તેની દીકરી હિયા માટે જમવાનું કેમ નથી બનાવ્યું?' આ નાની એવી વાત જોતજોતામાં હિંસક બની ગઈ હતી. આવેશમાં આવીને મેહુલે તેના પિતા હર્ષદભાઈ પર હુમલો કરી દીધો હતો.

ઝઘડો એટલો ઉગ્ર હતો કે મેહુલ તેના વૃદ્ધ પિતાનું ગળું દબાવવા લાગ્યો હતો. પિતાને તરફડતા જોઈને 70 વર્ષીય માતા પ્રતીક્ષાબેન પોતાના પતિને બચાવવા વચ્ચે પડ્યા હતા. પુત્રનો ગુસ્સો એટલો સાતમા આસમાને હતો કે તેણે પોતાની સગી માતા સાથે પણ ઝપાઝપી કરી હતી. મેહુલે પ્રતીક્ષાબેનને એટલા જોરથી ધક્કો માર્યો કે તેઓ છાતીના ભાગે નીચે પટકાયા હતા. જમીન પર પટકાતાની સાથે જ પ્રતીક્ષાબેન બેભાન થઈ ગયા હતા. પરિવારજનોએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને ફોન કર્યો હતો, પરંતુ પેરામેડિકલ સ્ટાફે તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા.ઘટનાની જાણ થતા જ ઉધના પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતક પ્રતીક્ષાબેનના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યો છે. આરોપી મેહુલ ઉર્ફે મોન્ટુ (ઉંમર 33 વર્ષ) વિરુદ્ધ પોતાની જ માતાની હત્યાનો ગુનો દાખલ કરીને તેને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આરોપીએ આવેશમાં આવીને કરેલા આ કૃત્યથી સમગ્ર વિસ્તારમાં સન્નાટો વ્યાપી ગયો છે. પોલીસે અત્યારે આરોપીની સઘન પૂછપરછ શરૂ કરી છે. ઉધના પોલીસ ઈન્સ્પેક્ટર આર.એમ. રાઠોડે આ કેસ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે આરોપી મેહુલનો સ્વભાવ અત્યંત ઝઘડાળુ હતો. તેના આવા વર્તનને કારણે જ પાંચ વર્ષ પહેલાં તેની પત્ની તેને છોડીને જતી રહી હતી. મેહુલને 8 વર્ષની એક દીકરી છે. પત્નીના ગયા પછી પણ મેહુલના વર્તનમાં કોઈ સુધારો આવ્યો નહોતો. તે અવારનવાર નાની નાની વાતોમાં ઘરમાં ક્લેશ કરતો હતો અને માતા-પિતાને હેરાન કરતો હોવાનું પણ સામે આવ્યું છે.આરોપી મેહુલ છેલ્લા ઘણા સમયથી બેરોજગાર હતો અને ઘરમાં કોઈ આર્થિક મદદ કરતો નહોતો. ઘરનું ગુજરાન ચલાવવાની જવાબદારી મેહુલની મોટી બહેન અને સમાજના લોકો ઉપાડતા હતા. મેહુલ કામધંધો કરવાને બદલે આખો દિવસ ઘરમાં જ રહેતો અને રાત્રે દારૂના નશામાં કે અન્ય કોઈ કારણે હોબાળો કરતો હતો. આર્થિક તંગી અને બેરોજગારીને કારણે ઘરમાં માનસિક તણાવનું વાતાવરણ રહેતું હતું, જે અંતે હત્યામાં પરિણમ્યું.આ પરિવારની સ્થિતિ પહેલેથી જ દયનીય હતી. મેહુલના પિતા હર્ષદભાઈ અગાઉ પ્રાઈવેટ નોકરી કરતા હતા, પરંતુ પાંચ વર્ષ પહેલાં એક અકસ્માતમાં તેમણે પોતાનો પગ ગુમાવવો પડ્યો હતો. અપંગતાને કારણે તેઓ હવે નોકરી કરવા સક્ષમ નહોતા. એક તરફ અપંગ પિતા અને બીજી તરફ વૃદ્ધ માતા, આ બંનેની સેવા કરવાને બદલે મેહુલે તેમને ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. જે પિતાના સહારે પરિવાર ચાલતો હતો, તે જ પિતાનું ગળું દબાવવા મેહુલ ખચકાયો નહીંમૃતક પ્રતીક્ષાબેનની દીકરીના લગ્ન થઈ ગયા હતા અને તે સાસરે રહેતી હતી, જોકે તે અવારનવાર પિયર આવતી-જતી રહેતી હતી.

# ડાંગ:બોરખલના પાયરઘોડીમાં પાણીની વિકટ સમસ્યા, ગ્રામજનો દ્વારા ચૂંટણી બહિષ્કારની ચીમકી

**ઉનાળાની શરૂઆત થતા જ સ્થાનિક જળાશયો અને હેન્ડપંપોના તળ ઊંડા ગયા છે**

• આહવા/ડાંગ

ડાંગ જિલ્લાના આહવા તાલુકામાં આવેલા બોરખલ ગામના પાયરઘોડી વિસ્તારમાં હાલ પાણીની ભયાનક તંગી સર્જાઈ છે. ઉનાળાની શરૂઆત થતા જ સ્થાનિક જળાશયો અને હેન્ડપંપોના તળ ઊંડા ગયા છે, જેના કારણે ગ્રામજનોને ટીપાં-ટીપાં પાણી માટે વલખાં મારવા પડી રહ્યા છે.

જીવના જોખમે પાણીની શોધે છે ગામની મહિલાઓની સ્થિતિ અત્યંત દયનીય બની છે. પીવાલાયક પાણી મેળવવા માટે મહિલાઓએ ધોમધખતા તાપમાં માઈલો દૂર જંગલ વિસ્તારમાં ભટકવું પડે છે. પાયરઘોડીની મહિલાઓ જંગલમાં આવેલા એક જર્જરિત અને ભયજનક કૂવા પર પાણી ભરવા જાય છે. આ કૂવો અત્યંત ખરાબ હાલતમાં હોવાથી ગમે ત્યારે દુર્ઘટના સર્જાવાનો ભય રહે છે, છતાં તરસ છિપાવવા માટે મહિલાઓ જીવના જોખમે કૂવામાં ઉતરીને કે દોરડા વડે પાણી ખેંચવા મજબૂર બની છે.



વર્ષોથી ચાલતી આ પાયાની સમસ્યાનો કોઈ કાયમી ઉકેલ ન આવતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે અનેક રજૂઆતો છતાં તંત્ર દ્વારા માત્ર પોકળ આશ્વાસનો જ આપવામાં આવ્યા છે. આક્રોશિત ગ્રામજનોએ એકસૂરે ચીમકી ઉચ્ચારી છે કે:

જો આગામી દિવસોમાં પાણીની સમસ્યાનું કાયમી નિરાકરણ નહીં આવે, તો તેઓ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો સંપૂર્ણ બહિષ્કાર કરશે.

ગામમાં કોઈ પણ રાજકીય પક્ષને પ્રચાર કરવા દેવામાં આવશે નહીં.

'પાણી નહીં તો વોટ નહીં' ના નારા સાથે ગ્રામજનોએ એકતા દર્શાવી છે.

તંત્ર આ ગંભીર સમસ્યાની નોંધ લઈને તાકીદે પીવાના પાણીની વ્યવસ્થા ઊભી કરે તેવી માંગ પ્રબળ બની છે. હવે જોવાનું એ રહે છે કે વહીવટી તંત્ર ઊંઘમાંથી જાગે છે કે પછી પાયરઘોડીના ગ્રામજનો પોતાના નિર્ણય પર મક્કમ રહી ચૂંટણીનો ત્યાગ કરે છે.

# ખોટા દસ્તાવેજ રજૂ કરનાર સામે કાર્યવાહી:હવે નેશનલ હાઈ-વે 48 પર આવેલ ટોલ પ્લાઝા પર રોકડ ચૂકવણી બંધ

• વડોદરા

અમદાવાદ વડોદરા નેશનલ હાઈ-વે નંબર 48 પર આવેલ વાસદ તેમજ ખેડા ટોલના લાયઝન મેનેજર તેમજ ટોલ મનેજર દ્વારા જણાવવામાં આવ્યું છે કે હાલમાં કેટલીક ગાડીવાળા ટોલમાંથી પસાર થવા માટે જરૂરી પુરાવા ડુપ્લિકેટ બતાવવાનો પ્રયાસ કરે છે પરંતુ, ટોલમાં જે સરકારી હોદ્દેદારો અથવા સબંધિત વાહનોને મુક્તિ આપવામાં આવી છે, તે પણ NHAIના પરિપત્ર મુજબ આપવામાં આવી છે તે મુક્તિ પણ ફાસ્ટેગના માધ્યમથી જ ઉપલબ્ધ છે.

ભારત સરકારની ટોલ વસૂલીમાં નુકસાન ન થાય તે હેતુથી જો ગાડી ચાલક ખોટા દસ્તાવેજ, જેવાં કે ગાડીની RC બુક, બીજી વ્યક્તિનું આધાર કાર્ડ અથવા કોઈ રહેઠાણ પ્રૂફ ટોલ પ્લાઝા પર રજૂ કરે છે અને તે ડોક્યુમેન્ટ ફર્ઝી સાબિત થશે તો તુરંત તેની માહિતી પોલીસમાં આપી તેની પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને જૂના રેકોર્ડ મુજબ ટોલને થયેલું નુકસાનની પણ ભરપાઈ/વસૂલાત કરાવવામાં આવશે. (જે તે વાહનના વર્ગ વાર અને દર મુજબ ) જેથી ભારત સરકારને થતું નુકસાન અટકાવી શકાય.વધુમા ભારત સરકારના માર્ગ અને પરિવહન મંત્રાલય દ્વારા ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગને આદેશ આપવામાં આવ્યો છે કે, આગામી તારીખ 1 એપ્રિલ, 2026થી ટોલ પ્લાઝા પર રોકડમાં ચુકવણી કરવાનું બંધ કરી દેવામાં આવશે. જો તમારે ટોલ પ્લાઝા પરથી પસાર થવું હોય તો તમારી ગાડીમાં ફાસ્ટટેગથી અથવા UPI જેમકે ગૂગલ પે, ફોન પે તેમજ અન્ય કોઈ UPI એપ્લિકેશનથી જ પેમેન્ટ વસૂલવામાં આવશે. ઉપરોક્ત બાબતના અનુસંધાનમાં ટોલ પ્લાઝા અધિકારો દ્વારા પોલિસ સ્ટેશનમાં પત્ર પણ રજુ કરવામાં આવેલ છે તેમજ પોલીસનો સહયોગ હંમેશા સકારાત્મક રહયો છે. અમદાવાદ વડોદરા નેશનલ હાઈ-વે નંબર 48 પર આવેલ વાસદ તેમજ ખેડા ટોલના લાયઝન મેનેજર તેમજ ટોલ મનેજર દ્વારા જણાવવામાં આવ્યું છે કે હાલમાં કેટલીક ગાડીવાળા ટોલમાંથી પસાર થવા માટે જરૂરી પુરાવા ડુપ્લિકેટ બતાવવાનો પ્રયાસ કરે છે પરંતુ, ટોલમાં જે સરકારી હોદ્દેદારો અથવા સબંધિત વાહનોને મુક્તિ આપવામાં આવી છે.

# રેલવે યાર્ડમાં કામ કરતા કર્મચારીને કરંટ લાગતા ગંભીર:કરચિયા રેલવે યાર્ડમાં ખલાસી તરીકે ફરજ બજાવતા કર્મચારીની હાલત નાજુક



• વડોદરા

વડોદરાના કરચિયા રેલવે યાર્ડમાં ફરજ દરમિયાન એક રેલવે કર્મચારીને અચાનક વીજળીનો જોરદાર કરંટ લાગ્યો હતો. આ અકસ્માતમાં કર્મચારી ગૌતમ સોલંકીની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે અને તેઓ હાલ ખાનગી હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે સંઘર્ષ કરી રહ્યા છે.મળતી માહિતી અનુસાર, ગૌતમ સોલંકી ખલાસી તરીકે કામગીરી કરે છે અને તેઓ કરચિયા યાર્ડમાં પોતાની નિયમિત ડ્યુટી બજાવી રહ્યા હતા ત્યારે અચાનક વીજ કરંટની ઝપેટમાં આવી ગયા હતા. ઘટના બનતાં જ તાત્કાલિક તેમને નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલુ છે, પરંતુ તેઓ સેફ્ટી વગર કામ કરતા હતા કે કેમ તે તપાસ બાદ જાણવા મળશે.

**હિજાબ અને પાઘડી: ધાર્મિક વસ્ત્રોને પણ કંપનીએ સત્તાવાર મંજૂરી આપી દીધી છે**

# લેન્સકાર્ટના ચશ્મા ઉતરી ગયા! ભારે વિરોધ સામે પીયૂષ બંસલ ઝૂક્યા: હવે સ્ટોરમાં તિલક, બિંદી અને કડા પહેરી શકાશે

કહેવાય છે ને કે 'જાગ્યા ત્યાંથી સવાર', પણ લેન્સકાર્ટના કિસ્સામાં તો 'જ્યારે લોકો જાગ્યા ત્યારે કંપનીને ભાન આવ્યું'. ભારતીય સંસ્કૃતિ અને ધાર્મિક પ્રતીકો સામે આંખ આડા કાન કરનાર દિગ્ગજ કંપની લેન્સકાર્ટને આખરે જનતાના રોષ સામે નમવું પડ્યું છે. સોશિયલ મીડિયા પર થયેલા ભારે વિરોધ અને બહિષ્કારની ચીમકી બાદ સીઈઓ પીયૂષ બંસલે સત્તાવાર માફી માંગી છે.

થોડા દિવસો પહેલા લેન્સકાર્ટના અમુક સ્ટોર્સમાં કર્મચારીઓને તિલક, કલાવ (નાડાછડી) કે અન્ય ધાર્મિક પ્રતીકો ધારણ કરવા પર રોક લગાવવામાં આવી હોવાના અહેવાલો વહેતા થયા હતા. આ સમાચાર વાયુવેગે




પ્રસરતા જ લોકોએ કંપનીની 'બિનસાંપ્રદાયિકતા'ના નામે ચાલતા ભેદભાવ સામે મોરચો માંડ્યો હતો.

નવી ગાઈડલાઈન: હવે બધું જ 'માન્ય'

ચારેતરફથી ઘેરાયેલી કંપનીએ તાબડતોબ ડેમેજ કંટ્રોલ કરતા નવી માર્ગદર્શિકા (Guidelines) જારી કરી છે. હવે લેન્સકાર્ટના કોઈપણ સ્ટોર પર કર્મચારીઓ નીચે મુજબના પ્રતીકો સાથે બિન્દાસ ફરજ બજાવી શકશે:

* તિલક અને બિંદી: કપાળ પર આસ્થાનું પ્રતીક હવે અવરોધ નહીં બને.
* મંગળસૂત્ર અને સિંદૂર: સૌભાગ્યના ચિહ્નો પર કોઈ રોકટોક નહીં.
* કલાવ (નાડાછડી) અને કડા: હાથમાં બાંધેલી રક્ષાસૂત્ર કે શીખ ધર્મનું કડું પહેરી શકાશે.
* હિજાબ અને પાઘડી: ધાર્મિક વસ્ત્રોને પણ કંપનીએ સત્તાવાર મંજૂરી આપી દીધી છે.

'અમે ભારતની વિવિધતાનો આદર કરીએ છીએ. અગાઉ થયેલી ભૂલ કે ગેરસમજ બદલ અમે ક્ષમાપ્રાર્થી છીએ. અમારા કર્મચારીઓ પોતાની ઓળખ અને આસ્થા સાથે ગૌરવપૂર્વક કામ કરી શકે તે માટે અમે કટિબદ્ધ છીએ.'

ગુંદર

સુરતમાં PSIની પરીક્ષામાં ચોરી, ઉમેદવારે 'સ્પાઈડરમેન' સ્ટાઈલમાં કર્યું પ્લાનિંગ

# એક્ઝામ પહેલા સ્કૂલનો 10 ફૂટનો દરવાજો કૂદી બેંચ નીચે મોબાઈલ ચોટાડ્યો પણ 'ગુંદર' દગો દઈ ગયો

## સુરતની સ્કૂલમાં PSIની પરીક્ષા આપવા આવેલા રિષભ યાદવે ફિલ્મી સ્ટાઈલમાં ચોરીનું પ્લાનિંગ કર્યું હતું પરંતુ, પરીક્ષા શરૂ થાય તે પહેલા જ તેનો ભાંડો ફૂટી ગયો

• સુરત

સ્પર્ધાત્મક પરીક્ષામાં પાસ થઈને ખાખી પહેરવાનું સપનું જોનારા લાખો યુવાનો મહેનત કરી રહ્યા છે, ત્યારે અંકલેશ્વરના એક ઉમેદવારે 'શોર્ટકટ' અપનાવી ખાખીને જ પડકાર ફેંક્યો હતો. સુરતની સ્કૂલમાં PSIની પરીક્ષા આપવા આવેલા રિષભ યાદવે ફિલ્મી સ્ટાઈલમાં ચોરીનું પ્લાનિંગ કર્યું હતું પરંતુ, પરીક્ષા શરૂ થાય તે પહેલા જ તેનો ભાંડો ફૂટી ગયો અને હવે તેની વિરુદ્ધ નવા કડક કાયદા હેઠળ કાર્યવાહી હાથ ધરાઈ છે. સુરત સિવાય વડોદરામાં પણ એક ઉમેદવાર ચોરી કરતા પકડાયો હતો. પોલીસ ફરિયાદ મુજબ, આરોપીનું નામ રિષભ રાજકુમાર યાદવ (રહે. 22, ઘર નં. એ-19, કુંભની રેસીડેન્સી, અંકલેશ્વર) છે. તે 19 એપ્રિલ, 2026ના રોજ અમરોલી સ્થિત મધુવન ઈન્ટરનેશલ સ્કૂલ (સેન્ટર નં.101) ખાતે PSIની પરીક્ષા આપવા આવ્યો હતો. તેને ખબર હતી કે પ્રવેશ સમયે કડક ચેકિંગ હશે, તેથી તેણે અગાઉથી જ ગેરરીતિનું મોટું ષડયંત્ર રચી નાખ્યું હતું. રિષભ સવારે 7.30 વાગ્યે ગેટ ખૂલે તેની રાહ જોવાને બદલે, સવારે 6.30 વાગ્યે જ સ્કૂલના પાછળના ભાગે પહોંચી ગયો હતો. તે પાછળનો દરવાજો કૂદીને પાર્કિંગમાં પ્રવેશ્યો અને ત્યાંથી 10 ફૂટ ઊંચો બેઝમેન્ટનો દરવાજો કૂદી અંદર ઘૂસી ગયો હતો. કોઈ ગાર્ડની નજરે ચઢે તે પહેલા જ તે ચોથા માળે પહોંચી પોતાના પરીક્ષા ખંડમાં જઈ બેસી ગયો હતો. પોતાની બેંચ પાસે પહોંચી રિષભે Oppo કંપનીનો F29 મોડલનો સ્માર્ટફોન સેલોટેપ વડે બેંચના નીચેના ભાગે છુપાવી દીધો હતો. તેને આશા હતી કે પરીક્ષા સમયે તે આરામથી ગુગલ કે સોશિયલ મીડિયાની મદદથી જવાબો લખશે. પરંતુ, નસીબની બલિહારી જુઓ! મોબાઈલનો ભાર વધુ હોવાથી સેલોટેપ ઉખડી ગઈ અને મોબાઈલ જોરદાર અવાજ સાથે નીચે પટકાયો. સ્ટાફની નજર આ ફોન પર પડી અને રિષભનો પ્લાન ચોપટ થઈ ગયો. આ મામલાની ગંભીરતા જોઈને પોલીસે રિષભ વિરુદ્ધ ગુજરાત જાહેર પરીક્ષા (ગેરરીતિ અટકાવવા બાબત) અધિનિયમ-2023ની કલમ 3 અને 12(1) હેઠળ ગુનો નોંધ્યો છે. આ ઉપરાંત ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ 329(3) અને 223 પણ ઉમેરવામાં આવી છે. નવા કાયદા મુજબ ગેરરીતિ કરનારને ભારે દંડ અને જેલની સજા થઈ શકે છે. મધુવન ઈન્ટરનેશલ સ્કૂલના સ્ટાફ અને પોલીસ ઈન્સ્પેક્ટર જે. બી. આહિર દ્વારા ત્વરિત કાર્યવાહી કરવામાં આવી હતી. આરોપી રિષભને પરીક્ષા આપવા દેવામાં આવી ન હતી અને તેની અટકાયત કરવામાં આવી હતી. હવે આ 'સ્પાઈડરમેન' ઉમેદવારે તેની કારકિર્દીના જોખમે જેલની હવા



ખાવાનો વારો આવ્યો છે. સ્પર્ધાત્મક પરીક્ષામાં પ્રામાણિકતાથી મહેનત કરનારા ઉમેદવારો માટે આ એક મોટો બોધપાઠ છે કે, ટેકનોલોજી અને ચતુર પ્લાનિંગ પણ કાયદાના લાંબા હાથથી બચાવી શકતા નથી.

ગતરોજ અમદાવાદના વસ્ત્રાલ રોડ પર આવેલી ભાવના ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલમાં PSI પરીક્ષાનું પેપર સીલ ખોલેલું આવ્યું હોવાનો ઉમેદવારોએ આક્ષેપ કર્યો હતો. ઉમેદવારો રજૂઆત કરવા જતા સુપરવાઈઝરે તમારે એ નહીં જોવાનું કહેતા ઉમેદવારોએ ભારે હોબાળો કર્યો હતો. તમારે પેપર આપવું હોય તો આપો એવી ભાષામાં વાત કરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. GPRB PSIની મુખ્ય લેખિત પરીક્ષા 86 હજાર ઉમેદવારે આપી હાજરી

ગુજરાત પોલીસ રિક્રૂટમેન્ટ બોર્ડ (GPRB)ના ઉપક્રમે પોલીસ સબ ઈન્સ્પેક્ટર કેડર (બિન હથિયારધારી પોલીસ સબ ઈન્સપેક્ટર, હથિયારધારી પોલીસ સબ ઈન્સપેક્ટર, પ્લાટુન કમાન્ડર, જેલર ગ્રુપ-2)ની કુલ 858 પોસ્ટ પર ભરતી માટેની બીજા તબક્કાની લેખિત પરીક્ષા માટે નોંધાયેલા કુલ 1.10 લાખ ઉમેદવારોમાંથી 86 હજાર ઉમેદવારો ઉપસ્થિત રહેતાં ઉપસ્થિત ઉમેદવારોની ટકાવારી 78.18 ટકા જોવા મળી છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે સભ્ય થવાની વય, કુંવરબાઈનું મામેરું યોજનાના પ્રશ્નો પુછાયા નિષ્ણાતોએ જણાવ્યું હતું કે સમગ્ર પ્રશ્નપત્રનું સ્તર 'મોડરેટથી અઘરા' (મોડરેટ ટુ હાર્ડ) સ્તરનું રહ્યું હતું. પેપરમાં ડેટા ઈન્ટરપ્રિટેશન અને લોજિકલ રિઝનિંગના પ્રશ્નો ખૂબ જ લાંબા હોવાથી વિદ્યાર્થીઓનો સમય વેડફાયો હતો. 200 માર્કના પેપરમાં જે પ્રશ્નો પૂછાયા હતા તેમાં મુખ્યત્વે કુંવરબાઈનું મામેરું યોજના, ક્યાં સ્થળને ગુજરાતના પ્રથમ જૈવ વિવિધતા હેરિટેજ સાઈટ તરીકે જાહેર કરાયું, 2011ની વસ્તી ગણતરી અનુસાર ગુજરાતની વસ્તી ગીચતા કેટલી છે, કોરોના વાઈરસ કોવિડ-19 ક્યાં વાઈરસને કારણે થતો રોગ છે, કોણે સૌ પ્રથમ વાર 'મહાગુજરાત' શબ્દની રચના કરી હતી, વર્ષ-2025માં ગુજરાતની માથાદીઠ આવક કેટલાને પાર કરી ગઈ હતી, કિશોરીઓમાં ક્યાં કેન્સરને રોકવા માટે વડાપ્રધાને રાષ્ટ્રવ્યાપી HPV રસીકરણ કાર્યક્રમ શરૂ કર્યો છે તેવા પ્રશ્નો પૂછ્યા હતા.

બંધારણના પ્રશ્નો પ્રમાણમાં સીધા હતા (જેમ કે આર્ટિકલ 5થી 11 નાગરિકતા અને આર્ટિકલ 393 સંક્ષિપ્ત નામ), જે વિદ્યાર્થીઓ માટે રાહતરૂપ રહ્યા હતા. જોકે 0.25 માઈનસ પદ્ધતિ હોવાથી અને પેપર લંબાયેલું હોવાથી જે વિદ્યાર્થીઓએ સમયનું સચોટ આયોજન કર્યું હશે તેઓ જ સ્પર્ધામાં આગળ રહેશે. કરંટ અફેર્સમાં 'ભવિષ્ય' ડોકાયું: પરીક્ષામાં કરંટ અફેર્સ વિભાગે બધાને ચોંકાવ્યા હતા, કારણ કે તેમાં જાન્યુઆરી-ફેબ્રુઆરી 2026 સુધીના તાજા પ્રશ્નો પૂછાયા હતા. ચંદ્રયાન-4 મિશનઃ ફેબ્રુઆરી 2026ની સ્થિતિએ ચંદ્ર પર ઉતરવા માટે પસંદ કરેલ સ્થળ (મોન્સ માઉટન-4) વિશે પ્રશ્ન પૂછાયો હતો. નવા જિલ્લાના તાલુકાઃ નવા રચાયેલ વાવ-થરાદ જિલ્લાના તાલુકાઓ વિશેની ભૌગોલિક જાણકારી પણ કસોટી કરનારી હતી.

માતાને ગાળો આપવા બાબતે થયેલી તકરારમાં 20 વર્ષીય યુવકની હત્યા

# સુરતમાં પિતરાઈ ભાઈએ જ ભાઈનું મર્ડર કરી નાખ્યું જમવા બેઠેલા પિતરાઈ ભાઈઓએ લોહી રેડ્યું

લોહિયાળ ખેલ ખેલાયો

બોલાચાલી બાદ ઉશ્કેરાયેલા પિતરાઈ ભાઈએ 20 વર્ષીય યુવકની ચપ્પુના ઘા ઝીકી નિર્મમ હત્યા કરી નાખી છે

• સુરત

સુરત શહેરના રાંદેર વિસ્તારમાં રમઝાનના પવિત્ર માસ દરમિયાન એક લોહિયાળ ઘટના સામે આવી છે. જેમાં સામાન્ય બોલાચાલી બાદ ઉશ્કેરાયેલા પિતરાઈ ભાઈએ 20 વર્ષીય યુવકની ચપ્પુના ઘા ઝીંકી નિર્મમ હત્યા કરી નાખી છે. પરિવાર જ્યારે સાથે બેસીને જમી રહ્યો હતો ત્યારે જ આ કરુણ અંજામ આવ્યો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.મળતી માહિતી મુજબ, 20 વર્ષીય સુલતાન અહેમદ શેખ મૂળ મહારાષ્ટ્રના માલેગાંવનો રહેવાસી હતો. રમઝાન માસની રજાઓ ગાળવા અને તહેવારની ઉજવણી માટે તે થોડા દિવસો પહેલા જ સુરતના



રાંદેર વિસ્તારમાં રહેતા તેના મામાના ઘરે ફરવા માટે આવ્યો હતો. સુલતાન પોતે મજૂરી કામ કરીને પરિવારને મદદરૂપ થતો હતો, પરંતુ તેને ખબર નહોતી કે મામાના ઘરે આવેલી આ મુલાકાત તેની છેલ્લી મુલાકાત બની જશે.ઘટનાની વિગત એવી છે કે રાંદેર વિસ્તારમાં પરિવારના તમામ સભ્યો એકસાથે બેસીને રાત્રિ ભોજન કરી રહ્યા હતા. જમણવાર ચાલી રહ્યો હતો ત્યારે વાતાવરણ એકદમ શાંત હતું. જોકે, જમતી વખતે સુલતાન અહેમદ અને તેના પિતરાઈ ભાઈ અલ્લાહરખા ઉર્ફે આમીર શેખ વચ્ચે કોઈ જૂની કે સામાન્ય વાતને લઈને રજક શરૂ થઈ હતી. આ રજક જોતજોતામાં ઉગ્ર ઝઘડામાં ફેરવાઈ ગઈ હતી.પોલીસ તપાસમાં હત્યાનું મુખ્ય કારણ સામે આવ્યું છે કે, જમતી વખતે બોલાચાલી દરમિયાન આરોપી આમીર શેખે સુલતાનની માતા વિશે અપશબ્દો ઉચ્ચાર્યા હતા. પોતાની માતા માટે ખરાબ શબ્દો સાંભળતા જ સુલતાન ઉશ્કેરાઈ ગયો હતો અને તેણે આમીરને ટોકતા કહ્યું હતું કે, 'તું મારી માને શા માટે આવા શબ્દો કહે છે?' બસ, આ જ વાત આમીરને ખૂંચી ગઈ હતી અને ગાળાગાળી બાદ મામલો મારામારી સુધી પહોંચી ગયો હતો.માતાના સન્માનમાં સુલતાને કરેલો વિરોધ આમીર સહન કરી શક્યો નહીં. આક્રોશમાં આવીને આમીરે ઘરમાં પડેલું તીક્ષ્ણ ચપ્પુ ઉપાડી લીધું હતું અને કંઈ પણ વિચાર્યા વગર સુલતાન પર હુમલો કરી દીધો હતો. આમીરે સુલતાનને ચપ્પુના જીવલેણ ઘા ઝીંકી દેતા સુલતાન લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યો હતો. પરિવારજનો તાત્કાલિક તેને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા, પરંતુ ગંભીર ઈજાઓને કારણે તેનું મોત નીપજ્યું હતું.બનાવની જાણ થતા જ રાંદેર પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી હત્યાનો ગુનો દાખલ કર્યો છે. પોલીસે ત્વરિત કાર્યવાહી કરતા આરોપી પિતરાઈ ભાઈ અલ્લાહરખા ઉર્ફે આમીર શેખની ધરપકડ કરી લીધી છે. પૂછપરછમાં સામે આવ્યું છે કે બંને ભાઈઓ મજૂરી કામ કરતા હતા. હાલ પોલીસે હત્યામાં વપરાયેલું હથિયાર કબજે કરવાની તજવીજ હાથ ધરી છે.

# ગોરવામાં નશામાં ધૂત બાઈક ચાલકે મહિલાને અડફેટે લીધી, બંને લોહીલુહાણ

આરોપીએ કહ્યું-મારો હાથ પકડો, માથામાં પાણી નાંખો, મારી આંખ ખુલે પછી, જે કરવું હોય તે કરજો

• વડોદરા

શહેરના ગોરવા વિસ્તારમાં ગઈકાલે રાત્રે નશામાં ધૂત થઈને બાઈક ચલાવતા યુવકે એક મહિલાને ટક્કર મારી હતી. જેમાં મહિલા ઈજાગ્રસ્ત થઈ હતી.ઘટનાને પગલે ગોરવા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને આરોપીની ધરપકડ કરી તેની સામે અકસ્માત અને પ્રોહીબિશનનો ગુનો દાખલ કર્યો હતો. નશાના ધૂત આરોપી વિવેક શેરબહાદુર શ્રીવાસ્તવે કહ્યું હતું કે, અરે, મારો હાથ તો કોઈ પકડો યાર. મારી વાત સાંભળો. મારા માથા પર થોડું પાણી નાખી આપો, મારી આંખ ખુલે પછી તમારે જે કરવું હોય તે કરજો, ખાલી માથા પર થોડું પાણી નાખી આપો. વડોદરા કરોડીયા રોડ પર રહેતા ફરિયાદી રીનાબેન હિતેશભાઈ વસાવા (ઉંમર 33 વર્ષ),એ ગોરવા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ પ્રમાણે તા. 4 માર્ચના રોજ રાત્રે 8.45 વાગ્યાના સુમારે રીનાબેન ઘરેથી ચાલવા માટે નીકળ્યા હતા અને તેઓ મધુનગર તરફ ગયા હતા. પરત ફરતી વખતે તેઓ મધુનગર પાસેથી રોડ ક્રોસ કરીને ઘર તરફ જઈ રહ્યા હતા, ત્યારે



એક મોટરસાયકલ ચાલકે પોતાનું વાહન પૂરઝડપે અને બેદરકારીપૂર્વક ચલાવીને પાછળથી અથડાવી દીધી હતી.આ અકસ્માતમાં રીનાબેન રોડ પર પડી ગયા હતા અને તેમને માથાના કપાળના ભાગે, ડાબી આંખની પાંપણ પર, નાકના ભાગે તથા મોંના અંદરના ભાગે ઈજા થઈ હતી. અકસ્માત કરનાર બાઈક ચાલક પણ પોતાની સાયકલ સાથે રોડ પર પડી ગયો હતો. તે પણ ઈજાગ્રસ્ત થયો હતો. અકસ્માતની જાણ થતાં જ સોસાયટીના લોકો તથા તેમના પતિ હિતેશભાઈ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ઈજાગ્રસ્ત રીનાબેનને તેમના પતિએ કારમાં બેસાડીને ગોત્રી જનરલ હોસ્પિટલમાં લઈ જઈને સારવાર અર્થે દાખલ કરાવી હતી. હાલ તેમની સારવાર ચાલુ છે.આ અકસ્માતમાં આરોપી વિવેક શેરબહાદુર શ્રીવાસ્તવ (રહે. રૂષીનગર, ગોરવા પોલીસ સ્ટેશનની બાજુમાં, ગોરવા, વડોદરા) સામે ગોરવા પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ પણ કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસે તેની ધરપકડ કરીને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# SP યુનિવર્સિટીમાં નેશનલ કોન્ફરન્સ:50થી વધુ પેપર્સ રજૂ

નિષ્ણાતોએ કહ્યું: ભારતીય વારસા પર સંશોધન કરો

• આણંદ

સરદાર પટેલ યુનિવર્સિટીના રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેલ (RDC) દ્વારા તાજેતરમાં બે દિવસીય 'રિસર્ચ સ્કોલર્સ મીટ 2026'નું આયોજન કરાયું હતું. PM-USHA દ્વારા પ્રાયોજિત આ નેશનલ કોન્ફરન્સમાં હ્યુમેનિટીઝ અને સોશિયલ સાયન્સના આંતરશાખાકીય સંશોધનો પર ચર્ચા કરવામાં આવી હતી. આદિ શંકરાચાર્ય ઓડિટોરિયમ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં શિક્ષણવિદોએ માતૃભાષા અને ભારતીય જ્ઞાન પરંપરાને સંશોધનનો પાયો બનાવવા પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમની શરૂઆત યુનિવર્સિટી ગીત અને દીપ પ્રાગટ્ય સાથે થઈ હતી. ઉદ્ઘાટન પ્રસંગે મુખ્ય વક્તા ડૉ. ઓમ જી ઉપાધ્યાયે જણાવ્યું કે માતૃભાષા સાથે ક્યારેય સમાધાન ન થઈ શકે અને બાળકોને પોતાની ભાષામાં શીખવવામાં આવે તો જ તેમની સર્જનાત્મકતા ખીલે છે. કુલપતિ પ્રો. નિરંજન પટેલે સંશોધકોને 'કોપી-પેસ્ટ'ની પ્રવૃત્તિથી દૂર રહી ગૌરવશાળી ભારતીય વારસા પર મૌલિક સંશોધન કરવા પ્રેરિત કર્યા હતા. ્લીનરી સેશનમાં ડૉ. પ્રફુલ કેતકરે એકાત્મ દ્રષ્ટિ અને ભારતીય જ્ઞાન પરંપરા વિશે ઊંડાણપૂર્વક વાત કરી હતી. ત્યારબાદ યોજાયેલા સંશોધન પત્ર પ્રસ્તુતિ સત્રોમાં 50થી વધુ વિદ્યાર્થીઓએ તેમના પેપર્સ રજૂ કર્યા હતા. આ સત્રોમાં પ્રો. ભરત પંડ્યા, પ્રો. હિતેશ પટેલ, ડૉ. સ્નેહા બજાજ અને અન્ય તજજ્ઞોએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી. કોન્ફરન્સના બીજા દિવસે ડૉ. દીપેશ કાટીરાએ સંસ્કૃત અને આધુનિક ભાષાઓના આંતર-સંબંધો સમજાવ્યા. પ્રો. કમલ મહેતાએ સાહિત્ય દ્વારા સામાજિક સમસ્યાઓના ઉકેલ પર પ્રકાશ પાડ્યો હતો. અંતિમ સત્રમાં ડૉ. દિલીપ બરાડે AI ના યુગમાં માનવીય અસ્તિત્વ અને ડિજિટલ હ્યુમેનિટીઝ વિશે માહિતી આપી હતી.

## પેટલાદ કોલેજમાં ભારતીય જ્ઞાન પરંપરા સેમિનાર સંપન્ન:રાષ્ટ્રીય શિક્ષણ નીતિના સંદર્ભમાં શૈક્ષણિક મંથન યોજાયું



• પેટલાદ, આણંદ

પેટલાદની આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ દ્વારા ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ અને નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત (K.C.G.) ના સંયુક્ત ઉપક્રમે એક રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર 'ભારતીય જ્ઞાન પ્રણાલી (IKS) અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020' વિષય પર કેન્દ્રિત હતો. દિવસભર ચાલેલા આ કાર્યક્રમમાં કુલ ૯ વિશિષ્ટ સત્રો યોજાયા હતા.આ સત્રોમાં મુખ્ય 'શિખર સત્ર' ઉપરાંત ભારતના પ્રાચીન ઋષિઓ જેવા કે કપિલ મુનિ-કશ્યપ, કૌટિલ્ય-ભારદ્વાજ, ભરત મુનિ-પાણિની, યાજ્ઞવલ્ક્ય-પરાશર, આર્યભટ્ટ-ભાસ્કરાચાર્ય, ચાણક્ય-વિદુર, કલ્હણ-વરાહમિહિર અને વશિષ્ઠ-વિશ્વામિત્રના નામ પરથી સત્રોના નામાભિધાન કરી ભારતીય જ્ઞાનની ધરોહરને યાદ કરવામાં આવી હતી.

PIના ભાઈને પલંગ પર બાંધી લાકડીએ ફટકારી રહેંસી નાખ્યો

# સુરત રિહેબ સેન્ટરમાં ક્રૂરતાપૂર્વક માર મારી હત્યા, 4 આરોપીઓએ ગળે મુક્કા માર્યા

• સુરત

સુરત શહેરના ડુમસ રોડ પર સુલતાનાબાદ ખાતે આવેલા 'રિવા વ્યસન મુક્તિ અને રિહેબ સેન્ટર'માં માનવતાને શર્મસાર કરતી અને કાયદો-વ્યવસ્થાને પડકારતી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. વ્યસન મુક્તિની સારવાર માટે આવેલા 32 વર્ષીય યુવક ધવલ જયંતીભાઈ રાઠોડની સંસ્થાના કાઉન્સિલરો અને ડ્રાઈવરે ભેગા મળીને કરપીણ હત્યા કરી નાખી છે. મૃતક ધવલભાઈ પોલીસ ઈન્સ્પેક્ટરના ભાઈ હતા, તેમ છતાં આ નરાધમોએ જરા પણ ખૌફ રાખ્યા વગર તેમને તાલિબાની સજા આપી મોતને ઘાટ ઉતારી દીધા છે. ચારેય આરોપીની ધરપકડ કરાઈ છે.ઘટનાની શરૂઆત ગત 1 માર્ચ 2026ના રોજ રાત્રે 9 વાગ્યાના અરસામાં થઈ હતી. ધવલ રાઠોડને વ્યસન મુક્તિની સારવાર માટે 28 ફેબ્રુઆરીએ જ ડુમસના સુલતાનાબાદ સ્થિત 'રિવા વ્યસન મુક્તિ અને રિહેબ સેન્ટર'માં સારવારમાં દાખલ કરવામાં આવ્યા હતા. રવિવારની રાત્રે સંસ્થાના કાઉન્સિલર જિગ્નેશ ભાસ્કરભાઈ દેસાઈ ધવલ પાસે ગયા હતા અને તેમને સારવારની ગોળીઓ લેવા જણાવ્યું હતું. ધવલે આ ગોળીઓ લેવાની ના પાડતા જ જિગ્નેશ એકાએક ઉશ્કેરાઈ ગયો હતો. તેણે કોઈપણ જાતની સમજાવટ વગર ધવલને જોરદાર તમાચો મારી દીધો હતો. આ વાતને લઈને ધવલ અને જિગ્નેશ વચ્ચે ઝપાઝપી શરૂ થઈ હતી.જ્યારે ધવલે પોતાનો બચાવ કરવા બૂમાબૂમ કરી, ત્યારે નીચેના માળેથી સંસ્થાના અન્ય કાઉન્સિલરો રોહન, શૈલેષ અને સંસ્થાની ગાડીનો ડ્રાઈવર દિલીપ ઉપર દોડી આવ્યા હતા. આ ચારેય જણાએ ધવલ સાથે ગાળાગાળી શરૂ કરી હતી. આરોપી રોહને તો ધવલની આંખમાં આંખ પરોવી ધમકી આપી હતી કે, 'તારા જેવા ઘણાને મેં સીધા કરી દીધા છે, તારી અમારી સામે થવાની હિંમત કેમ થઈ? આજે તો તને છોડવાનો નથી, તને મારી જ નાખવાનો છે.' આરોપીઓએ ક્રૂરતાની તમામ હદો વટાવી દીધી હતી. ડ્રાઈવર દિલીપ નીચે જઈ લાકડી લઈ આવ્યો હતો. ત્યારબાદ રોહન, શૈલેષ અને દિલીપે ધવલને પલંગ પર ઊંધો સુવડાવી દીધો હતો. ત્રણેય શખ્સોએ ધવલના હાથ અને પગ એટલી મજબૂતીથી પકડી રાખ્યા હતા કે ધવલ સહેજ પણ હલી શકે તેમ નહોતો. જિગ્નેશ દેસાઈએ દિલીપ પાસેથી લાકડી લઈ ધવલ પર અત્યાચાર શરૂ કર્યો હતો. લાકડીના એક પછી એક ફટકા ધવલના શરીર પર પડવા લાગ્યા હતા. ધવલ આજીજી કરી રહ્યો હતો, 'મારી ભૂલ થઈ ગઈ છે, મને માફ કરી દો, હવે હું ગોળીઓ લઈ લઈશ.'

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# 2025-26 સીઝનમાં અદાણી સ્પોર્ટ્સલાઈન એકેડેમીના ખેલાડીઓનું સર્વોચ્ચ પ્રદર્શન

## રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે એક જ સીઝનમાં 98 મેડલ જીત્યા



અમદાવાદની અદાણી સ્પોર્ટ્સલાઈન એકેડેમીના ખેલાડીઓએ વર્ષ 2025-26ની સીઝનમાં રમતગમત ક્ષેત્રે નવો ઈતિહાસ રચ્યો છે. એપ્રિલ 2025થી ફેબ્રુઆરી 2026 દરમિયાન યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાં એકેડેમીના ખેલાડીઓએ કુલ 98 મેડલ પોતાના નામે કર્યા છે, જેમાં 33 ગોલ્ડ, 32 સિલ્વર અને 33 બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે. આ ભવ્ય સફળતામાં સૌથી મોટું યોગદાન સ્પીડ સ્કેટિંગનું રહ્યું છે, જેમાં ખેલાડીઓએ સૌથી વધુ 23 ગોલ્ડ મેડલ જીત્યા છે. ખાસ કરીને ભક્તિ ખંધારે નેશનલ ઈનલાઈન સ્કેટિંગમાં ત્રણ વાર ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું અને 'ખેલ મહાકુંભ'માં પણ પાંચ મેડલ મેળવ્યા. બીજી તરફ, ટેનિસ સ્ટાર હર્ષા દેશપાંડેએ અમદાવાદ અને જયપુરમાં યોજાયેલી ઓલ-ઈન્ડિયા ચેમ્પિયનશિપમાં ટાઈટલ જીતીને એકેડેમીનું ગૌરવ વધાર્યું છે. સ્કેટબોર્ડિંગમાં રેયાંશ માશેટ્ટીએ વડોદરામાં બે ગોલ્ડ મેડલ જીત્યા, જ્યારે બાસ્કેટબોલમાં પણ એકેડેમીના ચાર ખેલાડીઓ- સરથ્યા પટેલ, તક્ષ પટેલ, જલ પટેલ અને ગૌરવ અગ્રવાલની પસંદગી અંડર-19 ગુજરાત ટીમમાં કરવામાં આવી છે. ભાનવી જેસલપુરાએ પણ દેહરાદૂનમાં યોજાયેલ સબ-જુનિયર નેશનલમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યું હતું. અમદાવાદની અદાણી સ્પોર્ટ્સલાઈન એકેડેમીના ખેલાડીઓએ વર્ષ 2025-26ની સીઝનમાં રમતગમત ક્ષેત્રે નવો ઈતિહાસ રચ્યો છે. એપ્રિલ 2025થી ફેબ્રુઆરી 2026 દરમિયાન યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાં એકેડેમીના ખેલાડીઓએ કુલ 98 મેડલ પોતાના નામે કર્યા છે, જેમાં 33 ગોલ્ડ, 32 સિલ્વર અને 33 બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે. આ ભવ્ય સફળતામાં સૌથી મોટું યોગદાન સ્પીડ સ્કેટિંગનું રહ્યું છે, જેમાં ખેલાડીઓએ સૌથી વધુ 23 ગોલ્ડ મેડલ જીત્યા છે. ખાસ કરીને ભક્તિ ખંધારે નેશનલ ઈનલાઈન સ્કેટિંગમાં ત્રણ વાર ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું અને 'ખેલ મહાકુંભ'માં પણ પાંચ મેડલ મેળવ્યા. બીજી તરફ, ટેનિસ સ્ટાર હર્ષા દેશપાંડેએ અમદાવાદ અને જયપુરમાં યોજાયેલી ઓલ-ઈન્ડિયા ચેમ્પિયનશિપમાં ટાઈટલ જીતીને એકેડેમીનું ગૌરવ વધાર્યું છે. સ્કેટબોર્ડિંગમાં રેયાંશ માશેટ્ટીએ વડોદરામાં બે ગોલ્ડ મેડલ જીત્યા, જ્યારે બાસ્કેટબોલમાં પણ એકેડેમીના ચાર ખેલાડીઓ- સરથ્યા પટેલ, તક્ષ પટેલ, જલ પટેલ અને ગૌરવ અગ્રવાલની પસંદગી અંડર-19 ગુજરાત ટીમમાં કરવામાં આવી છે. ભાનવી જેસલપુરાએ પણ દેહરાદૂનમાં યોજાયેલ સબ-જુનિયર નેશનલમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

IPL

### ગુજરાતને 99 રનથી હરાવ્યું, તિલક વર્માની સદી

# અમદાવાદમાં પહેલીવાર મુંબઈએ જીતનો સ્વાદ ચાખ્યો:IPLમાં સતત 4 મેચ હાર્યા બાદ જીત મળી

## મુંબઈએ 20 ઓવરમાં 5 વિકેટ પર 199 રન બનાવ્યા જવાબમાં ગુજરાતની ટીમ 15.5 ઓવરમાં 100 રન પર ઓલઆઉટ થઈ ગઈ હતી

મુંબઈ ઈન્ડિયન્સે (MI) IPL સીઝનમાં સતત 4 મેચ હાર્યા બાદ જીત મેળવી લીધી છે. ટીમે સોમવારે ગુજરાત ટાઈટન્સ (GT) પર 99 રનથી જીત નોંધાવી હતી. આ ઉપરાંત મુંબઈએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં IPLના ઈતિહાસમાં પહેલી જીત મળી છે.અમદાવાદમાં ગુજરાતે ટૉસ જીતીને બોલિંગ લીધી હતી. મુંબઈએ 20 ઓવરમાં 5 વિકેટ પર 199 રન બનાવ્યા હતા. જવાબમાં ગુજરાતની ટીમ 15.5 ઓવરમાં 100 રન પર ઓલઆઉટ થઈ ગઈ હતી. પહેલા બેટિંગ કરી રહેલી મુંબઈની ટીમે પાવરપ્લેમાં 48 રન બનાવવામાં 3 વિકેટ ગુમાવી દીધી હતી. ઓપનર ક્વિન્ટન ડી કોક 13, ડેબ્યૂ મેચ રમી રહેલા દાનિશ માલેવર 2 અને નમન ધીર 45 રન બનાવીને આઉટ થયા હતા. નંબર-5 પર ઉતરેલા તિલક વર્માએ 45 બોલ પર 101 રન બનાવીને મુંબઈને 199 રન સુધી પહોંચાડ્યું હતું. આ ઈનિંગમાં 8 ચોગ્ગા અને 7 છગ્ગા સામેલ હતા. નમન ધીરે 45 રન બનાવ્યા હતા. GT તરફથી કાગિસો રબાડાએ 3 વિકેટ ઝડપી હતી.200 રનના ટાર્ગેટને ચેઝ કરી રહેલી ગુજરાતની શરૂઆત ખરાબ રહી હતી. ટીમે પહેલા જ બોલે વિકેટ ગુમાવી દીધી હતી, જ્યારે બુમરાહે સાઈ સુદર્શનને ડેબ્યૂ



મેચ રમી રહેલા ક્રિષ ભગતની મદદથી કેચ આઉટ કરાવ્યો હતો. ટીમે પાવરપ્લેમાં 45 રન બનાવવામાં 3 વિકેટ ગુમાવી દીધી હતી, જેમાં જોસ બટલર (5 રન) અને કેપ્ટન શુભમન ગિલ (14 રન)ની વિકેટ સામેલ હતી. પાવરપ્લેની છેલ્લી ઓવરમાં ગિલને આઉટ કરનાર અશ્વિની કુમારે કુલ 4 વિકેટ ઝડપી હતી. તેણે રાહુલ તેવટિયા (8 રન), શાહરૂખ ખાન (17 રન) અને રાશિદ ખાન (4 રન)ને પેવેલિયન ભેગા કરીને ગુજરાતની વાપસી કરવાની આશાઓ પર પાણી ફેરવી દીધું હતું.

16મી ઓવરમાં ગુજરાતે નવમી વિકેટ ગુમાવી. અહીં અલ્લાહ ગઝનફરે કાગીસો રબાડા (12 રન)ને વિકેટકીપર ક્વિન્ટન ડી કોકના હાથે સ્ટમ્પિંગ કરાવ્યો. ત્યારબાદ ગઝનફરે પાંચમા બોલ પર મોહમ્મદ સિરાજને LBW આઉટ કર્યો. આ સાથે જ ગુજરાતની ટીમ 100 રન પર ઓલઆઉટ થઈ ગઈ અને મુંબઈએ 99 રનથી જીત નોંધાવી. 14મી ઓવરમાં જસપ્રીત બુમરાહે માત્ર 4 રન આપ્યા. તેની આ ઓવરમાં એક પણ બાઉન્ડરી આવી નહીં. બુમરાહ અત્યાર સુધી 3 ઓવરમાં 15 રન આપીને એક વિકેટ ઝડપી ચૂક્યો છે. 13મી ઓવરમાં અશ્વિની કુમારે બે વિકેટ ઝડપી છે. તેણે બીજા બોલ પર રાશિદ ખાન (4 રન)ને સબસ્ટિટ્યૂટ પ્લેયર રાજ અંગદના હાથે કેચ આઉટ કરાવ્યો. ત્યારબાદ છેલ્લા બોલ પર શાહરૂખ ખાન (17 રન)ને નમન ધીરના હાથે કેચ આઉટ કરાવ્યો. આ સાથે અશ્વિની કુમારે મેચમાં કુલ 4 વિકેટ ઝડપી લીધી છે. તેણે આ પહેલા ઈમ્પેક્ટ પ્લેયર રાહુલ તેવટિયા (8 રન) અને કેપ્ટન શુભમન ગિલ (14 રન)ની વિકેટ પણ લીધી હતી.12મી ઓવરમાં મિચેલ સેન્ટનરે માત્ર 6 રન આપ્યા. તેની આ ઓવરમાં એક પણ બાઉન્ડરી આવી નહીં. ગુજરાતની છઠ્ઠી વિકેટ પડી, તેવટિયા આઉટ 11મી ઓવરમાં ગુજરાતે છઠ્ઠી વિકેટ ગુમાવી દીધી છે. અહીં ઈમ્પેક્ટ પ્લેયર રાહુલ તેવટિયા 8 રન બનાવીને આઉટ થયો. તેને અશ્વિની કુમારે વિકેટકીપર ક્વિન્ટન ડી કોકના હાથે કેચ આઉટ કરાવ્યો. અશ્વિનીને આ બીજી સફળતા મળી છે, આ પહેલા તેણે પાવરપ્લેમાં શુભમન ગિલ (14 રન)ની વિકેટ પણ લીધી હતી.

આઠમી ઓવરમાં મિચેલ સેન્ટનરે બે વિકેટ ઝડપી. તેણે બીજા બોલ પર વોશિંગ્ટન સુંદરને નમન ધીરના હાથે કેચ આઉટ કરાવ્યો. ત્યારબાદ ચોથા બોલ પર ગ્લેન ફિલિપ્સનો ફોલો થ્રુ પર કેચ લીધો. સુંદર 26 રન અને ફિલિપ્સ 6 રન બનાવીને આઉટ થયા. ઓવરમાં ગુજરાતે 50 રનનો આંકડો પાર કર્યો છે. સુંદરે અલ્લાહ ગઝનફરની ઓવરના ચોથા બોલ પર ચોગ્ગો ફટકારીને ટીમના સ્કોરને 50 રનની પાર પહોંચાડ્યો હતો.ગુજરાતની શરૂઆત પણ મુંબઈ જેવી જ રહી છે. ટીમે પાવરપ્લેની 6 ઓવરમાં 45 રન બનાવવામાં 3 મહત્વની વિકેટ ગુમાવી દીધી છે. મુંબઈએ પણ પાવરપ્લેમાં 48 રન બનાવીને 3 વિકેટ ગુમાવી હતી. ગુજરાત તરફથી ગિલ, બટલર અને સુદર્શન પેવેલિયન પરત ફર્યા છે.પાંચમી ઓવરમાં ગુજરાતે ત્રીજી વિકેટ ગુમાવી છે. અહીં કેપ્ટન શુભમન ગિલ 14 રન બનાવીને આઉટ થયો.

### IPL 2026માં ઓસ્ટ્રેલિયાના ઘણા દિગ્ગજો કોચ બનવાની અપેક્ષા છે

# IPL 2026માં મેથ્યુ હેડન પોતાની ટીમનો કચરો સાફ કરતા મળ્યા જોવા, વિડિયો વાયરલ થયો

## દિગ્ગજ ઓપનિંગ બેટ્સમેન મેથ્યુ હેડન ગુજરાત ટાઈટન્સ ટીમ સાથે બેટિંગ કોચ તરીકે સંકળાયેલા છે

ઓસ્ટ્રેલિયન દિગ્ગજ ખેલાડી મેથ્યુ હેડન IPL 2026માં ગુજરાત ટાઈટન્સ સાથે કામ કરતા જોવા મળે છે. ગુજરાત ટાઈટન્સે ટુર્નામેન્ટની પોતાની પહેલી મેચ પંજાબ કિંગ્સ સામે રમી હતી, જેમાં 3 વિકેટથી નજીકની મેચ હારી ગઈ હતી. આનાથી ગુજરાત ટીમ પર દબાણ વધી ગયું છે. પંજાબ સામેની મેચ પછી ટીમના બેટિંગ કોચ મેથ્યુ હેડન, ડગઆઉટની બહાર કચરો ઉપાડતા જોવા મળ્યા હતા. પંજાબ કિંગ્સ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચેની મેચ બાદ મેથ્યુ હેડનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. તે તેના સાથી ખેલાડીઓ દ્વારા છોડવામાં આવેલ કચરો ઉપાડતા જોવા મળે શકે છે. હેડનને સ્વચ્છતા ખૂબ ગમે છે,



તેથી જ તેને આ જવાબદારી લીધી. મેથ્યુ હેડનનું આગમન ગુજરાત ટાઈટન્સના સ્ટાર બેટ્સમેનોને નોંધપાત્ર પ્રોત્સાહન આપશે. મેથ્યુ હેડનનો IPLમાં બેટ્સમેન તરીકે પણ મજબૂત રેકોર્ડ છે. તે તેના ખેલાડીઓને દબાણ વિના રમવામાં મદદ કરી શકે છે. પરંતુ પંજાબ કિંગ્સ સામેની મુશ્કેલ વિકેટે તેમને નોંધપાત્ર સ્કોર કરવામાં રોક્યા. ગુજરાત ટાઈટન્સ તેમની આગામી મેચ 4 એપ્રિલે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમશે. ગુજરાતની મેચ ઘરઆંગણે રાજસ્થાન રોયલ્સ સામે થશે. રાજસ્થાન રોયલ્સે તેમની શરૂઆતની મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સ સામે 8 વિકેટથી જીત મેળવી હતી. આ દરમિયાન, 15 વર્ષનો વૈભવ સૂર્યવંશી શાનદાર ફોર્મમાં છે. કેપ્ટન શુભમન ગિલને તેને વહેલા પેવેલિયનમાંથી બહાર કાઢવા માટે યોજના ઘડવાની જરૂર પડશે. પંજાબ સામે કૂપર કોનોલીએ એકલા હાથે ગુજરાતને હરાવ્યું.

પંજાબ કિંગ્સ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચેની મેચ બાદ મેથ્યુ હેડનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. તે તેના સાથી ખેલાડીઓ દ્વારા છોડવામાં આવેલ કચરો ઉપાડતા જોવા મળે શકે છે. હેડનને સ્વચ્છતા ખૂબ ગમે છે, તેથી જ તેને આ જવાબદારી લીધી. મેથ્યુ હેડનનું આગમન ગુજરાત ટાઈટન્સના સ્ટાર બેટ્સમેનોને નોંધપાત્ર પ્રોત્સાહન આપશે. મેથ્યુ હેડનનો IPLમાં બેટ્સમેન તરીકે પણ મજબૂત રેકોર્ડ છે. તે તેના ખેલાડીઓને દબાણ વિના રમવામાં મદદ કરી શકે છે. પરંતુ પંજાબ કિંગ્સ સામેની મુશ્કેલ વિકેટે તેમને નોંધપાત્ર સ્કોર કરવામાં રોક્યા. ગુજરાત ટાઈટન્સ તેમની આગામી મેચ 4 એપ્રિલે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમશે. ગુજરાતની મેચ ઘરઆંગણે રાજસ્થાન રોયલ્સ સામે થશે. રાજસ્થાન રોયલ્સે તેમની શરૂઆતની મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સ સામે 8 વિકેટથી જીત મેળવી હતી. આ દરમિયાન, 15 વર્ષનો વૈભવ સૂર્યવંશી શાનદાર ફોર્મમાં છે. કેપ્ટન શુભમન ગિલને તેને વહેલા પેવેલિયનમાંથી બહાર કાઢવા માટે યોજના ઘડવાની જરૂર પડશે. પંજાબ સામે કૂપર કોનોલીએ એકલા હાથે ગુજરાતને હરાવ્યું.

# કર્ણાટકમાં IPLની ટિકિટની બબાલ! ભાજપના ધારાસભ્યએ કહ્યું - VIP કલ્ચર ખતમ કરો

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026ની શરૂઆત થઈ ચૂકી છે. ત્યારે હવે કર્ણાટકમાં IPLની ટિકિટ મામલે વિવાદ ઊભો થયો છે. ભાજપના ધારાસભ્ય એસ. સુરેશ કુમારે ધારાસભ્યોને આપવામાં આવી રહેલી ટિકિટ લેવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે અને તેને 'VIP કલ્ચર' ગણાવ્યું છે. કર્ણાટકના ડેપ્યુટી સીએમ ડી.કે. શિવકુમારે તાજેતરમાં જ જાહેરાત કરી હતી કે કર્ણાટક ક્રિકેટ એસોસિએશન દરેક ધારાસભ્યને IPL મેચ માટે બે ટિકિટ આપશે. આ મેચ બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાઈ રહી છે.એક ન્યૂઝ એજન્સીના જણાવ્યા પ્રમાણે આ નિર્ણય બાદ સુરેશ કુમારે વિધાનસભા અધ્યક્ષ યુટી ખાદરને પત્ર લખીને ટિકિટ લેવાનો ઈનકાર કરી દીધો. તેમણે કહ્યું કે, 'મારા વિવેક પ્રમાણે હું IPLની કોઈપણ ટિકિટ કે પાસ નહીં સ્વીકારીશ, તેથી મારા નામે કોઈ ટિકિટ જારી ન કરવી.' તેમણે રાજ્ય સરકાર પર નિશાન સાધતા કહ્યું કે, 'જે સરકાર ખુદને સમાજવાદી ગણાવે છે, તે જ સરકાર 'VIP કલ્ચર'ને પ્રોત્સાહન આપી રહી છે. આ 'VIP કલ્ચર' ખતમ કરો વિધાનસભામાં સામાન્ય જનતાના મુદ્દાઓને બદલે ટિકિટ અને સુવિધાઓ પર ચર્ચા થવી એ





દુર્ભાગ્યપૂર્ણ છે.'આ મામલે મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે, જેમને ટિકિટ નથી જોઈતી તેમણે ના લેવી. જેમને મેચ જોવાની ઈચ્છા છે તેઓ જઈ શકે છે. ભૂતકાળમાં પણ ધારાસભ્યોને ટિકિટ મળતી જ હતી, પરંતુ આ વખતે આ સંખ્યા વધારીને 2 કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે, IPL 2026ની શરૂઆત બેંગલુરુમાં થઈ, જ્યાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે પ્રથમ મેચ રમાઈ. જ્યાં RCBએ ધમાકેદાર જીત નોંધાવી. સુરેશ કુમારે ગત વર્ષની દુર્ઘટનાનો પણ ઉલ્લેખ કર્યો, જ્યારે RCBના જીતના જશ્ન દરમિયાન સ્ટેડિયમની બહાર થયેલી નાસભાગમાં 11 લોકો મૃત્યુ પામ્યા હતા. IPL 2026ની પહેલી મેચ RCBના નામે, SRHને 6 વિકેટથી હરાવ્યું, કોહલીની દમદાર ઈનિંગતેમણે કહ્યું કે તે ઘટના પર દુઃખ વ્યક્ત કર્યા બાદ હવે તે જ IPL ટિકિટોની ચર્ચા થવી એ જનતાની વચ્ચે નેતાઓની છબીને નુકસાન પહોંચાડી રહી છે. તેમણે અંતમાં કહ્યું કે, જો નેતાઓ VIP કલ્ચરને પ્રોત્સાહન આપતા રહેશે.

# મેચ જીતવા છતાં કેપ્ટન શ્રેયસ અય્યર સામે મોટી કાર્યવાહી, લાખોનો દંડ ફટકારાયો

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026ની ચોથી મેચમાં 31 માર્ચે પંજાબ કિંગ્સ (PBKS) એ ગુજરાત ટાઈટન્સ (GT)ને 3 વિકેટથી હરાવી દીધુ હતું. મુલ્લાનપુરના મહારાજા યાદવિન્દ્ર સિંહ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં પંજાબ કિંગ્સને જીત માટે 163 રનનો ટાર્ગેટ મળ્યો હતો, જેને તેણે પાંચ બોલ બાકી રહેતા ટાર્ગેટ ચેઝ કરી લીધો. પંજાબ કિંગ્સની જીતનો હીરો ઓસ્ટ્રેલિયાનો કૂપર કોનોલી રહ્યો, જેણે 5 છગ્ગા અને 5 ચોગ્ગાની મદદથી 44 બોલમાં અણનમ 72 રન બનાવ્યા હતા. બેટિંગ ઓલરાઉન્ડરનું આ IPL ડેબ્યૂ હતું. તેણે પોતાની ડેબ્યૂ મેચમાં જ ધૂમ મચાવી દીધી અને તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

જોકે, પંજાબ કિંગ્સની ગુજરાત ટાઈટન્સ પર જીત છતાં કેપ્ટન શ્રેયસ અય્યરને સ્લો ઓવર રેટના કારણે મોટી કિંમત ચૂકવવી પડી છે. મેચ દરમિયાન પંજાબ કિંગ્સ નિર્ધારિત સમયમાં પોતાની ઓવર પૂર્ણ ન કરી. IPLની આચારસંહિતાની કલમ 2.22 હેઠળ આ સીઝનમાં ટીમની આ પ્રથમ ભૂલ હતી. આના કારણે પંજાબ કિંગ્સના કેપ્ટન શ્રેયસ અય્યરને 12 લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. જો પંજાબ કિંગ્સ દ્વારા આ સીઝનમાં બીજો સ્લો ઓવર-રેટ ગુનો થાય, તો શ્રેયસ અય્યર પર 24 લાખનો દંડ કરવામાં આવશે. આ સાથે જ ટીમના સભ્યો પર 6 લાખ રૂપિયા અથવા અથવા તેમની મેચ ફીના 25 ટકા (જે પણ ઓછું હોય) દંડ ફટકારવામાં આવશે. બીજી તરફ જો ટીમ દ્વારા ત્રીજો સ્લો ઓવર-રેટ ગુનો થાય, તો મામલો વધુ ગંભીર બની જશે. આવા કિસ્સામાં કેપ્ટન શ્રેયસ અય્યર પર એક મેચ માટે પ્રતિબંધ લગાવવામાં આવશે. શ્રેયસ અય્યર માટે સ્લો ઓવર રેટનો મામલો નવો નથી, તે આ ભૂલ માટે અગાઉ પણ સજા ભોગવી ચૂક્યો છે. ગત સીઝનમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ શ્રેયસ અય્યર સામે બે વાર કાર્યવાહી કરી હતી. પહેલી વાર નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ તેને 12 લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. જોકે, ત્યારબાદ પણ તેમાં સુધારો ન થયો અને બીજી વાર એ જ ભૂલનું પુનરાવર્તન કરવા બદલ તેના પર 24 લાખ રૂપિયાનો ભારે દંડ ફટકારવામાં આવ્યો હતો.

## 'IPLમાં જોઈએ એટલા પૈસા નથી મળતા!', પાકિસ્તાનમાં રમી રહેલા ઓસ્ટ્રેલિયાના ખેલાડીની ટિપ્પણીથી વિવાદ

IPLની સફળતા અને પાકિસ્તાન સુપર લીગ (PSL) ની સતત નિષ્ફળતા વચ્ચે હવે પાકિસ્તાન નીચલા સ્તરના હથકંડા અપનાવી રહ્યું હોવાનું સામે આવ્યું છે. પોતાની લીગને પ્રમોટ કરવા અને આઈપીએલને નીચું દેખાડવા માટે પાકિસ્તાને ઓસ્ટ્રેલિયન સ્પિનર એડમ ઝામ્પાનો સહારો લીધો છે. પાકિસ્તાની ન્યૂઝ ચેનલના પોડકાસ્ટમાં ઝેમ્પાએ એવું આશ્ચર્યજનક નિવેદન આપ્યું છે કે, 'ભારતમાં ખેલાડીઓને તેમની પ્રતિભા મુજબ યોગ્ય વળતર મળતું નથી. આઈપીએલમાં રમવું સમજદારીભર્યું લાગતું નથી કારણ કે ત્યાં વિતાવેલા સમય સામે પૂરતા પૈસા મળતા નથી.' જોકે, હકીકત એ છે કે ઝેમ્પાને કરાચી કિંગ્સે માત્ર 1.51 કરોડ ભારતીય રૂપિયામાં સાઈન કર્યો છે, જે આઈપીએલના ટોચના ખેલાડીઓના વેતન સામે ખૂબ જ ઓછી રકમ છે. પીએસએલ અત્યારે મેદાન પરના પ્રદર્શન કરતા મેદાન બહારના વિવાદોને કારણે વધુ ચર્ચામાં છે. અનેક વિદેશી ખેલાડીઓએ ખાનગી કારણો આપીને આ લીગમાં રમવાની ના પાડી દીધી છે, જ્યારે કેટલાક ખેલાડીઓ તો અધવચ્ચેથી ટૂર્નામેન્ટ છોડીને આઈપીએલમાં જોડાઈ ગયા છે. કોમેન્ટેટર નિક નાઈટે પણ આઈપીએલનો કોન્ટ્રાક્ટ મળતા જ પીએસએલ સાથેનો છેડો ફાડી નાખ્યો હતો. આ ઉપરાંત આ વર્ષે પીએસએલ બંધ દરવાજા પાછળ ખાલી સ્ટેડિયમમાં રમાઈ રહી છે.

### હાઈ-ટેક ફીચર્સથી સજ્જ ટુવ્હીલરની કિંમત 1.02 લાખથી શરૂ

# સુઝુકી બર્ગમેન સ્ટ્રીટ 2026 મોડેલ લોન્ચ ખિસ્સામાં ચાવી રાખીને સ્કૂટર ચલાવી શકાશે

• નવી દિલ્હી

સુઝુકીએ તેના લોકપ્રિય મેક્સી-સ્કૂટર 'બર્ગમેન સ્ટ્રીટ'નું 2026 મોડેલ લોન્ચ કર્યું છે. કંપનીએ તેને નવા પ્લેટફોર્મ, એડવાન્સ ફીચર્સ અને ડિઝાઈનમાં ફેરફાર સાથે રજૂ કર્યું છે. TFT વેરિઅન્ટમાં ડ્યુઅલ-ટોન કલર્સ મળશે, જ્યારે LCD વેરિઅન્ટ સિંગલ-ટોન કલરમાં આવશે. દિલ્હીમાં તેની શરૂઆતની એક્સ-શોરૂમ કિંમત 1.02 લાખ રૂપિયા રાખવામાં આવી છે, જે ટોપ-સ્પેક વેરિઅન્ટ માટે 1.13 લાખ રૂપિયા સુધી જાય છે. નવા મોડેલમાં કંપનીએ 'એક્સેસ 125' વાળા પ્લેટફોર્મનો ઉપયોગ કર્યો છે, જેનાથી તે પહેલા કરતાં વધુ મજબૂત અને હલકું બન્યું છે.કંપનીએ LED હેડલાઈટ



અને ટેલ-લેમ્પ સેટઅપને રિવાઈઝ કર્યું છે. આનાથી તેને એક નવો અને સ્પોર્ટી લુક મળ્યો છે. આ ઉપરાંત, હવે તેમાં પહેલાં કરતાં વધુ એંગ્યુલર અને બોક્સી એક્ઝોસ્ટ મફલર આપવામાં આવ્યું છે. સુવિધા માટે કંપનીએ પેટ્રોલ ભરાવવાની જગ્યાને હવે ટેલ-લેમ્પની નીચે શિફ્ટ કરી દીધી છે, જેનાથી રાઈડરને વારંવાર સીટ ખોલવાની જરૂર નહીં પડે.

નવા 'બર્ગમેન'માં હવે કી-લેસ ઈગ્નિશનની સુવિધા મળશે. તેમાં એક મલ્ટિફંક્શન કી-ફોબ આપવામાં આવ્યું છે, જેનાથી સીટ, ફ્યુઅલ કેપ અને હેન્ડલ લોકને ઓપરેટ કરી શકાય છે.

સ્કૂટરમાં સ્મોક્ડ વિન્ડસ્ક્રીન અને મેટાલિક ફિનિશવાળા એમ્બ્લેમ્સ આપવામાં આવ્યા છે, જે તેને રસ્તા પર અલગ ઓળખ આપે છે. તેના ટર્ન ઈન્ડિકેટર્સને પણ હવે પહેલા કરતાં કોમ્પેક્ટ બનાવવામાં આવ્યા છે.TFT ડિસ્પ્લે: 'બર્ગનમેન'ના ટોપ વેરિઅન્ટ્સમાં કંપનીએ TFT ડિસ્પ્લે આપ્યું છે. LCD યુનિટ: બીજા ટ્રિમ્સમાં કંપનીએ જૂના LCD યુનિટને જાળવી રાખ્યુંસ્કૂટરમાં 124ccનું એર-કૂલ્ડ, ફ્યુઅલ-ઈન્જેક્ટેડ એન્જિન આપવામાં આવ્યું છે. આ એન્જિન 8.4hpની પાવર અને 10.2Nmનો ટોર્ક જનરેટ કરે છે. તેને CVT ગિયરબોક્સ સાથે જોડવામાં આવ્યું છે.

### 200 કરોડના મની લોન્ડરિંગ કેસમાં એક્ટ્રેસે બોયફ્રેન્ડનો સાથ છોડ્યો

# જેકલીનના 'સરકારી સાક્ષી' બનવા પર EDને વાંધો:કોર્ટે એક્ટ્રેસને જવાબ દાખલ કરવા સમય આપ્યો

### બોલિવૂડ એક્ટ્રેસ જેકલીન ફર્નાન્ડિસે દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં અરજી કરીને પોતાને અપ્રુવર એટલે કે સરકારી સાક્ષી બનાવવાની માંગ કરી છે

200 કરોડ રૂપિયાના હાઈ-પ્રોફાઈલ મની લોન્ડરિંગ કેસમાં નવો કાનૂની વળાંક આવ્યો છે. બોલિવૂડ એક્ટ્રેસ જેકલીન ફર્નાન્ડિસે દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં અરજી કરીને પોતાને અપ્રુવર એટલે કે સરકારી સાક્ષી બનાવવાની માંગ કરી છે. આ મામલો કથિત ઠગ સુકેશ ચંદ્રશેખર સાથે જોડાયેલો છે, જેના પર કરોડોની છેતરપિંડી અને મની લોન્ડરિંગના આરોપો છે.

ન્યૂઝ એજન્સી ANI અનુસાર, જેકલીનની અરજી પર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ કોર્ટમાં વાંધો ઉઠાવ્યો છે. EDએ કોર્ટને કહ્યું કે અરજી અસ્પષ્ટ અને અધૂરી છે, તેથી જવાબ માટે સમય આપવામાં આવે. કોર્ટે EDની વાત સ્વીકારીને તેને જવાબ દાખલ કરવા માટે સમય આપ્યો છે. રિપોર્ટ્સ અનુસાર, જેકલીને કોર્ટમાં કહ્યું કે, તે તપાસ એજન્સીઓ સાથે સહયોગ કરવા માંગે છે અને સત્ય બહાર લાવવામાં મદદ કરવા માંગે છે. અપ્રુવરનો દરજ્જો મળવા પર તે આરોપીથી અલગ થઈને તપાસમાં સાક્ષી બની શકે છે. આ પ્રક્રિયા કોર્ટની મંજૂરી અને EDની સંમતિ પર નિર્ભર કરે છે. આ મામલો લગભગ 200 કરોડ રૂપિયાની કથિત છેતરપિંડી સાથે સંકળાયેલો છે. તેમાં સુકેશ ચંદ્રશેખર પર હાઈ-પ્રોફાઈલ લોકોને નિશાન બનાવવા અને ગેરકાયદેસર રીતે પૈસા એકઠા કરવાનો આરોપ છે. તપાસ એજન્સીનો દાવો છે કે આ મામલામાં મોટા વ્યવહારો અને મોંઘી ભેટોનો ઉપયોગ થયો છે. જેકલીન ફર્નાન્ડિઝ લાંબા સમયથી આ કેસમાં પૂછપરછનો સામનો કરી રહી છે. તેણી પહેલા પણ દાવો કરી ચૂકી છે કે તેને સુકેશના ગુનાહિત બેકગ્રાઉન્ડની જાણકારી નહોતી અને ખોટી માહિતી આપીને ફસાવવામાં આવી હતી. હવે કોર્ટમાં EDનો જવાબ અને આગામી સુનાવણી કેસની દિશા નક્કી કરશે. જેકલીન સંબંધિત આ સમાચાર પણ વાંચો બોલિવૂડ એક્ટ્રેસ જેકલીન ફર્નાન્ડિસે 200 કરોડ રૂપિયાના મની લોન્ડરિંગ કેસમાં સરકારી સાક્ષી બનવાની ઈચ્છા વ્યક્ત કરી છે. પટિયાલા હાઉસ કોર્ટમાં સુનાવણી દરમિયાન એક્ટ્રેસે જાણકારી આપી કે તે આ મામલે તપાસ એજન્સીઓ સાથે સંપૂર્ણ સહયોગ કરવા તૈયાર છે. કરિયર બચાવવા જેકલીન બોયફ્રેન્ડ સુકેશનો ભોગ લેશે!:200 કરોડની છેતરપિંડી કેસમાંથી છટકવા સરકારી સાક્ષી બનવા તૈયાર; મોંઘી-મોંઘી ગિફ્ટ્સ મળ્યાનો દાવો

બોલિવૂડ એક્ટ્રેસ જેકલીન ફર્નાન્ડિસે 200 કરોડ રૂપિયાના મની લોન્ડરિંગ કેસમાં સરકારી સાક્ષી બનવાની ઈચ્છા વ્યક્ત કરી છે. પટિયાલા હાઉસ કોર્ટમાં સુનાવણી



દરમિયાન એક્ટ્રેસે જાણકારી આપી કે તે આ મામલે તપાસ એજન્સીઓ સાથે સંપૂર્ણ સહયોગ કરવા તૈયાર છે.

કોર્ટે એક્ટ્રેસની વાત સાંભળ્યા બાદ તેને નિર્દેશ આપ્યો છે કે આ માટે તેમને સૌથી પહેલા પ્રવર્તન નિર્દેશાલય (ED) પાસે ઔપચારિક અરજી દાખલ કરવી પડશે. આ મામલો ઠગ સુકેશ ચંદ્રશેખર સાથે જોડાયેલો છે. સુકેશ પર આરોપ છે કે તેણે રેનબેક્સીના પૂર્વ પ્રમોટર શિવિન્દર સિંહની પત્ની અદિતિ સિંહ પાસેથી લગભગ 200 કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી. EDની તપાસમાં સામે આવ્યું હતું કે સુકેશે છેતરપિંડીના આ પૈસાથી જેકલીન ફર્નાન્ડિસને કરોડો રૂપિયાની કિંમતી ભેટો આપી હતી. તેમાં લક્ઝરી બેગ, હીરાના ઘરેણાં, મોંઘા ઘોડા અને બિલાડીઓ સામેલ હતી. આ કારણે EDએ જેકલીનને પણ આ મની લોન્ડરિંગ કેસમાં આરોપી બનાવી હતી. સરકારી સાક્ષી બન્યા બાદ શું બદલાશે? જેકલીન ફર્નાન્ડિસ લાંબા સમયથી આ હાઈ-પ્રોફાઈલ કેસમાં આરોપી તરીકે તપાસનો સામનો કરી રહી છે. હવે તેણે કોર્ટ સમક્ષ પ્રસ્તાવ મૂક્યો છે કે તે સરકારી સાક્ષી બનીને સત્ય બહાર લાવવા માંગે છે. જો ED તેની અરજી સ્વીકારી લે છે અને કોર્ટ તેની મંજૂરી આપે છે, તો જેકલીન આ કેસમાં આરોપીમાંથી સાક્ષી બની જશે. કાયદાકીય નિષ્ણાતોના મતે, જો તે સુકેશ વિરુદ્ધ પાકી માહિતી આપે તો તેને સજામાં છૂટ અથવા કાયદાકીય કાર્યવાહીમાંથી રાહત મળી શકે છે. ED અનુસાર, જેકલીન સાથે મિત્રતા થયા પછી સુકેશે તેના પર 7 કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કર્યા હતા. સુકેશે જેકલીનને આ વસ્તુઓ ભેટમાં આપી હતી. ઓગસ્ટ 2021: દિલ્હી પોલીસની ઈકોનોમિક ઓફેન્સ વિંગ (EOW) એ સુકેશ વિરુદ્ધ FIR નોંધી અને 200 કરોડની છેતરપિંડીનો પર્દાફાશ થયો.ઓક્ટોબર 2021: આ મામલામાં પહેલીવાર જેકલીન ફર્નાન્ડિસનું નામ સામે આવ્યું અને ED એ તેમની કલાકો સુધી પૂછપરછ કરી. ડિસેમ્બર 2021: જેકલીનને મુંબઈ એરપોર્ટ પર વિદેશ જતાં રોકવામાં આવી, તેમની વિરુદ્ધ લુકઆઉટ નોટિસ જારી થઈ.

ઓગસ્ટ 2022: ED એ પોતાની સપ્લીમેન્ટરી ચાર્જશીટમાં જેકલીનને આરોપી તરીકે નામિત કરી. નવેમ્બર 2022: પટિયાલા હાઉસ કોર્ટમાંથી જેકલીન ફર્નાન્ડિસને આ મામલામાં નિયમિત જામીન મળી ગયા.એપ્રિલ 2026: જેકલીને કોર્ટમાં સરકારી સાક્ષી બનવાની ઈચ્છા વ્યક્ત કરી અને EDને અરજી આપવાની પ્રક્રિયા શરૂ થઈ.

સુકેશ ચંદ્રશેખર કેસને કારણે જેકલીન ફર્નાન્ડિસને છેલ્લા ત્રણ-ચાર વર્ષમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. તેને વિદેશ જવા માટે દર વખતે કોર્ટમાંથી પરવાનગી લેવી પડતી હતી. તેના ઘણા બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ અને ફિલ્મો પણ પ્રભાવિત થયા. એવું માનવામાં આવે છે કે સરકારી સાક્ષી બનીને જેકલીન પોતાને આ કાનૂની ગૂંચવણમાંથી બહાર કાઢવા માંગે છે જેથી તે પોતાની એક્ટિંગ કરિયર પર ફરીથી ધ્યાન આપી શકે.

### બીજી વાર માતા બનવાની ખુશી વ્યક્ત કરી હતી

# પ્રેગ્નન્સીમાં પણ દીપિકા પાદુકોણ કરશે 'ઈન્ટેન્સ એક્શન'! અલ્લુ અર્જુન સ્ટારર 'રાકા'ના શૂટિંગમાં વ્યસ્ત

બોલિવૂડ કપલ દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ ટૂંક સમયમાં બીજી વખત માતા-પિતા બનવાના છે. ખાસ વાત એ છે કે, આ અવસ્થામાં પણ દીપિકા પોતાના કામમાંથી બ્રેક નહીં લે અને આગામી ફિલ્મોનું શૂટિંગ ચાલુ રાખશે.રવિવારે દીપિકાએ સોશિયલ મીડિયા પર દીકરી દુઆ સાથે એક ફોટો શેર કરીને પોતાની બીજી પ્રેગ્નન્સીની જાણકારી આપી. ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા સૂત્રો અનુસાર, દીપિકા પોતાની પ્રેગ્નન્સી દરમિયાન પણ પ્રોફેશનલ જવાબદારીઓને પૂરી અગ્રતા આપી રહી છે. હાલમાં તે ફિલ્મ 'રાકા'નું શૂટિંગ કરી રહી છે. સૂત્રોએ જણાવ્યું, દીપિકા ફિલ્મ 'રાકા' માટે કેટલાક ઈન્ટેન્સ એક્શન સીક્વન્સ શૂટ કરી રહી છે. તે પોતાની આખી પ્રેગ્નન્સી દરમિયાન આ ફિલ્મનું શૂટિંગ ચાલુ રાખશે.દીપિકા અને રણવીરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર દીકરી દુઆનો આ ફોટો શેર કરીને ચાહકોને સારા સમાચાર આપ્યાં હતાં. દીપિકાએ ઈન્સ્ટાગ્રામ પર એક કોલાજ કે સિંગલ ફોટોને બદલે એક અત્યંત સિમ્પલ અને સુંદર તસવીર શેર કરી હતી. તેમાં દીકરી દુઆ પાદુકોણ સિંહે એક પ્રેગ્નન્સી ટેસ્ટ કિટ પકડી રાખી છે. ફોટોમાં રણવીર અને દીપિકાના હાથ પોતાની દીકરીને પકડીને ઊભેલા જોવા મળી રહ્યા છે.

દીપિકા અને રણવીરની પર્સનલ લાઈફની વાત કરીએ તો, બંનેએ લાંબા સમય સુધી ડેટિંગ કર્યા બાદ નવેમ્બર 2018માં ઈટાલીમાં લગ્ન કર્યા હતા. લગ્નના લગભગ 6 વર્ષ પછી સપ્ટેમ્બર 2024માં દીપિકાએ પોતાની પહેલી દીકરી દુઆને જન્મ આપ્યો હતો. હવે દુઆ દોઢ વર્ષની થવાની છે અને જલ્દી જ મોટી બહેન બનવાની છે. કપલની આ પોસ્ટ પર બોલિવૂડ સેલેબ્સ અને ફેન્સ સતત શુભેચ્છાઓ આપી રહ્યા છે. વર્કફ્રન્ટની વાત કરીએ તો, દીપિકા પાસે આ સમયે બે સૌથી મોટી ફિલ્મો પાઈપલાઈનમાં છે. તે સિદ્ધાર્થ આનંદની ફિલ્મ 'કિંગ'માં જોવા મળશે, જેમાં શાહરુખ ખાન લીડ રોલ પ્લે કરી રહ્યો છે. આ ફિલ્મ 24 ડિસેમ્બર 2026ના રોજ સિનેમાઘરોમાં આવશે. આ ઉપરાંત, તે ડિરેક્ટર એટલીની ફિલ્મ 'રાકા'માં સુપરસ્ટાર અલ્લુ અર્જુન સાથે જોવા મળશે. આ ફિલ્મ બોલિવૂડ કપલ દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ ટૂંક સમયમાં બીજી વખત માતા-પિતા બનવાના છે. ખાસ વાત એ છે કે, આ અવસ્થામાં પણ દીપિકા પોતાના કામમાંથી બ્રેક નહીં લે અને આગામી ફિલ્મોનું શૂટિંગ ચાલુ રાખશે.રવિવારે દીપિકાએ સોશિયલ મીડિયા પર દીકરી દુઆ સાથે એક ફોટો શેર કરીને પોતાની બીજી પ્રેગ્નન્સીની જાણકારી આપી. ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા સૂત્રો અનુસાર, દીપિકા પોતાની પ્રેગ્નન્સી દરમિયાન પણ પ્રોફેશનલ જવાબદારીઓને પૂરી અગ્રતા આપી રહી છે. હાલમાં તે ફિલ્મ 'રાકા'નું શૂટિંગ કરી રહી છે. સૂત્રોએ જણાવ્યું, દીપિકા ફિલ્મ 'રાકા' માટે કેટલાક ઈન્ટેન્સ એક્શન સીક્વન્સ શૂટ કરી રહી છે. તે પોતાની આખી પ્રેગ્નન્સી દરમિયાન આ ફિલ્મનું શૂટિંગ ચાલુ રાખશે.દીપિકા અને રણવીરની પર્સનલ લાઈફની વાત કરીએ તો, બંનેએ લાંબા સમય સુધી ડેટિંગ કર્યા બાદ નવેમ્બર 2018માં ઈટાલીમાં લગ્ન કર્યા હતા. લગ્નના લગભગ 6 વર્ષ પછી સપ્ટેમ્બર 2024માં દીપિકાએ પોતાની પહેલી દીકરી દુઆને જન્મ આપ્યો હતો. હવે દુઆ દોઢ વર્ષની થવાની છે અને જલ્દી જ મોટી બહેન બનવાની છે. કપલની આ પોસ્ટ પર બોલિવૂડ સેલેબ્સ અને ફેન્સ સતત શુભેચ્છાઓ આપી રહ્યા છે. વર્કફ્રન્ટની વાત કરીએ તો, દીપિકા પાસે આ સમયે બે સૌથી મોટી ફિલ્મો પાઈપલાઈનમાં છે. તે સિદ્ધાર્થ આનંદની ફિલ્મ 'કિંગ'માં જોવા મળશે, જેમાં શાહરુખ ખાન લીડ રોલ પ્લે કરી રહ્યો છે. આ ફિલ્મ 24 ડિસેમ્બર 2026ના રોજ સિનેમાઘરોમાં આવશે. આ ઉપરાંત, તે ડિરેક્ટર એટલીની ફિલ્મ 'રાકા'માં સુપરસ્ટાર અલ્લુ અર્જુન સાથે જોવા મળશે. આ ફિલ્મમાં તેનો રોલ ખૂબ જ પાવરફુલ અને એક્શનથી ભરપૂર હોવાનું કહેવાય છે. માં તેનો રોલ ખૂબ જ પાવરફુલ અને એક્શનથી ભરપૂર હોવાનું કહેવાય છે.



### જમીલ જમાલી'ના નિવેદનથી ચર્ચાનો મધપૂડો છંછેડાયો

# 'ધુરંધર'ની સફર પૂરી થઈ જશે?:રાકેશ બેદીએ ફિલ્મના ત્રીજા ભાગ વિશે મોટો ખુલાસો કર્યો

રણવીર સિંહ સ્ટાટર 'ધુરંધર' અને 'ધુરંધર: ધ રિવેન્જ' બોક્સ ઓફિસ પર અનેક રેકોર્ડ તોડી ચૂકી છે. બંને ફિલ્મો દર્શકોને ખૂબ પસંદ પડી છે. 'ધુરંધર-2'ની સફળતા પછી ચાહકો તેના ત્રીજા ભાગ એટલે કે 'ધુરંધર-3'ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. તેવામાં ચાહકો માટે એક નિરાશાજનક સમાચાર આવ્યા છે.વાસ્તવમાં 'ધુરંધર' અને 'ધુરંધર-2'માં 'જમીલ જમાલી'નું પાત્ર ભજવનાર પીઢ એક્ટર રાકેશ બેદીએ સ્પષ્ટતા કરી છે કે, હાલમાં ત્રીજા ભાગની કોઈ શક્યતા દેખાતી નથી, કારણ કે ફિલ્મની વાર્તા પૂરી થઈ ગઈ છે.

'ધુરંધર'ના બંને ભાગમાં રાકેશ બેદીએ જમીલ જમાલીનું પાત્ર ભજવ્યું છે, જે રહસ્યમયી છે.

'ધુરંધર'ના બંને ભાગમાં રાકેશ બેદીએ જમીલ જમાલીનું પાત્ર ભજવ્યું છે, જે રહસ્યમયી છે. રાકેશ બેદીએ 'ઝુમ' (એન્ટરટેઈનમેન્ટ વેબસાઈટ) સાથેની વાતચીતમાં કહ્યું કે, 'ફિલ્મની વાર્તા જ્યાં પૂરી થઈ છે, ત્યાંથી તેને આગળ વધારવી મુશ્કેલ છે. મને નથી લાગતું કે ત્રીજો ભાગ આવશે. વાર્તાના અંતે જાસૂસ (રણવીર સિંહ) પોતાના દેશ પાછો ફરે છે, તેથી તે વાર્તા ત્યાં જ પૂરી થઈ જાય છે.' જોકે, તેમણે એમ પણ ઉમેર્યું કે, ''ધુરંધર' એક મોટી ફ્રેન્ચાઈઝ છે. તેને ભવિષ્યમાં કોઈ અન્ય વાર્તા અને બીજા કલાકારો સાથે કોઈપણ સમયે બનાવી શકાય છે.'

ફિલ્મમાં રણવીર સિંહે હમઝા અલી મઝારી ઉર્ફે જસકીરત સિંહ રાંગી, અક્ષય ખન્નાએ રહેમાન ડકૈત અને રાકેશ બેદીએ પાકિસ્તાની નેતા જમીલ જમાલીનું પાત્ર ભજવ્યું છે.ફિલ્મમાં રણવીર સિંહે



હમઝા અલી મઝારી ઉર્ફે જસકીરત સિંહ રાંગી, અક્ષય ખન્નાએ રહેમાન ડકૈત અને રાકેશ બેદીએ પાકિસ્તાની નેતા જમીલ જમાલીનું પાત્ર ભજવ્યું છે. ફિલ્મમાં રાકેશ બેદીનું પાત્ર 'જમીલ જમાલી' દર્શકો માટે એક મોટું સરપ્રાઈઝ હતું. આ અંગે પીઢ એક્ટરે કહ્યું કે, 'દર્શકો માટે આ એક મોટી હાઈલાઈટ હતી. અમને ખબર હતી કે તેનાથી હલચલ થશે. પાર્ટ-1 (ધુરંધર)ની સફળતા પછી દર્શકોનો દૃષ્ટિકોણ બદલાઈ ગયો હતો.' તેમણે આગળ કહ્યું, 'લોકો માત્ર ફિલ્મ જોવા માટે નહોતા જઈ રહ્યા, પરંતુ તેઓ એ જાણવા માટે પણ ખૂબ ઉત્સાહિત હતા કે, પાર્ટ-2 (ધુરંધર: ધ રિવેન્જ)માં શું થશે. હવે એ જ દર્શકો પાર્ટ-3ની માંગ કરી રહ્યા છે.''ધુરંધર' ફ્રેન્ચાઈઝીએ બોક્સ ઓફિસ પર કમાણીના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. બંને ફિલ્મોએ મળીને વર્લ્ડવાઈડ 3,000 કરોડ રૂપિયાથી વધુનું કલેક્શન કર્યું છે. ડિસેમ્બર 2025માં આવેલી પહેલી ફિલ્મે લગભગ 1300 કરોડનું ગ્રોસ કલેક્શન કર્યું હતું.જ્યારે 19 માર્ચ 2026ના રોજ રિલીઝ થયેલી 'ધુરંધર 2' વિશ્વભરમાં ત્રીજી સૌથી વધુ કમાણી કરનારી ભારતીય ફિલ્મ બની ગઈ છે. ફિલ્મે વિશ્વભરમાં 1,748.91 કરોડ રૂપિયાની કમાણી કરી છે. આ ફિલ્મે 1,742.10 કરોડ રૂપિયા કમાનારી અલ્લુ અર્જુનની ફિલ્મ 'પુષ્પા 2'ને પાછળ છોડી દીધી. હવે તે માત્ર દંગલ (2070 કરોડ) અને બાહુબલી 2 (1,788.06 કરોડ)થી પાછળ છે.ટ્રેડ વેબસાઈટ સેકનિલ્ક અનુસાર, ફિલ્મે રિલીઝના 31મા દિવસે ભારતમાં 4.65 કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કર્યું. ફિલ્મનું કુલ ભારત નેટ કલેક્શન હવે 1,110.47 કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું.

### 31 દિવસ બાદ પણ 'ધુરંધર-2'નો દબદબો

# રણવીરના એક્શન સામે અક્ષયની કોમેડી ઝાંખી પડી!: ભૂત બંગલા'એ બે દિવસમાં વર્લ્ડવાઈડ 60 કરોડ કમાયા



અક્ષય કુમારની નવી હોરર-કોમેડી ફિલ્મ પર રણવીર સિંહની એક્શન ફિલ્મ ભારે પડી રહી છે. 'ધુરંધર-2'ના 31 દિવસ પછી રિલીઝ થઈ હોવા છતાં અક્ષયની 'ભૂત બંગલા' કમાણીની દૃષ્ટિએ નબળી પડી રહી છે. જ્યાં એક તરફ 'ભૂત બંગલા'એ બે દિવસમાં 60 કરોડનું કલેક્શન કર્યું છે, ત્યાં બીજી તરફ 'ધુરંધર-2' 1750 કરોડના વર્લ્ડવાઈડ ક્લબમાં સામેલ થઈ ગઈ છે.અક્ષય કુમાર અને પ્રિયદર્શનની જોડી 16 વર્ષ પછી 'ભૂત બંગલા' દ્વારા પાછી ફરી છે. ફિલ્મે શનિવારે લગભગ 19 કરોડ રૂપિયા કમાયા. પહેલા દિવસે ફિલ્મે 12.25 કરોડનો બિઝનેસ કર્યો હતો. આ રીતે બે દિવસનું કુલ નેટ કલેક્શન 35 કરોડ રૂપિયા થઈ ગયું છે.

જોકે, અક્ષયની ફિલ્મ માટે 'ધુરંધર 2'ની હાજરી એક મોટી અડચણ સાબિત થઈ રહી છે. એક મહિનો જૂની હોવા છતાં રણવીરની ફિલ્મ દર્શકોને પોતાની તરફ આકર્ષી રહી છે.હોરર-કોમેડી 'ભૂત બંગલા' હાલમાં દેશભરમાં 11,513 શો સાથે ચાલી રહી છે. જ્યારે, 31 દિવસ જૂની હોવા છતાં 'ધુરંધર 2' પાસે હજુ પણ 3,913 શો ઉપલબ્ધ છે. આદિત્ય ધરના ડિરેક્શનમાં બનેલી આ ફિલ્મે જે રીતે વાપસી કરી છે, તેણે અક્ષય કુમારની ફિલ્મ માટે રસ્તો મુશ્કેલ બનાવી દીધો છે. 'ધુરંધર 2'ના કારણે 'ભૂત બંગલા'ની સ્ક્રીન્સ અને દર્શકોની સંખ્યામાં વિભાજન થઈ ગયું છે. 19 માર્ચ 2026ના રોજ રિલીઝ થયેલી રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર: ધ રિવેન્જ' 1750 કરોડથી વધારેની કમાણી કરી ચૂકી છે.

'ધુરંધર-2' વિશ્વભરમાં ત્રીજી સૌથી વધુ કમાણી કરનારી ભારતીય ફિલ્મ બની ગઈ. તેણે 1,742.10 કરોડ રૂપિયા કમાનારી અલ્લુ અર્જુનની ફિલ્મ 'પુષ્પા-2'ને પાછળ છોડી દીધી. હવે તે માત્ર દંગલ (2070 કરોડ) અને બાહુબલી 2 (1,788.06 કરોડ) થી પાછળ છે.

### શું બકવાસ કરો છો'; મુંબઈની રેસ્ટોરન્ટ બહાર વિવાદ

# પાપારાઝીએ 'મમ્મા' કહીને બોલાવતા શ્રુતિ હાસન ભડકી:એક્ટ્રેસે કહ્યું- 'તમારી મમ્મા છે?

એક્ટ્રેસ અને સિંગર શ્રુતિ હાસન તાજેતરમાં મુંબઈમાં પાપારાઝી પર ખરાબ રીતે ભડકી ગઈ હતી. આ ઘટના એક રેસ્ટોરન્ટની બહાર બની હતી, જ્યાં શ્રુતિ ડિનર માટે પહોંચી હતી. જેમાં તે સાઉથ સ્ટાર્સ પ્રભાસ અને પૃથ્વીરાજ સુકુમારન સાથે ફરીથી સ્ક્રીન શેર કરશે.શ્રુતિ હાસન 'સીતા રામમ' સ્ટાર દુલકર સલમાન સાથે 'આકાશમલો ઓકા તારા' ફિલ્મમાં જોવા મળશે.શ્રુતિ OTT પર પણ ડેબ્યૂ કરી ચૂકી છે અને ટૂંક સમયમાં અનન્યા પાંડેની વેબ સિરીઝ 'કોલ મી બે'ની બીજી સીઝનમાં એક મહત્ત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે. એક વ્યક્તિએ તેને 'મમ્મા' કહીને બોલાવી, આ સાંભળતા જ શ્રુતિનો પારો ચડી ગયો અને તેણે તરત જ ત્યાં પોતાનો ગુસ્સો ઠાલવી દીધો.ઘટનાના વીડિયોમાં શ્રુતિ હાસન જ્યારે રેસ્ટોરન્ટમાંથી બહાર નીકળીને પોતાની કાર તરફ આગળ વધી રહી હતી, ત્યારે ત્યાં હાજર ફોટોગ્રાફર્સે તેને કવર કરવાનું શરૂ કરી દીધું. આ દરમિયાન ભીડમાંથી કોઈએ તેને 'મમ્મા' કહ્યું. શ્રુતિ આ વાત પર ગુસ્સે થઈ ગઈ. વીડિયોમાં શ્રુતિ ખૂબ ગુસ્સામાં જોવા મળી રહી છે. તેણે તરત જ પાપારાઝી તરફ ફરીને પૂછ્યું, 'કોણ છે મમ્મા? તમારી મમ્મા છે? શું બકવાસ રહ્યા છો તમે?' આ પછી એક્ટ્રેસે પોતાની કાર ચેક કરી અને પોઝ આપ્યા વિના તરત જ ત્યાંથી નીકળી ગઈ.વર્કફ્રન્ટની વાત કરીએ તો, શ્રુતિ હાસન આવનારા સમયમાં ઘણા મોટા પ્રોજેક્ટ્સનો ભાગ છે. તે ફિલ્મ 'આકાશમલો ઓકા તારા' (Aakasamlo Oka Tara)માં દુલકર સલમાન સાથે જોવા મળશે. આ ઉપરાંત, 'સલાર પાર્ટ 2'ની સૌથી વધુ ચર્ચા છે, જેમાં તે સાઉથ સ્ટાર્સ પ્રભાસ અને પૃથ્વીરાજ સુકુમારન સાથે ફરીથી સ્ક્રીન શેર કરશે.શ્રુતિ હાસન 'સીતા રામમ' સ્ટાર દુલકર સલમાન સાથે 'આકાશમલો ઓકા તારા' ફિલ્મમાં જોવા મળશે.શ્રુતિ OTT પર પણ ડેબ્યૂ કરી ચૂકી છે અને ટૂંક સમયમાં અનન્યા પાંડેની વેબ સિરીઝ 'કોલ મી બે'ની બીજી સીઝનમાં એક મહત્ત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે.

વીડિયોમાં શ્રુતિ ખૂબ ગુસ્સામાં જોવા મળી રહી છે. તેણે તરત જ પાપારાઝી તરફ ફરીને પૂછ્યું, 'કોણ છે મમ્મા? તમારી મમ્મા છે? શું બકવાસ રહ્યા છો તમે?' આ પછી એક્ટ્રેસે પોતાની કાર ચેક કરી અને પોઝ આપ્યા વિના તરત જ ત્યાંથી નીકળી ગઈ.વર્કફ્રન્ટની વાત કરીએ તો, શ્રુતિ હાસન આવનારા સમયમાં ઘણા મોટા પ્રોજેક્ટ્સનો ભાગ છે. તે ફિલ્મ 'આકાશમલો ઓકા તારા' (Aakasamlo Oka Tara)માં દુલકર સલમાન સાથે જોવા મળશે. આ ઉપરાંત, 'સલાર પાર્ટ 2'ની સૌથી વધુ ચર્ચા છે, જેમાં તે સાઉથ સ્ટાર્સ પ્રભાસ અને પૃથ્વીરાજ સુકુમારન સાથે ફરીથી સ્ક્રીન શેર કરશે. શ્રુતિ હાસન 'સીતા રામમ' સ્ટાર દુલકર સલમાન સાથે 'આકાશમલો ઓકા તારા' ફિલ્મમાં જોવા મળશે.શ્રુતિ OTT પર પણ ડેબ્યૂ કરી ચૂકી છે અને ટૂંક સમયમાં અનન્યા પાંડેની વેબ સિરીઝ 'કોલ મી બે'ની બીજી સીઝનમાં એક મહત્ત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે.

